ISSN-0971-8427

યોજના

# આયોજન અને વિકાસને સમર્પિત

વર્ષ : ૩૬ અંક :૦૨ મે - ૨૦૦૯ સળંગ અંક : ૭૦૧

Vol. XXXVI No. II

મુખ્ય તંત્રી શ્રીમતિ નીતા પ્રસાદ

ગુજરાતી આવૃત્તિના જોઈન્ટ ડાયરેક્ટર મનીષા વર્મા

ડેપ્યુટી ડાયરેક્ટર અમિતા મારુ

તંત્રી ભરત દેવમણિ

આયોજન અને વિકાસને વાચા આપતું આ માસિક ગુજરાતી, અંગ્રેજી, આસામી, તામિલ, તેલુગુ, બંગાળી, મલયાલમ, ઉર્દૂ, હિંદી, કન્નડ, પંજાબી અને ઉડિયા ભાષામાં પ્રકાશિત થાય છે.

યોજનામાં પ્રગટ થતા લેખોમાંના મંતવ્યો લેખકના પોતાના છે. તેના સાથે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.

યોજનાના લેખો સાભાર નોંધ સાથે પુનર્મુદ્રિત કરી શકાય છે.

| | | |
|---|---|---|
| છૂટક નકલ | રૂ. | ૧૦-૦૦ |
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૦૦-૦૦ |
| બે વર્ષ | રૂ. | ૧૮૦-૦૦ |
| ત્રણ વર્ષ | રૂ. | ૨૫૦-૦૦ |

લવાજમની રકમ **"S.B.I. A/c. No. 515-08-10, Yojana (Guj.)** ના નામે મની ઑડર/બેંક ડ્રાફટથી મોકલી શકાશે. લવાજમ મોકલવાનું સરનામું :

**યોજના કાર્યાલય**

અંબિકા કોમ્પલેક્ષ, યુ.કો. બૅંકની ઉપર,
પાલડી ચાર રસ્તા પાસે,
અમદાવાદ - ૩૮૦ ૦૦૭.
૦૭૯-૨૬૫૮૮૬૬૯ (કાર્યાલય)

## વિષય સૂચિ

| | | |
|---|---|---|
| બ્રોડકાસ્ટ ટેકનોલોજી ક્ષેત્રમાં પ્રગતિની ઝલક | પ્રો. એચ.રાઘવાચારી | ૨ |
| સમાચાર માધ્યમોના સંચાલનના પરિવર્તનો | ડો.એન.ભાસ્કર અને શ્રીમતી પી.એન.વાસંતી | ૬ |
| ભારતીય મનોરંજન ઉદ્યોગ : પડકારો અને તક | અમિતા સરકાર | ૧૦ |
| અખબારી સ્વતંત્રતા : મૂળભૂત અધિકારોના ભાગરૂપે | હાર્દિકકુમાર પટેલ | ૧૩ |
| સહભાગી વિકાસ અને સંચાર માધ્યમો | ડો.જયપાલ સિંહ | ૧૫ |
| રીયાલીટી શો | હર્ષદ રાવલ | ૧૯ |
| વર્તમાનપત્ર-વ્યવસ્થાપન અને પડકારો | રોનકબેન ઠક્કર | ૨૧ |
| સાહિત્ય અને પત્રકારત્વ | ડો.બહેચરભાઈ પટેલ | ૨૩ |
| ટી.વી./ કમ્પ્યુટર : વિસ્તરણ શિક્ષણનું આદર્શ સાધન | પ્રો. ધીરેન વંડ્રા | ૨૬ |
| પર્યાવરણ બચાવવા મિડીયા અને કાનૂનની ભૂમિકા | હેમંત પટેલ | ૩૦ |
| સાર્વજનિક ગ્રંથાલય : જ્ઞાનના પ્રચાર અને પ્રસારનું માધ્યમ | મૃગિની દવે | ૩૨ |
| મુંબઈ હુમલા પછી દેશમાં સુરક્ષાનું વાતાવરણ | - | ૩૫ |
| સંઘર્ષમાંથી પાર ઉતરતી કાશ્મીરી મહિલાઓ | નુસરત આરા | ૩૮ |
| મંદીનું મારણ અને બચત | ડો. દિલીપ પટેલ | ૪૦ |
| કૃષિક્ષેત્રમાં રોજગારી સર્જન | ડો. વંદના ત્રિવેદી | ૪૨ |
| પશુ સંવર્ધન અને પાણીની અછત | ડો.ભીમસિંહ હડીયોલ | ૪૪ |
| અર્થશાસ્ત્રનું મહત્ત્વ અને અન્ય વિષયો સાથે સંબંધ | પ્રા. જી.આઈ.મારૂ | ૪૭ |
| ભારત - અમેરિકા પરમાણુ કરાર : તથ્યપત્ર | - | ૫૦ |
| આપણો સહવાસી દુશ્મન : રેડોન વાયુ | ડો. સી. જી. જોષી | ૫૨ |

## ટાઈટલ

| | | |
|---|---|---|
| ● આવરણ ડિઝાઈન | સુધના સક્સેના | ૧ |
| ● યોજના જાહેરાત | - | ૨ |
| ● યોજના જાહેરાત | - | ૩ |
| ● પ્રકાશન વિભાગના ગુજરાતી પુસ્તકો | - | ૪ |

**Website Address** : **www.yojana.gov.in**
**E-mail Address** : **yojanagujarati@gmail.com**

# બ્રોડકાસ્ટ ટેકનોલોજી ક્ષેત્રમાં પ્રગતિની ઝલક

✍ પ્રો. એચ.રાઘવાચારી

*ડિજીટલ ટ્રાન્સમિશન અને રીસેપ્શનની બ્રોડકાસ્ટ ટેકનોલોજીના ઉપયોગ વડે ઈન્ટરનેટમાં પડેલી લાખો વેબ સાઈટ અને તેમાં સંગ્રહિત ઓડિયો તથા વિડિયો સામગ્રીનો સાક્ષાત્કાર કરાવતી હજારો કે લાખો ચેનલો શરૂ થઈ શકે તેવી ગુંજાયશ ઉભી થઈ છે. સ્માર્ટ સેટ ટોપ બોક્ષ તમારા ઘરમાં રાખીને નેટ કનેકશન દ્વારા "ઓન ડિમાન્ડ" શ્રેણીમાં ઈચ્છા પ્રમાણેનું મનોરંજન, માહિતી અને શિક્ષણનો ખજાનો ખોલી શકો તે દિવસો હવે દૂર નથી. તમારી ઈચ્છા પ્રમાણેની ફિલ્મ ઓર્ડર આપીને, ફી ચૂકવીને જોઈ શકો તેવી વ્યવસ્થા તો શરૂ થઈ પણ ગઈ છે. ટેલનોલોજીનું સર્વસ્વીકૃત સ્વરૂપ તથા ઉપકરણોનું એક સ્ટાન્ડર્ડ માળખું ગોઠવાય તેની માત્ર રાહ જોવાઈ છે.*

૨૦ વર્ષ પહેલાં કહેવાતું કે બ્રોડકાસ્ટિંગ એટલે રેડિયો પ્રસારણ. પરંતુ ટેકનોલોજીનું સ્વરૂપ એટલી ઝડપે બદલાતું રહ્યું છે કે હવે આખું વિશ્વ શબ્દશઃ એક ગામડું બની ગયું છે. ઉપગ્રહ સેવા ઉપલબ્ધ બનતાં પ્રસારણ એક અલાયદા ઉદ્યોગ તરીકે બહાર આવ્યો છે અને દૂરદર્શનની મોનોપોલી તોડી કોમર્શિયલ ચેનલો ખાનગી ક્ષેત્રમાં આગળ આવી છે. જેનું ટર્નઓવર ૧૯૦૦ અબજ રૂપિયાનું છે.

હાલ ૩૫૦ ટીવી. ચેનલો કાર્યરત્ત બની ચૂકી છે. વધુ ૧૫૦ ચેનલો મંજૂરીની રાહ જોઈ રહી છે. ચેનલમાં પણ વૈવિધ્ય આવ્યું છે. જે દર્શકને ડી.ટી.એચ કેબલ તથા ઈન્ટરનેટના માધ્યમથી ઉપલબ્ધ બનેલ છે. ઈન્ટરનેટ પ્રોટોકોલ ટી.વી. (આઈ.પી.ટી.વી.) નું આગમન થવાને માત્ર ઘડીઓ ગણાઈ રહી છે, જ્યારે ટેલીકોમ રેગ્યુલેટરી ઓથોરીટી ઓફ ઈન્ડિયા (ટ્રાઈ) દ્વારા મોબાઈલ ટી.વી. શરૂ કરવાની મંજૂરી ટેલિકોમ સર્વિસ પ્રોવાઈડરોને આપવામાં આવી છે. ચેનલોનું આકાશ ભરપુર બની ચુક્યું છે.તેમાં કમ્પ્યુટર નો ઉપયોગ કરતી ટેલિવિઝન ટેકનોલોજી યુવાવર્ગમાં ખાસ્સી લોકપ્રિય છે. અને ભારતની ૭૦% વસતિ આજે ૩૫ વર્ષથી ઓછી વય ધરાવે છે. સેટેલાઈટ ટી.વી. બ્રોડકાસ્ટીંગ ટેકનોલોજીએ સમગ્ર ક્ષેત્રની કાયાપલટ કરી નાંખી હોવા છતાં કાર્યક્રમોનું વિતરણ કરવાની નીતિને કારણે વૈકલ્પિક ટેકનોલોજીનો આપણે ત્યાં ખાસ વિકાસ થઈ શક્યો નથી. કાર્યક્રમોનું વિતરણ એટલે દર્શકના ઘર સુધી ટી.વી. સિગ્નલ પહોંચાડવાની વ્યવસ્થા.

સેટેલાઈટ અને કેબલ ઓપરેટરોની જુગલબંધી સૌથી સફળ અને લોકપ્રિય વ્યવસ્થા રહી છે. ગ્રાહકના ઘેર વાયર પહોંચાડવા માટે કેબલ ઓપરેટરો ઝાડ, ટેલિફોન તથા વીજળીના થાંભલા વગેરે ઉપર કૂદાકૂદ કરી આડેધડ વાયરના ગુંચળા બિછાવે છે. ટી.વી. ચેનલો દ્વારા સ્થાપિત અર્થ સ્ટેશનો મારફતેપ્રોગ્રામના સિગ્નલો જીઓ સ્ટેશનરી કોમ્યુનિકેશન સેટેલાઈટને પાઠવવામાં આવે છે. જે પ્રક્રિયા "અપલિંકીંગ" તરીકે ઓળખાય છે. ઉપગ્રહમાં બેસાડેલા ટ્રાન્સપોન્ડર આ સિગ્નલો ઝીલી લઈ તેને ફરીથી પૃથ્વીની સપાટી ઉપર વેરવિખેર થઈ વિશાળ ત્રિજ્યામાં પહોંચે તેમ પાછા ફેંકેછે, જેથી કેબલ ઓપરેટર તેને ઝીલી શકે, પોતાના ગ્રાહકોના ઘર તરફ તેનું વહન ગોઠવી શકે. પૃથ્વીની ત્રીજા ભાગની સપાટી ઉપર ફેલાય તેવી રીતે ઉપગ્રહે છોડેલા પ્રસારણ સંકેતો ભૌગોલિક દૃષ્ટિએ જેટલા પ્રદેશમાં ઉપલબ્ધ થાય તેને પ્રસારણની 'ફૂટપ્રિન્ટ' કહે છે. જ્યારે કેબલ ઓપરેટર દ્વારા તેને

(લેખક ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ માસ કોમ્યુનિકેશન ના પ્રોફેસર છે.)



ઝીલવાની પ્રક્રિયા "ડાઉન લિંકીંગ" કહેવાય છે.

લોકલ કેબલ ઓપરેટર (એલસીઓ) દ્વારા ડીશ એન્ટેના મારફતે ઝીલેલા સંકેતો ને ઈન્ટીગ્રેટેડ રિસીવર ડિકોડર યંત્ર મારફતે ઉકેલીને પોતાના ગ્રાહકોના ઘર તરફ કેબલ દ્વારા મોકલવામાં આવે છે. ટીવી ચેનલ પ્રોડ્યુસરો ડાઉનલિંકીંગના તબક્કે સંકેતોને ખોલવાના સમયે પોતાનું નિયંત્રણ રાખે છે. ચૂકવણી સામે ઓપરેટરને અપાયેલ પાસવર્ડનો સેટટોપ બોક્સમાં ઉપયોગ કર્યા વગર ચેનલનું પ્રસારણ ઉપયોગમાં લઈ શકાતું નથી. જેને ટેકનોલોજીની કમાલ ગણવી રહી.

ભારતમાં કેબલ કનેક્શન ધરાવતા મકાનોનો આંકડો ૮૦૦ લાખ ઉપર પહોંચતા ટીવી સિગ્નલોનું ગ્રાહકોને વિતરણ મારફતે વેચાણ કરવાનો ધંદો એટલો મલાઈદાર બની ગયો છે કે મલ્ટી સિસ્ટમ ઓપરેટર (એમએસઓ) જેવા જથ્થાબંધ વહેવારીનો જન્મ થયો છે. જે જંગી મૂડીરોકાણ દ્વારા ડાઉનલિન્કીંગનો મોંઘોદાડ ડિજીટલ સામાન વસાવીને ટચૂકડા કેબલ ઓપરેટરોનો સિગ્નલનું વેચાણ કરે છે. એમ.એસ.ઓ નું રોકાણ મોટું હોવાથી સંખ્યાબંધ ચેનલો સાથે સોદો કરી શકે છે, સામે નાના કેબલ ઓપરેટરોને ઝંઝટ ઘટે છે. ગ્રાહક પાસેથી મળતું માસિક ભાડુ બંને ઓપરેટર ભાઈઓ નિશ્ચિત પ્રમાણમાં વહેંચી લે છે.

બ્રોડકાસ્ટ ઈજનેરોએ વિકસાવેલી ડિજીટલ ટેકનોલોજીનો અંગિકાર કરવો. ખૂબ મોટી સંખ્યા અને વિજ્ઞાપનોમાંથી મળતી જંગી આવક જેવાં વેપારી પરિબળો સાનુકુળ હોવાથી ચેનલની સ્થાપના પાછળ ખૂબ મોટો ખર્ચ થતો હોવા છતાં આ ક્ષેત્રમાં મૂડી રોકાણ એક ઉદ્યોગની સ્થાપના માફક જ થઈ રહ્યું છે. દ્રશ્ય તથા ધ્વનિમાંસચોટ સંપૂર્ણ ગુણવત્તા લાવતા ડિજીટલ કેમેરા, એડિટીંગ મશીન, વર્ચ્યુઅલ સેટ તથા એનિમેશન સોફ્ટવેરને કારણે કાર્યક્રમોનું સમળગું સ્વરૂપ જ બદલાઈ ગયું છે, કારણ કે ચિત્ર તથા ધ્વનિને 'વેવ' સ્વરૂપે સંગ્રહ કરતી એનાલોગ ટેકનોલોજીને સ્થાને ઝડપભેર ડિજીટલ ટેકનોલોજીનો ઉપયોગ વધતો જાય છે. સેટેલાઈટ ટ્રાન્સમિશનમાં પણ એનાલોગ કરતા ડિજીટલ સંકેતો ઓછી જગ્યા રોકે છે. ડિજીટલ ટેકનોલોજીમાં હાલ 'મોશન પિકચર્સ એક્સપર્ટ ગ્રુપ-૨' (એમપીઈજી) ફોર્મેટ ખુબ લોકપ્રિય છે. દા.ત. બગીચામાં ટહેલતા માણસનું વિડિયો શૂટીંગ ઉપગ્રહને સંકેતો મારફત મોકલવું હોય તો શરૂઆતના દ્રશ્યો અર્થસ્ટેશનમાંથી પુરેપુરા જશે. ત્યારબાદ બગીચો સ્થિર હોવાથી ફેરપાર માત્ર માણસના હલનચલનમાંથી નોંધાતો હોવાથી આગળના ફુટેજમાં બગીચો બાદ થશે અને માત્ર માણસના હલનચલનમાં થયેલ ફેરફાર જેટલીજ વિડિયો ફ્રેમના સંકોતો ઉપગ્રહને મોકલાશે, પછી ટ્રાન્સપોન્ડરમાં બાકીનું કામ પુરૂ કરી સંકોતો પૃથ્વી ઉપર ડાઉનલિંગ કરાશે. આ ડિજીટલ ટેકનોલોજીની કમાલને કારણે બેન્ડવિથની ખુબ બચત થાય છે.

ડિજીટલ સંકેતોનું સંકોચન કરતી કોમ્પ્રેશન ટેકનોલોજી ટ્રાન્સપોન્ડર ઉપર ઓછી જગ્યા રોકતી હોવાથી ઉપગ્રહની ક્ષમતાનો કાર્યક્ષમ ઉપયોગ થઈ શકે છે. થિયેટરમાં મોટા પરદા ઉપર ફિલ્મ જોતા હોય તેવો સમાન અનુભવ હવે હાઈ ડેફિનેશન ટી.વી (એચ.ડી.ટી.વી.) ના માધ્યમથી સંભવ બન્યો છે અને બજારમાં એચ.ડી.ટી.વી. સેટ મળતા પણ થયા છે. છતાં એચ.ડી.ટી.વી.ના સંકેતનું કોમ્પ્રેશન કરવા માટે ઉપગ્રહ સાથે કામ પાડવા સાધારણ ટી.વી. સંકેતો કરતા ૧૦ ગણી વધુ બેન્ડવિથ જોઈએ, જે હાલ ભારત માટે મર્યાદા બની શકે છે.

કેબલ નેટવર્કનો ધંધો બરાબર જામ્યો હતો તેમાં ડી.ટી.એચ.નું આગમન થતા પંચર પડ્યું છે. ડાયરેક્ટ ટુ હોમ (ડી.ટી.એચ) પણ સેટેલાઈટ ટેલિવિઝન છે, પરંતુ ઉપગ્રહના કે.યુ.બેન્ડ

ટ્રાન્સપોન્ડર તેની ગુણવત્તા કેબલ કનેકશન કરતા ઘણી ચડિયાતી છે. ડી.ટી.એચ. ગ્રાહક પોતે જ નાની ડિશ એન્ટેના બેસાડી સેટટોપ બોક્સ મારફતે પ્રસારણ સંકેતો ઝીલતો હોવાથી આ વ્યવસ્થામાં કેબલ ઓપરેટરની આપોઆપ બાદબાકી થઈ જાય છે. ડી.ટી.એચ.ના પ્રમુખ ફાયદાઓમાં સ્પષ્ટ થતા મધુર ધ્વનિ, ચોખ્ખું દ્રશ્ય, વિડિયો ઓન ડિમાન્ડ, ઈન્ટરએક્ટિવ સેવા તથા ચેનલોનું ઈલેક્ટ્રોનિક નેવિગેશન વગેરે ગણાવી શકાય. આવી કોઈ સવલત કેબલ નેટવર્ક આપી શકતું નથી. ભવિષ્યનું પ્રસારણ ઉપગ્રહથી ગ્રાહકના ઘેર સીધા જ ટીવી સિગ્નલ પહોંચાડે તેવા પ્લેટફોર્મ ઉપર ગોઠવાઈ રહ્યું હોવાથી બ્રોડકાસ્ટ કેકનોલોજીમાં થઈ રહેલા પરિવર્તનનો સ્વીકાર કર્યા વગર છુટકો નથી.

ચેનલો પીરસવાનો ધંધો કરતા કેબલ ઓપરેટરો વ્યવસાયમાં ડીટીએચ ઓપરેટરને મુકાબલે જુના હોવાથી તેઓ સહેલાઈથી હાર સ્વીકારે તેવા નથી. ડીટીએચના જવાબમાં તેમણે ડીજીટલ ટેરીસ્ટ્રીયલ ટેકનોલોજી (ડીટીટી) ને મેદાનમાં ઉતારી છે, જેમાં કેબલ નેટવર્ક ઉપર ચમકદાર ટીવી પ્રસારણ ગ્રાહકને આપવું સંભવ છે. પરંતુ ઘેર ઘેર સેટટોપ બોક્સ વસાવવું પડે. કન્ડીશનલ એક્સેસ સિસ્ટમ (કેસ) વગર છુટક ગ્રાહકોને સેટટોપ બોક્સમાં રોકાણ કરવા ઉપરાંત પ્રતિ માસ ફી ચુકવવાની વાત ગળે ઉતરતી નથી, તો કેબલ ઓપરેટરે પણ કેબલ - હેડ ઉપર મુકવાનું થતું વધારાનું ઉપકરણ ખરીદવું પડે છે. આ વિકલ્પ ધંદાકીય દષ્ટિએ આગળ વધી શકે તેમ નથી તે બાબત સાબીત થઈ જતા હવે 'ટ્રાઈ' પાસે એક નવી ટેકનોલોજીનો ઉપયોગ કરવાનો પ્રસ્તાવ આવ્યો છે જેમાં કેબલ ઓફરેટરોને ડીટીએચ પ્રસારણ જથ્થાબંધ ભાવે અને ધોરણથી આપવાની વાત છે. "હેડ એન્ડ ઈન ધ સ્કાય" (હીટ્સ) તરીકે ઓળખાતી ટેકનોલોજીકલ વ્યવસ્થા હેઠળ પ્રત્યેક કેબલ ઓપરેટરના કેબલ હેડ એન્ડ ઉપર ડીટીએચ સીસીવર ડીશ મુકી ત્યાંથી સેટટોપ બોક્ષ મારફતે ગ્રાહકોને ઘેર પ્રસારણ પહોંચાડવાની વાત છે.

ડિજીટલ ટ્રાન્સમિશન અને રીસેપ્શનની બ્રોડકાસ્ટ ટેકનોલોજીના ઉપયોગ વડે ઈન્ટરનેટમાં પડેલી લાખો વેબ સાઈટ અને તેમાં સંગ્રહિત ઓડિયો તથા વિડિયો સામગ્રીનો સાક્ષાત્કાર કરાવતી હજારો કે લાખો ચેનલો શરૂ થઈ શકે તેવી ગુંજાયશ ઉભી થઈ છે. સ્માર્ટ સેટ ટોપ બોક્ષ તમારા ઘરમાં રાખીને નેટ કનેકશન દ્વારા "ઓન ડિમાન્ડ" શ્રેણીમાં ઈચ્છા પ્રમાણેનું મનોરંજન, માહિતી અને શિક્ષણનો ખજાનો ખોલી શકો તે દિવસો હવે દૂર નથી. તમારી ઈચ્છા પ્રમાણેની ફિલ્મ ઓર્ડર આપીને, ફી ચૂકવીને જોઈ શકો તેવી વ્યવસ્થા તો શરૂ થઈ પણ ગઈ છે. ટેલનોલોજીનું સર્વસ્વીકૃત સ્વરૂપ તથા ઉપકરણોનું એક સ્ટાન્ડર્ડ માળખું ગોઠવાય તેની માત્ર રાહ જોવાઈ રહી છે.

યુવા પેઢીમાં ઓડિયો વિડિયો સામગ્રીનું આકર્ષણ ઈન્ટરનેટના આગમન સાથે ઉત્પન્ન થયું છે તેણે વિરાટ ધંધાની શક્યતા ઉભી કરી આપી છે. પરિણામે વિડિયો કાર્યક્રમોના નિર્માતાઓ ધીરેધીરે આ પ્લેટફોર્મ તરફ આગળ વધી રહ્યાં છે. ઈન્ટરનેટ ટી.વી. તરીકે ઓળખાતા આ પ્રકારમાં 'ડિલીવરી' ઉપર કાર્યક્રમ માલિકનો કેબલ કે ડીટીએચ જેવો કોઈ અંકુશ રહેતો નથી. ગમે તે વ્યક્તિ દુનિયાનાગમે તે સ્થળેથી વર્લ્ડ વાઈડ વેબના સમુંદરમાં નેટ કનેકશન મારફતે સાવ મફતમાં ડૂબકી લગાવી શકે છે જે આ માધ્યમની સૌથી મોટી મર્યાદા છે.

ટેલિવિઝન પ્રસારણની દુનિયામાં છેલ્લો આગંતુક બન્યો છે, ઈન્ટરનેટ પ્રોટોકોલ ટેલિવિઝન (આઈ.પી. ટીવી). આ માધ્યમ ડિજીટલ ટેકનોલોજી સાથે નેટવર્કનો ઉપયોગ કરે છે, તેમાં આપણે અગાઉ ચર્ચેલા તમામ માધ્યમોની મર્યાદા ઢંકાઈ જાય છે. ઈન્ટરનેટ પ્રોટોકોલનો ઉપયોગ કરીને ઈન્ટરનેટ જોડાણ મારફતે ઘણી બધી ટેલિકોમ્યુનિકેશન કંપનીઓ ડીજીટલ ટેલિવિઝન સેવા પ્રદાન કરવા માંડી છે. આ પ્રથામાં તમારા ઘરમાં નેટનું જોડાણ જે કંપનીનું હોય તેના હાથમાં તમને આઈ.પી. ટી.વી. જોવા દેવાની કે નહીં જોવા દેવાની ટેકનોલોજીકલ ચોટલી રહે છે. મતલબ કે બ્રોડબેન્ડ કનેકશન પ્રોવાઈડર કંપની અને આઈ.પી.ટી.વી. કાર્યક્રમ નિર્માતા સાથે મળીને ગ્રાહકોને મનોરંજન કે માહિતી વેચવાનો ધંધો કરી શકે છે. આઈપીટીવીનું માધ્યમ સંકેત કોમપ્રેશન માટે 'એમ.પી.ઈ.જી.-૪' પ્લેટફોર્મનો ઉપયોગ કરતું હોવાથી દ્રશ્ય તથા ધ્વનિની ગુણવત્તા એચ.ડી.ટી.વી. તથા ધ્વની તથા વિડિયો ઓન ડિમાન્ડની ટક્કર મારે તેટલી સુંદર અને સ્વચ્છ હોય છે. આ સેવા હેઠળ ગ્રાહકનો નેટ સર્ફીંગ ટીવી પ્રસારણ તથા વિડિયો ઓન ડિમાન્ડ જેવા ત્રણ ફાયદા ઉપલબ્ધ થાય છે. અને જો આ પ્રસારણ ૩-જી મોબાઈલ ફોન સક્ષમ બનાવાય તો ટીવી સેટ, કમ્પ્યુટર સ્ક્રીનની અનિવાર્યતા સમાપ્ત થઈ સઘળી માયાજાળ તમારા મોબાઈલ ફોનના સ્ક્રીન ઉપર હાજર થઈ જાય છે.

ટેકનોલોજીના અનોખા પ્લેટફોર્મની ઉપલબ્ધિ બ્રોડકાસ્ટ ઈજનેરી વિદ્યામાં થઈ તેની ચર્ચા કર્યા બાદ તેનો અમલ કેટલી વિરાટ ગુંજાયશ ધરાવે છે તે જુઓ. આજે ભારતમાં ૧૯૦૦ લાખ મોબાઈલ ફોન

ગ્રાહકો છે, જેમાંથી ૬૦% હેન્ડસેટ માં એફ.એમ. રેડિયો સાંભળવાની સુવિધા છે. રેડિયો પ્રસાણ માટે આ નવો શ્રોતા વર્ગ ઉભો થયેલો ગણાય નહીં ? ટેકનોલોજીનું વરદાન રેડિયોને ખરેખર ફળ્યું છે. તેને જીવનદાન મળ્યું છે. હવે કેટલાક સર્વિસ પ્રોવાઈડર વિઝ્યુઅલ રેડિયો શરૂ કરવાની તૈયારી કરી રહ્યાં છે. વિઝ્યુઅલ રેડિયો એટલે મોબાઈલ સ્ક્રીન ઉપર ચિત્રો, ગીતકાર તથા ગાયકના નામ તથા ફોટોગ્રાફ તથા રેડિયો જોકીનો ચહેરો સુદ્ધા દેખાય તેવી વ્યવસ્થા. ખાનગી ક્ષેત્રમાં શરૂ થયેલા એફ.એમ. રેડિયો સ્ટેશનોમાં આધુનિકતમ બ્રોડકાસ્ટ મશીનરી લાગી રહી છે.

ભારત સરકારે એફ.એમ. શ્રેણીનું રેડિયો પ્રસારણ ખાનગી ક્ષેત્રને પરવાના હેઠળ સોંપવાનું નક્કી કર્યું ત્યારે કોઈને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો કે રેડિયોનો જુવાળ પાછો ફરશે, લોકપ્રિયતાના રંગીન દિવસો પાછા આવશે અને દેશમાં રેડિયો પ્રસારણ તથા શ્રવણમાં નવી તરાહ, નવો જુસ્સો પેદા થશે. ખાનગીક્ષેત્ર દ્વારા આધુનિક બ્રોડકાસ્ટ ટેકનોલોજીનો ઉપયોગ શરૂ થતા આકાશવાણીને પણ 'સુધરવું ' પડ્યું છે. બ્રોડકાસ્ટીંગ હાઉસની ભૂગોળ બદલાઈ ગઈ છે. સ્ટુડીયો, એડીટીંગ, ઓટોમેશન તથા આધુનિક સોફ્ટવેર વડે આકાશવાણી પ્રસરણ સેવાની કાયાપલટ થઈ ચૂકી છેતો ફાયબર ઓપ્ટિક કેબલના નેટવર્કના આશરે સમાચાર સેવાની કામગીરી પણ 'પેપરલેસ' બની છે. ન્યૂઝ બુલેટીન તૈયાર કરવાની સમગ્ર પ્રક્રિયા ડિજીટલ ટેકનોલોજી આધારિત બની ચૂકી છે અને દેશવિદેશમાં પથરાયેલા સંવાદદાતાઓના અહેવાલ હવે તેમના અવાજ સાથે બુલેટીનમાં મુકવામાં આવે છે. બ્રોડકાસ્ટ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આકાશવાણી જરાપણ પાછળ રહ્યું નથી.

હાલ ભારતમાં ડિજીટલ રેડિયો પ્રસારણ વર્લ્ડ સ્પેસ રેડિયો તથા આકાશવાણી તરફથી ઉપલબ્ધ છે. અમેરિકા તથા યુરેપમાં વિવિધભારતીની પ્રસારણ સેવા તથા હિંદી કાર્યક્રમો ડીડીટલ રેડિયો ટ્રાન્સમિશન વડે હવે ઉપલબ્ધ બન્યાં છે. પ્રસારણ સંકેતો ઝીલીને તને સુમધુર તથા સ્પષ્ટ વગાડવાની ક્ષમતા ડીજીટલ રેડિયો ટ્રાન્સમિશનમાં અદ્‌ભુત કક્ષાની હોવા છતાં તેના રીસીવર સેટની સરેરાશ કિંમત રૂા. ૩૦૦૦/- હોવાથી ગ્રાહકોનો બહુ મોટો વર્ગ તેનાથી દૂર ભાગે છે. પૈસા ચૂકવીરેડિયો સાંભળવાની વાત ભારતીય ગ્રાહકને હજુ ગળે ઉતરતી નથી, કારણ કે રેડિયો સેટ ખરીદ્યા પછી રૂા. ૧૨૦૦/ - જેટલી વાર્ષિક ફી પણ પ્રસારણ સંકેતો પ્રાપ્ત કરવા ચુકવવી પડે છે. સેટેલાઈટ રેડિયો માટેનું પ્રસારણ ઉપગ્રહમાંથી 'એલ' બેન્ડ ઉપર થાય છે અને તેને ઝીલવા માટે એન્ટેના પણ જોઈએ. એન્ટેનાને ઉપગ્રહના એંગલ પ્રમાણે સતત ગોઠવેલું રાખવું જરૂરી હોવાથી આવું પ્રસારણ મોબાઈલ ફોન ઉપર આપવું સંભવ નથી, છતાં યુરોપના કેટલાક દેશોમાં ઉપગ્રહમાંથી છુટતાં સંકેતો અર્થ સ્ટેશનમાં ઝીલી મોબાઈલ ટાવરો મારફતે તેનું રી-બ્રોડકાસ્ટીંગ કરવાનો પ્રયોગ શરૂ થયો છે જેથી મોબાઈલ ફોનમાં આવો રેડિયો સાંભળી શકાય. અમેરિકામાં માસિક ૧૦ ડોલર ચાર્જ લઈને 'એક્સએમ મોબાઈલ સેટેલાઈટ રેડિયો' સેવા ગ્રાહકોને આ પ્રયોગના ભાગરૂપે ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

ઈન્ટરનેટના માધ્યમથી પણ રેડિયો પ્રસારણ ઉપલબ્ધ બન્યું છે. વર્લ્ડ વાઈડ વેબ ઉપર અત્યારે ૧ લાખથી વધુ રેડિયો સ્ટેશનો યુવાપેઢીમાં ધૂમ મચાવી રહ્યાં છે. આપ્લેટફોર્મ વડે ઢગલાબંધ રેડિયો સ્ટેશનોનું પ્રસરણ દુનિયાના કોઈપણ છેડે શ્રોતા માણી શકે છે.

રેડિયો તથા ટેલિવિઝન પ્રસારણમાં એનાલોગ ટેલનોલોજીને દફનાવી ડિજીટલ ટેકનોલોજીનું પદાર્પણ થઈ ચૂક્યા બાદ હવે આ ક્ષેત્રનું ભવિષ્ય બે વૈજ્ઞાનિક, ટેકનોલોજીકલ ક્ષેત્ર વચ્ચે થનાર સંગમ આધારિત બની ચૂક્યું છે. ટેલિકોમ્યુનિકેશન અને બ્રોડકાસ્ટિંગ ક્ષેત્રમાં જન્મ ધારણ કરતી પ્રત્યેક વેજ્ઞાનિક શોધને ગ્રાહક સમક્ષ રજૂ કરવી હશે તો સંગમની કલા શીખ્યા વગર છૂટકો નથી. આજે સમાજ જ્યારે માહિતીના વિરાટ ઢગલા ઉપર વેબના માધ્યમથી સવાર થઈ ગયો છે. પણ મોટાભાગની માહિતી ઉપયોગીતાની દૃષ્ટિએ બિનઉપયોગી હોવાનું જણાયા વગર રહેતુ નથી. માટે ભવિષ્યની પ્રસારણ સેવા 'નેટવર્ક સોસાયટી' માટે અનિવાર્ય હશે, પણ ઉપયોગીતા પણ સાથો સાથ સાબીત કરતી હોવી જોઈએ. માહિતી અને મનોરંજનનો મહાસાગર આંગળીના ટેરવે ઉપલબ્ધ હશે, પરંતુ મફત કશું નહીં હોય. ભારતની મોટા ભાગની પ્રજાને બ્રોડકાસ્ટીંગ ક્ષેત્રમાં આવેલી ક્રાંતિનો લાભ આપવો હશે તો સરકાર અને સમાજે ટેકનોલોજીનું રોજીંદી જિંદગીમાં થઈ ચૂકેલું આક્રમણ પહેલા ધ્યાનમાં લેવું પડશે. પ્રસારણ સેવાની ક્રાંતિ ભારતના બારણે ટકોરા મારી રહી છે, ત્યારે સભ્ય સમાજે તેનો લાભ લેવાનું સ્વરૂપ નક્કી કર્યા વગર છુટકો નથી.

● ● ●

# સમાચાર માધ્યમોના સંચાલનના પરિવર્તનો

ડો.એન.ભાસ્કર અને શ્રીમતી પી.એન.વાસંતી

*આજે સમાચાર માધ્યમોમાં લોકસમુદાયને બદલે કોર્પોરેટ વિશ્વનો અવાજ વધુ સંભળાય છે. સમાચાર માધ્યમોની અગ્રિમતાઓ, સમાચાર મૂલ્યો, સમાચાર વ્યાખ્યા બધુંજ બદલાઈ ગયું છે. પરિણામે નવાં સમાચાર માધ્યમો પત્રકાર સંચાલિત નથી રહ્યાં. માધ્યમોમાં બદલાવ આવતાં એક ચોક્કસ પ્રકારનો દ્વિધાભાવ સર્જાયો છે. અને તેથી કરીને સમાચાર માધ્યમોની વિશ્વસનીયતા અને જવાબદેહિતા સામે પ ણ સવાલ સર્જાયો છે. સમાચાર માધ્યમો શું ખાનગી હિતો માટેની જાહેર સેવા છે ? સામાજિક ચિંતાઓ વિરુદ્ધ બજારકીય અગ્રિમતા, ભાગિદાર વિરુદ્ધ શેરધારક, ટૂંકાગાળાના લાભો વિરુદ્ધ લાંબાગાળાની અસરો વ ગેરે દ્વિધાત્મક સ્થિતિ સર્જાઈ છે. એટલું જ નહીં સમાચાર અને મંતવ્યો સમાચાર અને જાહેરખબર વગેરે વચ્ચેનો ભેદ પણ ભૂલાતો જાય છે.*

તાજેતરમાં ટીવી, રેડિયો અને અખબારોના દેશમાં વધેલા વ્યાપ સાથે એવી આકાંક્ષા પણ વધી હતી કે વર્ષ ૨૦૦૦ ની પહેલાની સ્થિતિના મુકાબલે માધ્યમોની પહોંચ અને સુસંગતતાનો પણ વિસ્તાર થશે. આશા સેવાઈ હતી કે સમાચારોને આવરી લેવાના વ્યાપનો પણ મેટ્રો શહેરોથી આગળ વિસ્તાર થશે. પરંતુ આ બંને મોરચે ભાગ્યે જ કોઈ ફેરફાર થયો છે. માધ્યમો વચ્ચે જ પ્રવર્તી રહેલી સ્પર્ધાને કારણે આમ બન્યું છે. તેના કારણે જ ગ્રામીણ વિસ્તારોને આવરી લેવાનું પ્રમાણ સાધારણ જ રહ્યું છે. માધ્યમોનો વિસ્તાર થયો અને તેમની વચ્ચેની સ્પર્ધાત્મકતા વધી છતાં પણ વાચકો કે પછી દર્શકો સમક્ષ રજૂ કરવામાં આવતા સમાચારોનું વિષયવસ્તુ બદલાયું નથી. માધ્યોમોનો વસતિમાં વ્યાપ નથી વધ્યો પરંતુ જે વર્ગ આ માધ્યમોનો ઉપયોગ કરે છે તેમણે જ વપરાશ વધારી દેતાં સરક્યુલેશન કે પછી વ્યુઅરશીપમાં વૃદ્ધિ થઈ છે. અર્થાત જે દર્શકો ટીવી જોતા હતા એમણે જ એક કરતાં વધુ ચેનલ્સ જોવાનું શરૂ કર્યું છે. એને જે વર્ગ અખબાર વાંચતો હતો તેણે એક કરતા વધુ અખબાર વાંચવાની શરૂઆત કરી છે. માધ્યમોના ચિત્રમાં આમ કોઈ ખાસ પરિવર્તન આવ્યું નથી. માધ્યમોનું ઘટનાનું નિરૂપણ બધે જ થાય છે પરંતુ આવું શા માટે બને છે તેનું નિરૂપણ ભાગ્યે જ થાય છે.

સમાચાર માધ્યમોની ભૂમિકા અને સુસંગતતાને તેમાં ક્યા વિષયે ચિંતા સેવવામાં આવે છે અને કયા વિષયવસ્તુનું નિરૂપણ થાય છે તેની સાથે સીધો સંબંધ છે. હજુ થોડા વર્ષ પહેલાં સુધી સમાચાર માધ્યમો 'ચોથી જાગીર' કે પછી 'વોચડોગ'નો દરજ્જો ધરાવતા હતા. સમાચાર માધ્યમો કેટલાક અધિકારો અને સામાજિક દરજ્જો પણ ધરાવતા હતા. માત્ર બજાર વિષયક ચિંતાઓથી પર રહીને ચિંતા સર્જે એવા વ્યાપક વિષયોને તેમાં આવરી લેવામાં આવે છે. પરંતુ આજે સમાચાર માધ્યમોમાં લોકસમુદાયને બદલે કોર્પોરેટ વિશ્વનો અવાજ વધુ સંભળાય છે. સમાચાર માધ્યમોની અગ્રિમતાઓ, સમાચાર મૂલ્યો, સમાચાર વ્યાખ્યા બધુંજ બદલાઈ ગયું છે. પરિણામે નવાં સમાચાર માધ્યમો પત્રકાર સંચાલિત નથી રહ્યાં. માધ્યમોમાં બદલાવ આવતાં એક ચોક્કસ પ્રકારનો દ્વિધાભાવ સર્જાયો છે. અને તેથી કરીને સમાચાર મ ાધ્યમોની વિશ્વસનીયતા અને જવાબદેહિતા સામે પ ણ સવાલ સર્જાયો છે. સમાચાર માધ્યમો શું ખાનગી હિતો માટેની જાહેર સેવા છે ? સામાજિક ચિંતાઓ વિરૂદ્ધ બજારકીય અગ્રિમતા, ભાગિદાર વિરુદ્ધ શેરધારક, ટૂંકાગાળાના લાભો વિરુદ્ધ લાંબાગાળાની અસરો વ ગેરે દ્વિધાત્મક સ્થિતિ સર્જાઈ છે. એટલું જ નહીં સમાચાર અને મંતવ્યો સમાચાર અને જાહેરખબર વગેરે વચ્ચેનો ભેદ પણ ભૂલાતો જાય છે.

સમાચાર માધ્યમોની અગ્રિમતાઓમાં આવેલાં બદલાવને આપણે કેટલી હદે સમજી શકીએ છીએ ?

(ડૉ. એન. ભાસ્કર તે ઈન્ડિપેન્ડન્ડ સેન્ટર ફોર મીડિયા સ્ટડી (સીએમએસ) ના સ્થાપક અને અધ્યક્ષ છે. જ્યારે શ્રીમતિ પી.એન. વાસંતી સંસ્થાના નિયામક છે.

માધ્યમોની અંદર કે પછી આ અંગેની નીતિ અને ભાવિ ઘડતા એકમોમાં પણ આ પ્રશ્નોની ચર્ચા થતી નથી. સમાચાર માધ્યમોમાં આવેલાં આ પરિવર્તન અને તેના પરિણામો સંબંધે સ્વતંત્ર અને હેતુલક્ષી સમીક્ષા નથી થતી. દેશના વડાપ્રધાનોનાં ઉચ્ચારણો અને ઉશ્કેરણી જનક વિશ્લેષણોને પણ સમાચાર માધ્યમો આવરી લેતા અટક્યા છે. પરંતુ જ્યારે બે વ્યક્તિગત માધ્યમોના હિતોનો પ્રશ્ન સર્જાય કે પછી બે મિડિયા હાઉસ વચ્ચે સ્પર્ધાત્મક દબાણો ઉભા થાય ત્યારે આવા પ્રશ્નો જાણે રાષ્ટ્રીય એજન્ડા હોય એમ તેના પર ધ્યાન આપવામાં આવે છે.

**વાચકો કે દર્શકોનું વર્ચસ્વ નહીં**

આજે જાહેરખબર અને બજાર સંશોધન માધ્યમોનું ભાવિ નક્કી કરે છે. પત્રકારિતાના વલણો (ટ્રેન્ડ) પણ આ જ નક્કી કરે છે. છેલ્લા કેટલાક વર્ષો દરમિયાન આ બંને ક્ષેત્રે ૧૦૦% એફડીઆઈની છુટછાટ અપાતાં આ બંને ક્ષેત્રો પર વિદેશમાંથી સંચાલિત એવા કોર્પોરેટ જગતનું નિયંત્રણ છે. માલિકીની પદ્ધતિ હોય કે પછી પત્રકારિતાનો ટ્રેન્ડ હોય જાહેરખબર બજાર સંશોધન અને મીડિયા આયોજન જ આ તરાહો નિર્ધારીત કરે છે. આ મુદ્દે કોઈએ અવાજ ન ઉઠાવતાં અને ગંભીર ચર્ચાઓ શરૂ ના થતાં સમાચાર માધ્યમોના વિષ્વસ્તુ નક્કી કરતા આ પાસાંનું મહત્ત્વ વધતું જ ચાલ્યું.

પ્રથમ તો માધ્યમની કુલ આવકમાં જાહેરખબરથી થતી આવક જે કેટલાક દાયકાઓ પહેલા ૨૫ % થી ૩૦ % હતી તે વધીને ૬૦% થી ૭૦% થઈ ગઈ છે. અર્થાત જાહેરખબરની આવક જે પૂરક મનાતી હતી તે હવે ટેકારૂપ આવક બની ગઈ છે. વાસ્તવમાં ટીવી ચેનલ્સના કિસ્સામાં જાહેરખબર જ આવકનું પ્રાથમિક સાધન (૭૦% થી ૮૫%) હોવાથી અગ્રિમતાઓ નક્કી કરવામાં તેનું ખૂબ મોટું પ્રમાણ રહે છે. કેટલાક મોટા અખબારોના કિસ્સામાં જાહેરખબરોથી થતી આવક કુલ આવકના ૭૦% હોય છે. અર્થાત ભારતમાં માધ્યમોમાં આવેલી તેજી જાહેરખબરનું પરિણામ છે અને જાહેરખબરો માધ્યમોનું નિયંત્રણ કરે છે.

બીજું આજકાલ ખાસ કરીને બહુરાષ્ટ્રીય કંપનીઓ અને કોર્પોરેટ જગત જ અખબારો અને ટીવી મારફતે જાહેરખબરો આપે છે. વાસ્તવમાં ટોચના પંદરેક જાહેરખબર ખાતા જ અખબારો કે ટીવી ચેનલ્સને જાહેરખબરથી થતી આવક પૈકીની ત્રણ ચતુર્થાંસ જેટલી આવક કરાવી આપે છે.

ત્રીજું જાહેરખબર એજન્સી વ્યવસ્થા છેલ્લા કેટલાંક વર્ષોથી ગણતરીના હાથોમાં સરકતો જાય છે. દેશબહારનું હોલ્ડિંગ ધરાવતી ટોચની પાંચ જાહેરખબર એજન્સીઓ દેશના અડધોઅડધ જાહેરખબર વ્યવસાય પર કબજો ધરાવે છે. અને તેની પકડ હજુ વધતી જાયછે. વિદેશી બ્રાન્ડસના પ્રવેશને સમાંતર રીતે વિદેશી જાહેરખબર એજન્સીઓનો પ્રવેશ પણ વધતો ચાલ્યો છે. વાસ્તવમાં જાહેરખબર એજન્સી ધંધામાં વિદેશી મૂડીનો પ્રવેશ પર લાગેલાં ઢાંકણા ખૂલતાં જ બંધના દરવાજા ખૂલ્યા જેવી સ્થિતિ સર્જાઈ છે. ભારતનું અડધોઅડધ જાહેરખબરક્ષેત્ર હાલમાં વિદેશ આધારિત એજન્સીઓના હાથમાં છે. આ કંપનીઓ પર વિદેશીઓ નિયંત્રણ ધરાવે છે.

**સત્તાની ધરી બદલાઈ**

ચોથું, બજાર સંશોધન તો બ્રાન્ડના વ્યાપ અને ફેલાવા માટે સામુહિક મીડિયાની અગ્રિમતાઓ નક્કી કરવા માટે જાહેરખબરની ક્ષિતીજો વિસ્તારવાની શક્યતાઓ ચકાસવા થતા હોય છે. હજુ થોડા વર્ષો પહેલાં સુધી ખાસ કરીને ભારતીયો દ્વારા સ્થાપિત અને સંચાલિત પાંચથી છ બજાર સંશોધન એજન્સીઓ જ કાર્યરત હતી પરંતુ આજે એક કે પછી બીજી વિદેશી કોર્પોરેટ કંપની ત્રણ ચતુર્થાંશ બજાર સંશોધન પ્રવૃત્તિ પર કબજો ધરાવે છે કે પછી પોતાનું હિત ધરાવે છે.હકીકતે તાજેતરમાં થયેલી વિલીનીકરણઅને હસ્તાંતરણની પ્રક્રિયાઓ વાર્ષિક રૂપિયા ૫૦૦ કરોડથી વધુ ટર્નઓવર ધરાવતા આ વ્યવસાયમાં ઈજારાશાહીને જન્મ આપે તે સ્વાભાવિક છે.

વિશેષપણે કહીએ તો આ માર્કેટ રીસર્ચ એજન્સીઓ જ રીડરશીપ સર્વે અને ટીવી વ્યૂઅરશીપ રેટિંગ શોધી કાઢવાની કામગીરી કરતી હોય છે.અને એ રીતે સીધી રીતે જાહેરખબર એજન્સીઓને પ્રભાવિત કરે છે. એટલું જ નહીં પરંતુ સમાચાર માધ્યમોની અગ્રિમતાઓ નક્કી કરવાની દિશામાં પણ અગત્યની ભૂમિકા ભજવે છે. મહત્ત્વનો મુદ્દો એ છે કે રીડરશીપ સર્વે અને ટીવી રેટિંગ નક્કી કરવા અપનાવવામાં આવતિ પદ્ધતિ (મેથડોલોજી) કાર્યક્રમોના પ્રાયોજકો કે પછી વાચનસામગ્રીના વાચક ગ્રાહકો તરફના પૂર્વગ્રહ કે પછી તરફેણથી મુક્ત નથી જ હોતા. હકીકતે ભારતમાં ૩૫ વર્ષ પહેલા વ્યૂઅરશીપ અને રીડરશીપ રેટિંગ અને સર્વેક્ષણ પ્રવૃત્તિઓમાં જોતરાયેલી એજન્સીઓ પણ આજે જે બની રહ્યું છેતે માટે જવાબદાર છે. આ એજન્સીઓને હાથ લાગતા તારણોને અખબારો અને ટીવી ચેનલ્સ પોતાના એજન્ડાના રૂપમાં હાઈજેક કરતા થયા છે. ભારતમાં કોઈ ટીવી કાર્યક્રમોની લોકપ્રિયતા નક્કી કરવા હાથ ધરાતા 'ટીઆરપી' કાર્યક્રમો પણ આપણે ધારીએ છીએ એના કરતા ભારતને

વધુ પ્રભાવિત કરે છે. આપણા સમાચાર માધ્યમોની અગ્રિમતાઓમાં થયેલી ભાંગફોડનું જ તે પરિણામ છે.

**નવા દ્વારપાળો**

વર્ષ ૨૦૦૦ થી પ્રચાર માધ્યમ જગતમાં બે મધ્યસ્થીઓના થઈ રહેલા ઉદયે પત્રકારિત્વ ના વલણો પર ગંભીર અસરો જન્માવી છે. 'મીડિયા આયોજન' અને 'જન સંપર્ક' નામનાઆ બે નવા મધ્યસ્થીઓએ સંપાદકીય નિયંત્રણનું મોટાપાયે ધોવાણ કર્યું. મીડિયા પ્લાનર્સ હાલના દિવસોમાં જાહેરખબરો માટે માધ્યમોમાં જથ્થાબંધ સ્થાન કે પછી સમય ખરીદી લઈને પોતાની શરતે તેનું રીટેઈલ વેચાણ કરતા થયા છે.

'કોર્પોરેટ' જનસંપર્ક ના કિસ્સામાં વાત કરીએ તો આ ક્ષેત્રે જોડાયેલા નિષ્ણાતો, પત્રકારો અને સંપાદકોના કાર્યક્ષેત્રમાં હસ્તક્ષેપ કરીને તેમના કદને ઘટાડી રહ્યા છે. આ જનસંપર્ક અધિકારીનું કાર્ય જ ખાસ પ્રકારના દૃષ્ટિકોણને ચલણમાં લાવવાનું છે. તાજેતરમાં જે 'ગેરમાર્ગે દોરતી માહિતી'નો વ્યાપ વધ્યો છે તે આ નવા વલણોનો હિસ્સો છે. ભારતમાં આ પીઆર (જનસંપર્ક) કોર્પોરેટનું મહત્તમ નિયંત્રણ વિદેશી એજન્સીઓ હસ્તક છે. (અને આ પૈકીની અગ્રણી છ થી સાત કંપની રાષ્ટ્રીય સ્તરે કાર્યરત છે.) હકીકત એ છે કે આ પૈકીની કેટલીક એક કે બીજી જાહેરખબર એજન્સીના હિસ્સા તરીકે ભારતમાં પ્રવેશી હતી કે જે એજન્સી મોટી રકમની વિદેશી ઈક્વિટી ધરાવતી હતી. આ પૈકીની મોટાભાગની કોર્પોરેટ પીઆર એજન્સી ખાસ કરીને વિદેશી કોર્પોરેટ જગત કે પછી તેના ભારતમાંના સહયોગના હિતોની રક્ષા કરતી હોય છે.

આ બધામાં વળી કોઈ ખાસ રાષ્ટ્રીય મિડિયા નીતિ કે પછી હેતુ વિનાની સરકારના હંગામી નિર્ણયો ઉપર મુજબના વલણોને વેગ આપે છે. હકીકતે આ પ્રકારના 'પ્રતિક્રિયાશીલ અભિગમ' અને હંગામી દૃષ્ટિકોણને કારણે પ્રશ્નો વધુ જટીલ બને છે. વધુમાં સુપ્રીમકોર્ટે ૧૯૯૫માં 'એરવેઝ' વિશે આપેલા સિમાચિહ્નરૂપ ચૂકાદાનું પાલન જ થતું નથી. વાસ્તવમાં આ ચૂકાદા પછી માહિતી અને પ્રસારણ મંત્રાલયના લગભગ તમામ પ્રધાનો આ ચૂકાદાની ભાવનાનો ભંગ કરીને અને રાષ્ટ્ર સામેના પડકારો તેમ જ મિડિયાના કાર્ય અંગેની ચિંતા સેવ્યા વિના જ નિર્ણયો લેતા આવ્યા છે. તેના કારણે થયેલી ભાંગફોડ અને સર્જાયેલા વિરોધાભાસને સમજીને સાચી દિશાના પગલાં લેવા જરૂરી છે.

**સ્પર્ધાત્મકતાએ વિકાસ વધાર્યો**

ગણતરીના વર્ષો દરમ્યાન રાજ્યોએ અખબારી અને સરક્યુલેશન અને વાચકોની સંખ્યામાં ફેલાવામાં વૃદ્ધિ જોઈ છે. એમ કહી શકાય કે એક સમયે જે પ્રકારની માન્યતા ઉભી થઈ હતી એ રીતે દેશમાં અખબારો અને તેમા વાચક વર્ગની વૃદ્ધિના સંદર્ભમાં ટીવીની નોંધપાત્ર વિપરીત અસર નથી જ થઈ. વાસ્તવમાં તો આને કારણે સ્પર્ધાત્મક વાતાવરણ સર્જાતાં સમાચાર અખબારોના બજારનો વિસ્તાર થયો છે એ છતાં પણ ટીવી ચેનલ્સ અને અખબારો વચ્ચે બાકી રહી ગયેલા સમૂહો સુધી પહોંચનીને નવું બજાર ઉભુ કરવાને બદલે અકબીજાના બજાર હિસ્સાને લેવાને મુદ્દે સ્પર્ધા વધુ જોવા મળી.

સીએમસી અકાદમી દ્વારા વર્ષ ૨૦૦૦ માં 'માહિતીનાસ્રોત અને તેની વિશ્વસનીયતા' વિશે હાથ ધરાયેલા સર્વેક્ષણના તરાણો જણાવે છે કે અખબારોની વિશ્વસનીયતાનું ધોવાણ થયું છે. આ સર્વેક્ષણ સંકેત આપે છે કે ટીવી સમાચારોએ અખબારોથી આગળ વધીને સમાચારોના પ્રથમ અને પ્રાથમિક સ્રોતનું સ્થાન લઈ લીધું છે. ખાસ કરીને રાજકીય અને રમતગમતના સમાચાર ક્ષેત્રે આ સ્થિતિ પ્રવર્તી રહી છે. વ ર્ષ ૨૦૦૭ દરમિયાન આ મુદ્દે ટીવીજગત અને અખબારી જગત વચ્ચે ખાસ્સુ અંતર રહ્યું છે. વિવિધ ટીવી ચેનલ્સ બિઝનેશ ચેનલ્સ દ્વારા રાજકારણ અને બિઝનેશ સંબંધી સમાચારો આવરી લેવા વધારાના પ્રયાસ થતાં અખબારોને પણ માર્કેટ ઈમેજ બનાવવાની ફરજ પડી . આથી એવું તારણ ના જ કાઢી શકાય કે અખબાર વાચકો ટીવી સમાચાર ચેનલ્સની તરફદારી કરતાં એ તરફ ઢાળવા લાગ્યા. સર્વેક્ષણના તારણમાં એવું પણ કહેવાયું કે સર્વાંગી વિચારણા કરતાં અખબારોને સારા ગણવામાં આવ્યા. આ તારણો એ અખબારી જગતનો સમાચારોના પરંપરાગત અભિગમથી આગળ જવા ફરજ પાડી.

અખબારો પોતાની ગતિને કેટલી હદે જાળવી શકશે તેનો આધાર - બાહ્ય, આંતરિક, પરિબળો તેમ જ તેના દ્વારા હાલમાં કયાપ્રકારની પહેલ થશે એ બાબત પર રહેલો છે. તેમાંય આંતરિક પરિબળો ખૂબજ નિર્ણાયક છે. તેમાં સૌ પ્રથમ 'વિષય વસ્તુના પેકેજ' તરફ લક્ષ્ય અપાતું થયું. આ પેકેજ જ સમાચાર અખબારોને એક બીજાથી અને ટીવી ચેનલથી અલગ અસ્તિત્વ જાળવવાની પદ્ધતિ શિખવાડતા રહ્યા. સમાચાર અખબારોમાં ગતિ જારી રાખવી હોય હોય તો ત્રીજી બાબત તે પોતાની વાચકો સુધીની પહોંચ અને લક્ષ્યાંકોને મુદ્દે અખબારોની અગ્રિમતાઓ અગત્યની છે. તો ચોથી બાબતમાં અખબારની

કિંમત, ડિલીવરી વ્યવસ્થા વગેરે બજાર વ્યૂહો અગત્યના છે.

**પુનઃ વિચારણાનો સમય**

વર્ષ ૨૦૦૮ થી શરૂ થયેલી વૈશ્વિક મંદીએ પણ મિડીયા જગત પર પોતાના વિસ્તારને બદલે સ્વયંને સુગ્રંથિત કરવા પર તે વધુ ધ્યાન આપે એ દિશામાં દબાણ વધાર્યું છે. જોકે રાજકીય અનિશ્ચિતતા અને પ્રાદેશિક ભાષામાં મીડિયા જગતનો વિસ્તાર થવાને પરિણામે મીડિયા ક્ષેત્રના વિકાસની ગતિ જળવાઈ રહી છે.

આ સ્થિતિમાં વર્ષ ૨૦૦૯-૧૦ માં ટીવી સમાચાર ચેનલ્સ, અખબારો અને તેની અગ્રિમતાઓ નવેસરથી નક્કી કરવાને મુદ્દે પુનઃ દૃષ્ટિપાત કરવાની વ્યાપક તકો રહેલી છે. એક બીજા વચ્ચેની ભિન્નતા, જરા અલગ તરાહ એ મીડિયા જગતનું સંચાલક બળ બની રહેવાનું છે. ટી.આર.પી. અને એ પ્રકારની જંજિરોમાંથી બહાર નિકળ્યા વિના આવું સંભવ બની શકે તેમ નથી. આટલું થયા પછી જ ભારતીય ટીવી અને મીડિયા જગત મહોરી ઉઠી શકે તેમ છે. તેમાંય ટીવી સમાચાર ચેનલ્સ જેટલી વધશે એટલો જ ફાયદો અખબારોને પણ તેમના પુનઃગઠન અને વિશ્વસનીયતાના સંદર્ભમાં થવાનો છે. વિષયવસ્તુ પર ધ્યાન કેન્દ્રિત કરીને જરૂરિયાત આધારે અગ્રિમતાઓ નક્કી કરવા થવાથી મીડિયા જગતને ગતિ પકડવામાં મદદ મળશે. મીડિયા જગતે વધુ સર્જનશીલ બનવું પડશે. વધુ પારદર્શક બનીને હિતો કરતાં ટકરાય છે. એ સમસ્યાનું નિરાકરણ શોધવું પડશે. ભારત અન્ય મોરચે જે સ્થિતિમાં સામનો કરી રહ્યું છે એ જ રીતે મીડિયા ક્ષેત્રે પણ પુનઃવિચારણાની પ્રક્રિયા આરંભવી પડશે.

**સામુદાયિક મીડિયાની પહોંચના સંદર્ભમાં વર્ષ ૨૦૦૩ અને ૨૦૦૭ દરમિયાન સધાયેલી વૃદ્ધિ**

| | પુરુષ | મહિલા |
|---|---|---|
| કોઈપણ પ્રકાશન | ૩૧.૬ | ૨૨.૭ |
| કોઈપણ ટીવી | ૧૪.૭ | ૧૯.૦ |
| કોઈપણ ટીવી અને સીએન્ડએસ | ૪૧.૬ | ૩૮.૧ |
| **નીચે મુજબની ટીવી ચેનલ્સ** | | |
| સમાચાર અને સાંપ્રત બાબતો | ૨૯.૫ | ૪૪.૭ |
| સિરિયલ્સ | ૩૦.૭ | ૪૧.૧ |
| ફિલ્મ્સ | ૨૯.૧ | ૩૩.૭ |

સ્રોત : આઈ.આઈ.એસ-૨૦૦૭

**સ્ત્રી સમુદાયમાં મીડિયાની પહોંચ**

| | રાષ્ટ્રીય | | હિન્દી પરાના રાજ્યો | |
|---|---|---|---|---|
| પહોંચ | મહિલા | ગ્રામીણ | શહેરી+ગ્રામીણ મહિલા | માત્ર ગ્રામિણ મહિલા |
| અખબારી પ્રેસ (સપ્તાહમાં ફ્રિકવન્સી) | ૨૭ | ૭ | ૧૬ | ૬ |
| ટીવી (સપ્તાહમાં ફ્રિકવન્સી) | ૭૪ | ૩૫ | ૨૭ | ૧૫ |
| રેડિયો (સપ્તાહમાં ફ્રિકવન્સી) | ૨૬ | ૨૫ | ૨૬ | ૨૪ |
| સિનેમા (સપ્તાહમાં ફ્રિકવન્સી) | ૩૦ | ૨૦ | ૧૫ | ૧૧ |

સ્રોત : આઈ.આઈ.એસ-૨૦૦૭

● ● ●

**આગામી અંક જૂન-૨૦૦૯**

# આપત્તિ વ્યવસ્થાપન

**(Disaster Management)**

# ભારતીય મનોરંજન ઉદ્યોગ : પડકારો અને તક

અમિતા સરકાર

*ભારતીય મનોરંજન ક્ષેત્રના પરિણામો અને ગતિ ઝડપથી બદલાઈ રહ્યા છે. અને મનોરંજન ઉદ્યોગ ઝડપથી જટિલ બનતો જાય છે. આ ક્ષેત્રના હિતોમાં ભાગ ધરાવનારાઓને અસરકર્તા રહે એવી સામાન્ય તકો અને પડકારોના દૃષ્ટિકોણથી મનોરંજન ઉદ્યોગની સમીક્ષાઓ થવા માંડે તે આજની જરૂરિયાત છે.*

*મીડિયા અને એન્ટરટેઈનમેન્ટ ઉદ્યોગ માટે વર્ષ ૨૦૦૮ ખૂબ જ નિર્ણાયક રહ્યું. આ સમયગાળાએ ક્ષેત્રની ટકી રહેવાની ક્ષમતાની કસોટી કરી લીધી અને સમાજના દાણામાંથી કાંકરા અલગ તારવી આપ્યા. આમ તો છેલ્લા પાંચ વર્ષથી ટીવી ચેનલ્સ, વિતરણ વ્યવસ્થા અને ફિલ્મ વ્યવસાયમાં જોતરાયેલા અભિનેતાઓના વધેલા વેતન સાથે ભારતના મીડિયા અને મનોરંજન જગતનો વિસ્તાર થયો છે.*

ભારતનો મંનોરંજન ઉદ્યોગ અનેક પ્રકારની ફોરમથી સભર છે, અને નવા વિચારો તેમજ ઉર્જાથી ઉભરાય છે. છેલ્લા દાયકા દરમિયાન પ્રતિવર્ષ તંદુરસ્ત વૃદ્ધિ સાથે એક સ્થિર ક્ષેત્રના રૂપમાં એનો વિસ્તાર થતો જાય છે. આ પ્રશસ્તિભર્યા શબ્દો કાંઈ એકરાતમાં થયેલા પ્રયાસોનું પરિણામ નથી. ભારતે ઉદાર અર્થતંત્રનો સ્વીકાર કરતાં જ ખાનગી કંપનીઓ પ્રસારણ ક્ષેત્રં ઝંપલાવવા લાગી. સિનેમા ઉદ્યોગમાં કોર્પોરેટ ફન્ડીંગ થવા લાગ્યું. ટેકનોલોજી તે આ ઉદ્યોગની ચાવી બની ગયું. નવી માર્કેટિંગ શૈલીઓ કામે લાગી ગઈ અને મિડીયા તેમજ મનોરંજન ઉદ્યોગે અનેક ક્ષેત્રોને આવરી લેતો વિકાસ કર્યો.

મનોરંજન ઉદ્યોગ છેલ્લા દાયકા દરમિયાન ફિલ્મી મનોરંજન ક્ષેત્ર, ટીવી, રેડિયો, સંગીત, પ્રિન્ટ, એનિમેશન, ગેમિંગ, વિઝ્યુઅલ ઈફેક્ટ, ઈન્ટરનેટ અને મોબાઈલના માધ્યમથી ઉભરી રહેલા નવા મિડીયાની મદદથી એક સાચા અર્થમાં ઉદ્યોગ બની રહ્યો.

ટેકનોલોજી સ્પષ્ટપણે ઉદ્યોગના વિકાસનું એન્જિન બની રહી. ભારતે આઈટી ક્ષેત્રે પ્રગતિ સાધતાં તેમજ કૌશલ્ય ધરાવતા આઈ ટી ટેકનીશિયનો ઉપલબ્ધ રહેતા એનિમેશન, ગેમિગ અને વિઝ્યુઅલ ઈફેક્ટ જેવા નવા જ તકનીકી મનોરંજન ઉદ્યોગનો વિસ્તાર થયો. વાસ્તવમાં ભારત એનિમેશન/ગેમિગ અને વીઝ્યુઅલ ઈફેક્ટના પ્રોડક્શન અને પોસ્ટ પ્રોડક્શન માટેના આઉટ સોર્સિંગ હાલના રૂપમાં ઉભરી રહ્યું છે.

વીતેલા દાયકા દરમિયાન ભારતીય મનોરંજન ઉદ્યોગે ઘણાં સીમાચિહ્નો સર કર્યા છે. આપણા ફિલ્મ વ્યવસાયે ઉદ્યોગનો દરજ્જો મેળવી લીધો છે અને આપણી ફિલ્મો હવે ૧૦૦ જેટલા દેશોમાં દેખાય છે. ટીવી ફોર્મેટે પણ નવા બજારોમાં પ્રવેશ કર્યો છે. ભારતમાં મલ્ટીપ્લેક્સે ફિલ્મ દર્શાવવાની પદ્ધતિ જ બદલી નાખી છે અને ભાવિ કદાચ હોમ વીડિયો માર્કેટ અને ડિજીટલ કેમેરાના હાથમાં રહેલું છે. ભારતનો કન્ટેન્ટ બિઝનેશ આગામી બે વર્ષમાં પાંચ કરોડ ડોલર ઉપજાવતો થાય એવી શક્યતા છે. વિદેશી બજારના માધ્યમથી આ વૃદ્ધિ થવાની સંભાવના છે.

ભારતીય મીડિયા જૂથો પણ નવા ફલક પણ મીટ માંડીને બેઠા છે. બહુમુખી રિલાયન્સ એન્ટરટેઈનમેન્ટ, બહુહેતુક રસ ધરાવતું એસેલ જૂથ, પ્રિન્ટ, રેડિયો, સંગિત અને ફિલ્મો સુધી રસ લઈ રહેલું ટાઈમ્સ ઓફ ઈન્ડિયા જૂથ, અને યુટીવી જેવા જૂથોએ ભારતને વિશ્વના નકશા પર મૂકી દીધું છે.

ભારતના મીડિયા જગત અને મનોરંજન ઉદ્યોગે વર્ષ ૨૦૦૭માં ભારતીય અર્થતંત્ર કરતાં પણ આગળ વધીને ૧૭% ની વૃદ્ધિ નોંધાવી છે. વિશ્વમાં ૨૫ વર્ષની નીચી વયના યુવાનોની ભારતમાં રહેલી

(લેખિકા ફિક્કીના સિનીયર ડાયરેક્ટર છે.)

સૌથી વધુ સંખ્યા, તો ખર્ચી શકાય એટલી આવકોના માધ્યમથી ભારતના યુવાનોના હાથમાં આવતા નાણા, નવા વિષયવસ્તુ, રજુઆત માટેના વિવિધ મંચો વગેરેના કારણે નવું મીડિયા જગત છેલ્લા બે વર્ષ દરમિયાન મહત્ત્વનું સ્થાન મેળવતું જાય છે.

ભારતીય મનોરંજન ક્ષેત્રના પરિણામો અને ગતિ ઝડપથી બદલાઈ રહ્યા છે. અને મનોરંજન ઉદ્યોગ ઝડપથી જટિલ બનતો જાય છે. આ ક્ષેત્રના હિતોમાં ભાગ ધરાવનારાઓને અસરકર્તા રહે એવી સામાન્ય તકો અને પડકારોના દૃષ્ટિકોણથી મનોરંજન ઉદ્યોગની સમીક્ષાઓ થવા માંડે તે આજની જરૂરિયાત છે.

મીડિયા અને એન્ટરટેઈનમેન્ટ ઉદ્યોગ માટે વર્ષ ૨૦૦૮ ખૂબ જ નિર્ણાયક રહ્યું. આ સમયગાળાએ ક્ષેત્રની ટકી રહેવાની ક્ષમતાની કસોટી કરી લીધી અને સમાજના દાણામાંથી કાંકરા અલગ તારવી આપ્યા. આમ તો છેલ્લા પાંચ વર્ષથી ટીવી ચેનલ્સ, વિતરણ વ્યવસ્થા અને ફિલ્મ વ્યવસાયમાં જોતરાયેલા અભિનેતાઓના વધેલા વેતન સાથે ભારતના મીડિયા અને મનોરંજન જગતનો વિસ્તાર થયો છે. વૈશ્વિક આર્થિક મંદી જાણે વાસ્તવિક નિયંત્રણ સાબિત થઈ. અને ટીવી, પ્રિન્ટ મીડિયા, રેડિયો વગેરેમાં આપવામાં આવતી જાહેરખબરમાં કાપ આવતા તેના પરિણામો આ ક્ષેત્રનો વિસ્તાર યોજનાઓની પીછેહટ જરૂરથી થઈ.

આટલું બધું થયું હોવા છતાં મહત્તમ તકોને ઝડપી લઈને પ્રવર્તમાન સંજોગોનો પણ મહત્તમ ઉપયોગ કરવા પ્રયાસ થયો. મીડિયા ફિલ્મએ પણ નવી દિશાઓ તરફ નજર દોડાવી.

વર્ષ ૨૦૦૮માં આર્થિક મંદીની સ્થિતિ પ્રવર્તી રહી હોવા છતાં ભારતીય મીડિયા અને મનોરંજન ઉદ્યોગે અડીખમ ઉભા રહેવાની પ્રતિબદ્ધતા દાખવીને અગાઉના વર્ષના મુકાબલે ૧૨.૫% ની વૃદ્ધિ દાખવી. ભારતીય મનોરંજન ઉદ્યોગ અંગે 'ફિક્કી-ફ્રેમ' ખાતે રીલીઝ કરવામાં આવેલા 'ફિક્કી-કેપીએમજી' અહેવાલમાં જણાવ્યા મુજબ આગામી પાંચ વર્ષ દરમિયાન ૧૨.૫% સીએજીઆરના દરે વૃદ્ધિ પામીને વર્ષ ૨૦૧૩ સુધીમાં ઉદ્યોગ આઈએનઆર ૧૦૫૨ અબજના આંકડાને આંબી જશે. નીચેના કારણોસર આ આગાહી વાસ્તવિકતા બનવાની શક્યતા છે.

- અગાઉની તુલનામાં મંદ ગતિએ પરંતુ ભારતનું અર્થતંત્ર અન્ય દેશોની તુલનામાં તો વૃદ્ધિ પામી જ રહ્યું છે.
- ભારતની ૭૦% વસતી ૩૦ વર્ષની નીચેના વયજૂથની છે અને તેના કારણે મનોરંજન અને મીડિયા ગ્રાહકોનો વિશાળ સમુદાય ઉપલબ્ધ છે.
- વિકસિત અર્થતંત્રોને મુકાબલે ભારતમાં મીડિયાનો વ્યાપ હજુ પણ ઓછો છે. બજારના વિસ્તાર માટે આથી જ તક રહેલી છે.

વર્ષ ૨૦૦૯-૧૦ મનોરંજન ઉદ્યોગ અને ભારતીય મીડિયા જગત માટે ચેતવણી સૂચક છે કે આ ક્ષેત્રે ઉપરોક્ત અહેવાલ મુજબ ચોક્કસ પરિણામોની મર્યાદામાંજ કામ કરવાની જરૂર છે.

- કન્ટેન્ટ, ફોર્મેટ, ડીલીવરી પ્લેટફોર્મ અને માર્કેટિંગમાં સ્થિતિસ્થાપકતા લાવીનેપહેલ કરવાનો મંત્ર સ્વીકારવો પડશે. ડિટીએચના વિસ્તાર અને આઈપીટીવીના આગમન સાથે મીડિયાના નવા યુગના મંડાણ થશે અને તે સાથે ઉદ્યોગનો પરંપરાગત ઢાંચો પણ બદલાશે. ભારતમાં ૩જી સેવાઓના આગમન સાથે વિડિયો અને ઓડિયો મીડિયાના એસેસ પોઈન્ટ તરીકે મોબાઈલ ફોનનો ઉમેરો થતાં પહોંચનો વિસ્તાર થશે.
- રીયાલીટી ટીવીના ઉદ્‌ભવ, ટીવી ચેનલ્સની સંખ્યાના વિસ્તાર, મ્યુઝિક અને ફિલ્મના વિષયવસ્તુના વિસ્તાર, નવા સામયિકોના લોન્ચિંગ વગેરે બાબતો આવી રહેલા વર્ષમાં ઉદ્યોગોનું વહન કરશે.
- ટીવી, ફિલ્મ, રેડિયો એન પ્રિન્ટ માધ્યમોમાં સ્થાનિક ભાષામાં સ્થાનિક વિષયવસ્તુનું નિરૂપણ તે ક્ષેત્રના વિકાસ માટેનું મહત્ત્વ ચાલકબળ બની રહેશે.
- સંગઠીત ભંડોળની માગ ઉભી થતાં પબ્લિક ઈસ્યુ અને ખાનગી ઈક્વિટીની મદદથી ભંડોળ ઉભુ થશે. તરલતાની અછત ભંડોળોને અસર પહોંચાડશે પરંતુ લાંબાગાળાના લાભો તરફી વાતાવરણ રહેશે જ એનો અર્થ એટલો જ કે નાના ધંધાદારીને કટોકટીનો સામનો કરવો પડશે પરંતુ આવી રહેલા વર્ષોમાં ક્ષેત્ર સુગ્રંથિત થશે
- છેલ્લા એક દાયકાથી ભારતીય કન્ટેન્ટ માટેની આંતરરાષ્ટ્રીય માંગ રહી છે. ભારતીય ટીવી ચેનલ્સનું વિશ્વભરમાં પ્રસારણ થઈ રહ્યું છે અને ભારતની ફિલ્મો પણ એક જ દિવસે વિશ્વભરમાં રીલીઝ થવા માંડી છે એ સંજોગોમાં ભારતીય ફિલ્મોની આવકનો મોટો હિસ્સો પણ વિદેશમાંથી જ થવા માંડ્યો છે. ૨.૫

કરોડ જેટલી એનઆરઆઈ વસતિ વિદેશોમાં વસી રહી હોવાથી મીડિયા અને મનોરંજન કંપનીઓને આ બજારમાં પોતાનો વ્યાપ વધારવાની તક મળતી જ રહેશે.

- ભારતમાં સ્પોર્ટ્સ માર્કેટ હજુ તેના પારણામાં જ છે. તેની વૃદ્ધિને પણ પ્રોત્સાહન આપવાની જરૂર છે. ગયા વર્ષે આઈપીએલના આયોજન સાથે તેની આવક રળવાની ક્ષમતા છતી થઈ છે.

એ વાતનો સ્વીકાર થઈ ચૂક્યો છેકે મંદીના કારણે ગ્રાહકો પોતાના ખર્ચ પર કાપ મૂકશે જ . જો કે વસતિમાં યુવાનોનું મોટું પ્રમાણ હોવાથી ગ્રાહકોની લાગણી લાંબા સમયે તો વધુ હકારાત્મક બનવાની સંભાવના છે. આ અંધારિયા સમયમાં જાહેરખબરો માટે થતા ખર્ચામાં વૃદ્ધિની શક્યતાઓ જ અજવાળા પાથરી શકે છે. જીડીપીના ૦.૪૭ % જ જાહેરખબર પાછળ ખર્ચાયા છે. એ જોતાં આ મોરચે પણ ભારત અમેરિકા, બ્રિટન અને ચીનથી પણ પાછળ છે અને આપણી માથાદીઠ આવક જરૂર થઈ વધવામાં છે જ, પરંતુ આગામી પાંચ વર્ષો દરમિયાન જાહેરખબર પાછળ થતા ખર્ચમાં વૃદ્ધિ થવાની પૂરી સંભાવના હોવાથી તેનો સીધો લાભ મીડિયા અને મનોરંજન ક્ષેત્રને મળશે જ.

ફિક્કી છેલ્લા દશ વર્ષથી મીડિયા અને મનોરંજન ક્ષેત્રની ક્ષમતાઓ વધારવા પ્રયાસશીલ છે. દેશના નીતિનિર્ધારકો અને આ ક્ષેત્રમાં હિત ધરાવનારાઓ સાથે વાટાઘાટો કરીને ફિક્કીએ જ મીડિયા અને મનોરંજન ઉદ્યોગે અગત્યની ભૂમિકા નિભાવી છે. મનોરંજન ક્ષેત્રના વિવિધ પેટાક્ષેત્રોના પ્રશ્નોના સમાધાન માટે ફિક્કીએ વિવિધ જૂથોની રચના કરી હતી. ફિક્કી દ્વારા રચાયેલા રેડિયો ફોરમ, એનિમેશન એન્ડ ગેમિંગ સમિતિ, વેક્સ સમિતિ, મલ્ટીપ્લેક્સ સંગઠન વગેરેએ સરકાર સાથેની વાતાઘાટોમાં ઉદ્યોગને ખૂબ મદદ કરી છે.

આ મહત્ત્વના ક્ષેત્રમાં સાધેલી કેટલીક મહત્તવની સિદ્ધી નીચે મુજબ છે.

**ખાનગીકરણ**

ખાનગી ચેનલોના આગમન સાથે છેલ્લા દશ વર્ષ દરમિયાન ટીવીનું ખાનગીકરણ થયું છે. તો છેલ્લા દશ વર્ષ દરમિયાન રેડિયો લાઈસન્સની પણ ખાનગી કંપનીઓને હરાજી થઈ છે.

**વિદેશી રોકાણ તરફ ઉદાર વલણ**

ભારતના મીડિયા અને મનોરંજન ઉદ્યોગના લગભગ તમામ ક્ષેત્રોમાં એફડીઆઈને મંજૂરી મળી છે.

**ટીવી ઉદ્યોગનું જીડીટલાઈઝેશન**

ભારતમાં કન્ડીશનલ એસેસની સુવિધા થઈ, અને ડીટીએચ સેવાઓનું લોન્ચિંગ થયું.

**મીડિયા જૂથોનો ઉદ્દેશ**

એસેસ જૂથ, ટાઈમ્સ ઓફ ઈન્ડિયા જૂથ, રિલાયન્સ એન્ટરટેઈન્મેન્ટ, યુટીવી વગેરેનો ઉદભવ થયો.

**ફિલ્મોએ ઉદ્યોગનો દરજ્જો**

મલ્ટીપ્લેક્સનો ઉદ્‌ભવ, વીડિયો માર્કેટ અને ડીજીટલ સિનેમાનો વિસ્તાર થયો.

છેલ્લા દાયકા દરમિયાન આપણે મનોરંજન જગતના એશિયાના સૌથી મોટા મેળાવડા 'ફિક્કી-ફ્રેમ' માં મીડિયા અને મનોરંજન જગતની આંતરરાષ્ટ્રીય પ્રતિભાઓને નોતરતા રહ્યા છે. આ ક્ષેત્રમાં શ્રેષ્ઠ બાબતો સામેલ કરવાના હેતુથી આમ કરવામાં આવે છે. વર્ષ ૨૦૦૯માં ફિક્કી ફ્રેમ્સે તેની દશમી વાર્ષિક તીથિ ઉજવી. આપણા સહભાગી દેશ તરીકે અમેરિકાને સાથે રાખીને બોલાવવામાં આવેલા સંમેલનને ભારે સફળતા મળી. આ મેળાવડાને સમૂચા મનોરંજન ઉદ્યોગ અને ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયનો પણ પૂરો સહયોગ મળ્યો.

● ● ●


**સ્પર્ધાત્મક પરીક્ષા માટે**

◆ ◆ ◆ **યોજના** ◆ ◆ ◆

**સચોટ માર્ગદર્શક**

## અખબારી સ્વતંત્રતા

# મૂળભૂત અધિકારોનાં એક ભાગ રૂપે

હાર્દિકકુમાર પટેલ

*પ્રગતિ અને વિકાસ માટે વિચારોનો પ્રચાર અને પ્રસાર જરૂરી છે ને આ માટે આજના આધુનિક જનમાનસમાં અનેક માધ્યમો અસ્તિત્વમાં છે. પરંતુ અખબાર એ વર્તમાન સમયનું સૌથી પ્રબળ માધ્યમ છે. આજે અખબારી સ્વાતંત્રતા એ વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાના સંદર્ભમાં લોકશાહી શાસન વ્યવસ્થાનું એક અંગ છે. ભારતનું બંધારણ ઘડાયું ત્યારે અખબારી સ્વાત્ર અંગેની માગણી થઈ હતી પરંતુ બંધારણની ડ્રાફ્ટ કમિટીના અધ્યક્ષશ્રી બાબા સાહેબ આંબેડકરે એવું જણાવ્યું હતું કે "અખબારોને એવો કોઈ ખાસ અધિકાર નથી કે જે સામાન્ય નાગરિકોની વ્યક્તિગત હેસીયતમાં ન હોય. અખબારોના તંત્રીઓ કે સંચાલકોને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય છે જ અને તેથી તેનો વિશિષ્ટ સ્વરૂપનો ઉલ્લેખ જરૂરી નથી."*

**ભા**રત આજે દુનિયાની સૌથી મોટી લોકશાહી ધરાવતો દેશ છે. પરંતુ આ લોકશાહી દેશને પોતાની સ્વતંત્રતા મેળવવા માટે અનેક કપરા ચઢાણો સર કરવા પડ્યા છે. અને અનેક કુરબાનીઓ આપવી પડી છે. જયારે આઝાદીની ચળવળ ચાલતી હતી. ત્યારે માહિતી પ્રસારણ માટે માત્ર અખબારો જ હતા કે જેઓએ સ્વતંત્રતાના વિચારોને દેશના ખૂણે-ખૂણે લઈ જઈને ભારતની આઝાદીની પોતાની મહત્ત્વની ભૂમિકા ભજવેલ છે. ૧૯૪૭માં ભારત એક આઝાદ દેશ તરીકે અસ્તિત્વમાં આવ્યો. ભારતીય બંધારણ જયારે અસ્તિત્વમાં આવ્યું ત્યારે વાણી અને અભિવ્યક્તિનું સ્વતંત્રતાને મૂળભૂત અધિકાર તરીકે દેશના દરેક નાગરીકને આપવામાં આવ્યા છે. ભારતમાં દરેક નાગરીકને પોતાના વિચારોને લેખતિ કે મૌખિક સ્વરૂપે અભિવ્યક્તિ કરવાનો બંધારણીય અધિકાર છે. અને આજ અધિકારોના સંદર્ભમાં ભારતમાં અખબારી સ્વતંત્રતા અસ્તિત્વમાં આવી અને પછી જ ભારતમાં અખબાર માહિતી પ્રસારણ માટેનું મહત્ત્વનું માધ્યમ બન્યું છે.

### અખબારી સ્વતંત્રતા

ભારતમાં અખબારી સ્વતંત્રતા જોતા પહેલા વાણી અને અભિવ્યક્તિ સ્વતંત્રતા એટલે શું તે સમજતા માલૂમ પડે છે કે વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા એટલે "વ્યક્તિના પોતાના અથવા અન્યના વિચારોને મૌખિક લેખિત કે અન્ય રીતે પ્રગટ કરવાનો કે અભિવ્યક્ત કરવાનો અધિકાર" જે ભારતના બંધારણમાં અનું. ૧૯(૧) (એ) માં આપવામાં આવેલા છે.

પ્રગતિ અને વિકાસ માટે વિચારોનો પ્રચાર અને પ્રસાર જરૂરી છે ને આ માટે આજના આધુનિક જનમાનસમાં અનેક માધ્યમો અસ્તિત્વમાં છે. પરંતુ અખબાર એ વર્તમાન સમયનું સૌથી પ્રબળ માધ્યમ છે. આજે અખબારી સ્વાતંત્રતા એ વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાના સંદર્ભમાં લોકશાહી શાસન વ્યવસ્થાનું એક અંગ છે. ભારતનું બંધારણ ઘડાયું ત્યારે અખબારી સ્વાતંત્ર્ય અંગેની માગણી થઈ હતી પરંતુ બંધારણની ડ્રાફ્ટ કમિટીના અધ્યક્ષશ્રી બાબા સાહેબ આંબેડકરે એવું જણાવ્યું હતું કે "અખબારોને એવો કોઈ ખાસ અધિકાર નથી કે જે સામાન્ય નાગરિકોની વ્યક્તિગત હેસીયતમાં ન હોય. અખબારોના તંત્રીઓ કે સંચાલકોને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય છે જ અને તેથી તેનો વિશિષ્ટ સ્વરૂપનો ઉલ્લેખ જરૂરી નથી."

સુપ્રિમ કોર્ટની રચના પછીના તરતના અનેક ચુકાદાઓમાં ડૉ.આંબેડકરના ઉપરોક્ત વિધાનને માન્યતા મળેલી છે. વાણી અને અભિવ્યક્તિના સ્વાતંત્ર્યના વ્યાપને વધુને વધુ વિસ્તૃત કરતા ચુકાદાઓની ૧૯૫૦થી શરૂઆત થયેલ તે હારમાળા હજુપણ વણથંભી છે.

(લેખક હેમ.ઉ.યુનિ. પાટણના કાયદાશાસ્ત્રના અનુસ્નાતક છે.)

### અખબારી સ્વતંત્રતા સંદર્ભે મહત્ત્વના અદાલતી ચૂકાદાઓ

**પ્રસારણ અને ફેલાવો**

- ***રોમેશ થાપર વિ. સ્ટેટ ઓફ મદ્રાસ (AIR 1950 SC124)***

રોમેશ થાપર દ્વારા મુંબઈથી પ્રકાશીત થતા "ક્રોસરોડ" સામાયિકના મદ્રાસ રાજ્યમાં પ્રવેશ સામે તત્કાલિન રાજ્ય સરકારે જાહેર વ્યવસ્થાની જાળવણીના હેતુ સંદર્ભે પ્રતિબંધ ફરમાવેલ. સદર હુકમની સામે રોમેશ થાપર દ્વારા મદ્રાસ રાજ્ય સામે પીટીશન ફાઈલ કરેલી જેમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું કે "વાણી અને અભિવ્યક્તિના સ્વાતંત્ર્યતામાં વિચારીને પ્રચાર અને પ્રસારનો સમાવેશ થાય છે.તેના વિના આ સ્વાતંત્રતા નિરર્થક છે." જેથી કહી શકાય કે અખબારોને દેશના ખૂણે ખૂણા સુધી પ્રસારણ અને ફેલાવાનો અધિકાર છે.

**સેન્સર શીપ**

કોઈપણ અખબારે શું છાપવું અને શું ન છાપવું તે માટે અથવા છાપવા માટેની સામગ્રી તેમજ વિગતો અગાઉથી જ સત્તાવાળાઓને બતાવવી અને પરવાનગી મેળવવી તે અંગેના કેસ

- ***બ્રિઝભૂષણ વિ. સ્ટેટ ઓફ દિલ્હી* (AIR 1950 SC129)**

આ કેસમાં નામદાર સર્વૌચ્ચ અદાલતે ઠરાવ્યું કે પ્રકાશન ઉપરની આ પ્રકારની પૂર્વ સેન્સરશીપથી વાણી અને અભિવ્યક્તિના સ્વાતંત્ર પણ અનુ. ૧૯ (૧) (એ) ના જ સ્વાતંત્રનો એક અંતર્ગત ભાગ છે. અને તેના ઉપરનું નિયંત્રણ વાણી અને અભિવ્યક્તિના સ્વાતંત્રનો ભંગ કરે છે અને તેથી જ તે ગેરકાયદેસર છે.

આ ઉપરાંત પણ સર્વોચ્ચ અદાલતના અનેક ચૂકાદાઓ જેવા કે ૧૯૬૨માં સકલ પેપર્સ વિ. યુનિયન ઓફ ઈન્ડિયાનો ચુકાદો ૧૯૭૩નો ટાઈમ્સ ઓફ ઈન્ડિયાનો ચુકાદો તથા ઈન્ડિયન એક્સપ્રેસ પેપર્સ અંગેના ૧૯૫૮ થી ૧૯૮૫ના ચુકાદાઓ પોતે પોતાની રીતે સિમાચિહ્ન રૂપ છે.

**અખબારી સ્વતંત્રતા ઉપરના નિયંત્રણો અને તે માટેની વિવિધ ભૂમિકાઓ**

અમેરિકાના બંધારણથી વિપરીત રીતે આપણા બંધારણમાં સ્વતંત્રતા સામે નિયંત્રણ મુકવાની સત્તા રાજયને બંધારણના અનુ. ૧૯(૨) થી (૬) અંતર્ગત મળેલી છે. છતાં આવા નિયંત્રણો મુકવાની રાજયની સત્તા પણ અનિયંત્રીત નથી જ. વાણી અને અભિવ્યક્તિના અધિકાર ઉપર રાજય ક્લોઝ (૨) માં જણાવેલ નીચે મુજબની ભૂમિકાઓ ઉપર નિયંત્રણો મૂકી શકે છે. જે અખબારી સ્વાતંત્રતાને પણ લાગુ પડે છે.

- **ભારતનું સાર્વભૌમત્વ અને એકતા**

રાષ્ટ્રહિત એ સર્વોપરી હિત છે. રાષ્ટ્રની એકતા અખંડિતતા કે સર્વભૌમત્વ જોખમાય તેવું અભિવ્યક્ત કરવું તે રાજદ્રોહ છે. માત્ર સરકારની ટીકાનો તેમાં સમાવેશ થાય નહીં, અલબત્ત લોકોને હિંસા માટે ઉશ્કેરી ન શકાય. વાણી અને અભિવ્યક્તિના સ્વાતંત્રને ૧૯૫૦માં બંધારણીય રક્ષણ મળ્યા બાદ કેદારનાથ વિ. સ્ટેટ ઓફ બિહારના ચુકાદામાં સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું કે, "બોલાયેલા કે લખાયેલા શબ્દોનુ વલણ કે ઈરાદો જો જાહેર વ્યવસ્થાને નષ્ટ કરવાનો હોય તો તે ગુનો બને છે અને આ બાબત અખબારોને પણ લાગુ પડે છે."

- **રાષ્ટ્રની સલામતી**

રાષ્ટ્ર જ્યારે તેના અસ્તિત્વ માટે યુદ્ધમાં જજૂમતું હોય ત્યારે શાંતિના કાર્યમાં સહજ રીતે બોલાતા કે લખાતા શબ્દો પણ યુદ્ધ જીતવા માટે બાધરૂપ થતા હોય છે. માટે આવી પરિસ્થિતિમાં રાષ્ટ્રની સલામતી જોખમાય તે સ્વરૂપની અભિવ્યક્તિ ઉપર રાજય દ્વારા નિયંત્રણો લાદી શકાય છે.

- **વિદેશો સાથેના મૈત્રી સંબંધો**

આંતરરાષ્ટ્રીય શાંતિ અને સદભાવના વધારવા તેમજ અન્ય રાષ્ટ્રો સાથે ન્યાયી અને ગૌરવપૂર્ણ સંબંધો વિકસાવવાના જરૂરી બધા જ પગલા ભરવાની રાજ્યની ફરજ છે. માટે રાજયના વિદેશો સાથેના મૈત્રી સંબંધો પર ખરી અસર થાય તથા રાજયના વિદેશી મહેમાન અંગે બદનક્ષી ભર્યા લખાણો પર નિયંત્રણો મુકવાની રાજય પાસે સત્તા છે.

- **જાહેર વ્યવસ્થા**

**અનુસંધાન પાના.૧૮ઉપર**

# સહભાગી વિકાસ અને સંચાર માધ્યમો

ડો. જયપાલ સિંહ

*વહેલાં ઉઠીને રોજિંદા ઘરકામ પતાવવાં અને ઘર વપરાશ માટે પાણી ભરી લાવવું એ ગ્રામીણ મહિલાઓની દરરોજની પ્રવૃત્તિ છે. જૂનાગઢ જિલ્લાના મજેવાડી ગામનાં હંસાબહેન રોજની જેમ નિયમિત રેડિયો કાર્યક્રમ સાંભળતા હતાં ત્યારે એક સવારે એમને સ્વજલધારા કાર્યક્રમ વિશે જાણવા મળ્યું, બે એક દિવસ એમને એ કાર્યક્રમ સાંભળીને સ્વજલધારા યોજના વિશેનો ખ્યાલ બહાબર સમજી લીધો. પછી, વધુ વિગતો મેળવવા, ગામની બીજી બહેનોને લઈને હંસાબહેન અધિકારીઓને મળ્યાં. આ યોજનામાં રહેલી તકને પારખી, ગામે લોક-વ્યવસ્થાપિત અભિગમ અપનાવ્યો અને હવે ગામ નર્મદા નીર આધારિત ઘર જોડાણો મેળવવાના માર્ગે છે.*

વિકાસને સહાય કરવા માટે યોગ્ય સંચાર માધ્યમોની શ્રેણીના ઉપયોગ થકી સહભાગી વિકાસ સંચાર એ સંચારના ક્ષેત્રે પ્રમાણમાં નવીન ઘટક છે. સમુદાય દ્વારા માહિતીસભર નિર્ણય એ વિકેન્દ્રિત શાસનને ટકાઉપણું પ્રદાન કરવાની ચાવી છે જે લોકોને પોતાના ધારાધોરણ મુજબ એમના લાંબાગાળાના વિકાસ માટેના પ્રયાસોને સહાય કરવા માટે મદદરૂપ બને. સહભાગી વિકાસ સંચાર થકી પ્રેકટિશનર્સ સામુદાયિક લક્ષ્ય સિદ્ધ કરવા કે કોઈ સમસ્યાના નિરાકરણ માટે ગાઢ રીતે જોડાવવાની પ્રક્રિયામાં સહાયકર્તા બને છે. ગુજરાત રાજ્યમાં લોકભાગીદારી આધારિત પેયજળ અને સ્વચ્છતા કાર્યક્રમના અમલીકરણમાં યોગ્ય સંચાર માધ્યમોની શ્રેણીનો ઉપયોગ માહિતી, શિક્ષણ અને પ્રસાર માટે એટલે કે આ ઈ સી (ઈન્ફર્મેશન, એજયુકેશન, કમ્પ્યુનિકેશન) માટે વોટર એન્ટ સેનિટેશન મેનેટમેન્ટ ઓર્ગેનાઈઝેશન (વાસ્મો) સુપેરે કર્યો છે. સમુદાયની અસરકારક સામેલગીરી અને પાણી સમિતિના રૂપમાં ગ્રામ્ય સ્તરે મજબૂત સંસ્થાકીયકરણને પરિણામે શાસનની ભૂમિકા સુવિધા પૂરી પાડનારને બદલે સુવિધા ઉભી કરવામાં સહાયક બની છે તથા લોકો કાર્યક્રમના લાભાર્થીઓને બદલે સક્રિય માલિકોતથા વ્યવસ્થાપકો બન્યા છે. આ પ્રયત્નોમાં નાગરિક સમાજની સંસ્થાઓ અમલીકરણ સહાયક સંસ્થાઓ તરીકેભાગીદાર બની છે.

## સંચારની વ્યૂહરચના

વ્યૂહરચનાનો હેતુ વિવિધ પ્રકારના સંચાર માધ્યમોના ઉપયોગ દ્વારા સ્થાનિક સ્તરે પીવાના પાણીની સુવિધાના વ્યવસ્થાપન માટે ગ્રામજનોની ભાગીદારી તથા એમનું ક્ષમતાવર્ધન કરવાનો છે. આમાં, ગ્રામજનો સુવિધાના માલિક બને અને જળ વ્યવસ્થાપન ટકાઉ બનાવવા વેરાઓનું માળખું ઘડે એનો સમાવેશ પણ થાય છે. વ્યૂહરચનાનો ઝોક માત્ર માહિતીના પ્રસાર પર નથી પણ ગ્રામજનોની ભાગીદારી છે જે આગળ જતાં વર્તનમાં બદલાવ લાવે. પંચાયતી રાજ સંસ્થાઓ તથા અન્ય ભાગીદારો સાથે વિશ્વાસ અને પારદર્શિતાનું વાતાવરણ ઉભું થાય એ વ્યૂહરચનાનું હાર્દ છે.

વ્યૂહરચના તથા આ ઈ સીની પ્રવૃત્તિ અલગ અલગ લક્ષિત જૂથને ધ્યાનમાં રાખીને ઘડવામાં આવી છે. આ જૂથો છે- પાણી સમિતિના સભ્યો, ગામની પાણી સુવિધાના ઓપરેટર, શાળાના શિક્ષકો, આરોગ્ય તથા આશા કાર્યકરો અને આંગણવાડી કાર્યકરો.

શાળાના બાળકો પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે કારણ કે સ્વચ્છતા અને સફાઈના સંદેશાઓ આપી તથા એને

(લેખક પાણીપુરવઠા વિભાગ, ગુજરાત સરકારના અધિક સચિવ તથા 'વાસ્મો'ના મુખ્ય કારોબારી અધિકારી છે.)

લગતી આદતોમાં સુધાર લાવવામાં તેઓ અસરકારક પ્રણેતા છે. અસરકારક સંચાર, જ્ઞાન એકત્ર કરવું તથા વહેંચવું તથ સંસ્થાકીય માળખું ઉભું કરવું એનું ક્ષમતાવર્ધન કરવું અને ભાગીદારી યુક્ત કાર્યક્રમોના અમલીકરણ માટે પગલાં લેવા લોકોના સશક્તીકરણની મુખ્ય પ્રક્રિયાઓ છે. આના લીધે લોકો એકબીજાની સાથે મસલત કરીને, સાથે મળીને પોતાની વિકાસની તમન્નાઓને પૂરી કરીશકે છે.

**સંચાર માધ્યમોનો વ્યાપકપણે ઉપયોગ**

માહિતી, શિક્ષણ અને પ્રસાર માટેના સંદેશા માત્ર જાહેરાત તરીકે આપવામાં નથી આવતાં પરંતુ કાર્યક્રમના ઘટક તરીકે આપવામાં આવે છે. એમાં પરંપરાગત માધ્યમો અને સાંપ્રત લોકપ્રિય સમૂહ માધ્યમોની યુતિનો સમાવેશ થાય છે. આ પ્રયાસોને સંસ્થાકિય રૂપ આપવામાં આવ્યું છે અને એ અંતર્ગત એક આ ઈ સી એકમની રચના કરવામાં આવી છે જેમાં વિકાસલક્ષી સંચાર, પ્રિન્ટીંગ ટેકનોલોજી, ગ્રાફિક ડિઝાઈનીંગ ક્ષેત્રના વ્યવસાયિકો સંચારના સંદેશા યોગ્ય માધ્યમમાં તૈયાર કરે છે. વિશેષ કૌશલ્ય માંગી લેતાં ઓડિયો-વિઝ્યુલ કાર્યક્રમો માટે ક્ષેત્રના સર્જનાત્મક વ્યાવસાયિકોને પણ સામેલ કરવામાં આવે છે. પ્રારંભમાં લોગો અને પાણી-સ્વચ્છતા સાથેના સંદેશાવાળા ભીંતચિત્રો તૈયાર કરવામાં આવ્યાં જેનાથી લોકભાગીદારી આધારિત પેયજળ અને સ્વચ્છતા કાર્યક્રમની અને વાસ્મોની માત્ર સરળ ઓળખ જ નહીં બલ્કે એક બ્રાન્ડ ઉભી થઈ છે.

**સંચાર-માધ્યમો પ્રિન્ટ - મીડિયા**

ચોક્કસ લોકસમૂહ સુધી માહિતી પહોંચાડવા અને જાણકારી પૂરી પાડવા માટે સમૃદ્ધ ચિત્રો-દશ્યવાળા પ્રિન્ટ મિડીયાનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે છે. પાણી સમિતિ, પીઆરઆઈ, અમલીકરણ સહાયક એજન્સી તરીકે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ અને પાણી ક્ષેત્રે કાર્યરત અન્ય વિકાસ સંસ્થાઓ સાથે સંવાદ સાધવાનો પ્રયાસ 'લોકસંવાદ' દ્વી માસિક કરે છે. અત્યાર સુધીમાં પ્રકાશિત કરાયેલ ૨૨ અંકો દ્વારા અને ૨૦,૦૦૦ નકલોના ફેલાવા થકી સામયિક ગ્રામકક્ષાની સંસ્થાઓમાં સૌથી વધુ લોકપ્રિય સાધનો પૈકીના એક તરીકે ઉભરી આવ્યું છે. શાળાના વિદ્યાર્થીઓ સહિત એના ઘણા વાંચકો હવે એમાં નિયમિત લખે છે. જ્યારે પાણી સમિતિના શિક્ષિત સભ્યો, શાળાના શિક્ષકો અને બાળકો એ વાંચીને બાકીના લોકો સુધી એની માહિતી પહોંચાડે છે ત્યારે તેની સારી અસર પડે છે.

આ સામયિક ઉપરાંત મેન્યુઅલ્સ, પુસ્તિકાઓ, પત્રિકાઓ, પોસ્ટર્સ અને સ્ટીકર્સ તૈયાર કરીને ગામ લોકોને વહેંચવામાં આવે છે. મેન્યુઅલ હોય કે પુસ્તિકા- દરેક માહિતી- શિક્ષશ્રણ- પ્રસાર (આઈઈસી) સામગ્રીનો પરિચય કોઈને કોઈ પ્રસંગ, સભા અને નિદર્શન દ્વારા કરાવવામાં આવે છે. જેથી લોકોમાં મોટા પાયે જાગૃતિ અને રસ જગાવી શકાય. ચિત્રો સાથેનાં મેન્યુઅલ્સ ક્ષમતાવર્ધન કાર્યક્રમમાં આપવામાં આવે છે. જેમ કે, નાણાકીય વ્યવહારો અંગેના તાલીમ કાર્યક્રમમાં અપાયેલ દસ્તાવેજ જાળવણી (રેકોર્ડ કીપિંગ) અંગેના મેન્યુઅલ દ્વારા પ્રક્રિયામાં સંદિગ્ધતા ટાળવા વાઉચર્સ કેવીરીતે ભરવા તેની જાણકારી મળે છે. પાણી સમિતિ અને ગ્રામ્ય વોટર વર્કર્સ ઓપરેટર દ્વારા સમગ્ર યોજનાના અલગ અલગ તબક્કા દરમિયાને તનો ઉપયોગ કરવામાં આવે છે. પાણી ગુણવત્તા ચકાસણી, અસલામત પાણી પીવીથી તેમજ અંગત સ્વચ્છતા અને પર્યાવરણીય- જાહેર અને સ્વચ્છતાના અભાવે થતા રોગ અંગેના નિદર્શન માટે પોસ્ટર્સ (ભીંત ચિત્રો) અને પત્રિકાઓ ખૂબ ઉપયોગી સાધનો છે. પત્રિકાઓ અને પુસ્તિકાઓમાં જે ગામોએ તેમની પાણીઅન્ સ્વચ્છતાની સુવિધાઓ નવતર પ્રયોગો કરીને અસરકારક રીતે સંભાળી લીધી છે તેમની સાફલ્યગાથાઓ ચિત્રો, તસવીરોસાથે રજૂ કરવામાં આવે છે.

**સંચાર માધ્યમો - સમૂહ માધ્યમો**

પાણી અને સ્વચ્છતા ક્ષેત્રે, સેક્ટર રીફોર્મના વધતા વ્યાપ સાથે કદમ મિલાવવા, રાજ્યના છેક છેવાડાના ખૂણા સુધી પહોંચવા માટે, રેડિયો તથા ટેલીવિઝન જેવાં માધ્યમોનો ઉપયોગ કરવામાં આવે છે. ગામડાંમાં જઈને રેડિયો કાર્યક્રમ ધ્વનિમુદ્રિત કરવામાં આવે છે અને એમાં પાણી સમિતિઓના અનુભવો ઉપર વધુ ઝોક અપાય છે. ખાસ પ્રદેશ માટે ત્યાંની સ્થાનિક બોલીમાં કાર્યક્રમો તૈયાર કરવામાં આવે છે. કચ્છ અને ડાંગ વિસ્તારના લક્ષિત સમૂહોની અસરકારક ભાગીદારી માટે વિશેષ કાર્યક્રમો તૈયાર કરીને પ્રસારિત કરવામાં આવે છે.

રેડિયો કાર્યક્રમમાં તેમને સાંકળી લેવાથી માત્ર તેમના ઉત્સાહમાં વધારો થયો એવું નથી, આવા રેડિયો કાર્યક્રમ બીજા ગામલોકો સાથે તેમને સીધા જોડી

દે છે અને બીજા લોકોને પોતપોતાનાં ગામનાં પીવાના પાણી અને સ્વચ્છતા સુવિધાઓ ઉભી કરવા માટે પ્રેરણા પૂરી પાડે છે. આ સંદર્ભે જૂનાગઢ જિલ્લાનું પ્રેરક દૃષ્ટાંત અહીં દર્શાવવું જ રહ્યું.

**લોક વ્યવસ્થાપિત અભિગમ અપનાવવા લોક પ્રેરણા**

વહેલાં ઉઠીને રોજિંદા ઘરકામ પતાવવાં અને ઘર વપરાશ માટે પાણી ભરી લાવવું એ ગ્રામીણ મહિલાઓની દરરોજની પ્રવૃત્તિ છે. જૂનાગઢ જિલ્લાના મજેવાડી ગામનાં હંસાબહેન રોજની જેમ નિયમિત રેડિયો કાર્યક્રમ સાંભળતાં હતાં ત્યારે એક સવારે એમને સ્વજલધારા કાર્યક્રમ વિશે જાણવા મળ્યું, બે એક દિવસ એમને એ કાર્યક્રમ સાંભળીને સ્વજલધારા યોજના વિશેનો ખ્યાલ બહાબર સમજી લીધો. પછી, વધુ વિગતો મેળવવા, ગામની બીજી બહેનોને લઈને હંસાબહેન અધિકારીઓને મળ્યાં. આ યોજનામાં રહેલી તકને પારખી, ગામે લોક-વ્યવસ્થાપિત અભિગમ અપનાવ્યો અને હવે ગામ નર્મદા નીર આધારિત ઘર જોડાણો મેળવવાના માર્ગે છે.

લોકભાગીદારીમાં રસ જગાવવાના તથા વિશ્વાસ અને પારદર્શિતાનું વાતાવરણ ઉભું કરવાના માધ્યમ તરીકે ટેલીવિઝનનો ઉપયોગ થઈ શકે છે તે પણ ગામલોકોએ બતાવ્યું છે. જામનગર જિલ્લાની ભીમરાણામાં પાણી સમિતિએ પાણી વિતરણ વ્યવસ્થા માટે ચાલી રહેલ બાંધકામ પ્રક્રિયાના કરેલા વીડિયો શૂટિંગના દૃશ્યોમાંથી એક નાનકડી ફિલ્મ તૈયાર કરીને કેબલ નેટવર્ક ઉપર દર્શાવી હતી. પાણી સમિતિના આ પ્રયાસ થકી નોંધપાત્ર લોકફાળો એકત્રિત થઈ શક્યો અને આજે, આ ફિલ્મ બીજાં ઘણા ગામો માટે પ્રેરણારૂપ છે.

**સંચાર માધ્યમો-પરંપરાગત માધ્યમો**

પરંપરાગત માધ્યમો સ્થાનિક પ્રચાર માટેના સાધનો છે અને પ્રેક્ષકો અને પ્રસારકો-સંદેશા આપનાર વચ્ચેના ભૌતિક અંતરાયો દૂર કરે છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં લોકડાયરા, ઉત્તર અને મધ્ય ગુજરાતમાં ભવાઈ અને શેરી નાટકો, દક્ષિણ ગુજરાતના આદિવાસી પટ્ટામાં તમાસા એ મનોરંજનનાં પ્રચલિત માધ્યમો છે અને લોકવ્યવસ્થાપિત પાણી પુરવઠા અને સ્વચ્છતા કાર્યક્રમ સંબંધિત ખાસ સંદેશાઓના પ્રસાર માટે તેનો ઉપયોગ કરવામાં આવે છે. પ્રેક્ષકો તેની સાથે તાદામ્ય સાધી શકતા હોવાથી, આ માધ્યમો ગામલોકોની માનસિકતા બદલવામાં છેવટે કાર્યક્રમના સ્વીકારમાં ખૂબ જ અસરકારક પૂરવાર થયો છે. અલગ અલગ વિસ્તાર માટેનાં ખાસ એવાં ૫૦૦ થી વધુ નાટકો સંચાલન અને જાળવણી માટે ભંડોળ ઉભું કરવાનો અને પાણીવેરો નિયમિત ભરવાનો સંદેશો લોકો સુધી લઈ જવામાં અતિ પ્રભાવક જણાયાં છે અને માહિતીના સરસ સાધન તરીકે કામમાં આવે છે. શેરી નાટક જોઈને મુખ્ય સંદેશો પામ્યા પછી લોકો આ બાબતમાં વધુ જાણવા ઉત્સાહી બન્યા હોવાના અને પોતાના ગામમાં લોકફાળો એકઠો કરવાના પ્રશ્નો ઉકેલ લાવવામાં આ માધ્યમનો ઉપયોગ કરાયા હોવાના દાખલા છે.

**સંચારના અન્ય સાધનો**

મહિલાઓ અને બાળકોને સંદેશો પહોંચાડવામાં જૂથ ચર્ચાઓ સહિત મોઢા મોઢ વાતચીત વધુ ઉપયોગી જણાઈ છે. તેમની સાથે સંવાદ શાળાઓ, આરોગ્ય કેન્દ્રો, ગામનેતાઓ, સ્વસહાયજૂથો, પાણી સમિતિ અને ક્ષેત્રિય કાર્યકરોજેવા આયોજિત સંપર્કો મારફત કરવામાં આવે છે. સરપંચો, શાળાના આચાર્યો અને શિક્ષકોને રાજ્યના અગ્રણીઓના સીધા પ્રેરણાદાયી પત્રો પાઠવવા અને 'ફોલો-અપ-એકશન' માટેના સંદેશાવ્યવહારની વારંવાર ઉપયોગમાં લેવાતી પદ્ધતિ છે.કાર્યક્રમમાં કેવી કેવી મુશ્કેલીઓ આવે છે અને કેવી કામગીરી તેમણે કરવાની છે તેનાથી માહિતગાર કરવા પ ાણી સમતિઓને 'એક્સપોઝર વિઝિટ' ઉપર લઈ જવામાં આવે છે. આમાં તેઓ વધુ અનુભવી સભ્યો સાથે પોતોના પ્રશ્નો અને મુશ્કેલીઓની આપ લે કરતા હોવાથી આવી મુલાકાતો શીખવા માટે અને સમસ્યાઓના ઉકેલ માટે બહુ ઉપયોગી છે. માહિતી-શિક્ષણ અને પ્રસારમાં લોકોની ભાગીદારીના અન્ય પ્રયાસમાં, પ્રદર્શનો, પરંપરાગત મેળાઓ અને રાજ્યના વિવિધ ભાગોમાં યોજાતા આવા અન્ય મહત્વના પ્રસંગોએ 'વાસ્મો' દ્વારા ગોઠવાતા યોજતા 'સ્ટોલ્સ'માં સામાજિક અગ્રણીઓને હાજર રહેવા પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ અગ્રણીઓ ગામડાંઓમાંથી આવતા મુલાકાતીઓને માહિતી આપે છે અને પોતાના અનુભવોની આપ-લે કરે છે.

**ઉપસંહાર**

માહિતી-શિક્ષણ અને પ્રસાર (આઈ ઈ સી) નાં પગલાંની સ્વીકૃતિ હકારાત્મક છે. તેનો વ્યાપકપણે પ્રસાર અને અસરકર્તા એ કાર્યક્રમને લાંબાગાળા સુધી ચલાવવા માટેની મોટી શક્યતાઓ જન્માવી છે. સામયિકને વારંવાર મળતા પત્રો અને પાણી સમિતિના સભ્યો

અમલીકરણ સહાયક એજન્સીઓષ શેરીનાટકના કલાકારો, રેડિયો કાર્યક્રમ તૈયાર કરતી એજન્સી ઓલ ઈન્ડિયા રેડિયો અને વિડિયો પ્રોડક્શનની પેનલ ઉપરની એજન્સીઓએ આપેલા પ્રતિભાવો આ નિદર્શ આપે છે. આઈઈસીમાં ભાગીદારીના અભિગમમે પાણી સમિતિનાં મહિલા સભ્યોને તેમની રૂઢીગત ભૂમૂકામાંથી બહાર આવવામાં અને વોટસન સંબંધિત પોતાની મુશ્કેલીઓ, અનુભવો અને સિદ્ધિઓ વિશે પુરુષોની સાથે જ એક જ મંચ ઉપર ઉભાં રહીને બોલતી કરી છે. સામાન્યતઃ પુરુષોની જાગીર ગણાતા લોકફાળો એકત્રિકરણ અને બાંધકામ જેમાં કાર્યોમાં બહેનોએ વધુ ભાગ લીધો છે. તેઓ રેડિયો અને ટી.વી. કાર્યક્રમોમાં તથા વીડિયો કોન્ફરન્સીંગમાં નિયમિત પોતાનાં મંતવ્યો વ્યક્ત કરી રહી છે.

● ● ●

---

અનુસંધાન પાના. ૧૪ થી શરૂ

મૂળ બંધારણમાં ગેરહાજર એવું આ કારણ રોમેશ થાપર અને બ્રિઝભૂષણના કેસોના સર્વોચ્ચ અદાલતના ચુકાદાને લીધે પ્રથમ બંધારણીય સુધારાથી બંધારણમાં દાખલ કરાયેલ છે જેથી જાહેર વ્યવસ્થા જોખમાય તેવી સ્થિતિ હોય ત્યારે અખબારોને એવો એવા અહેવાલો પ્રકાશીત ન કરવા કે જેથી જાહેર વ્યવસ્થા જોખમાય.

- **શિષ્ટતા અને નૈતિકતા**

વાણી અને અભિવ્યક્તીની સ્વાતંત્રતા માનવીના વિકાસ માટે તથા ગૌરવ માટે અનિવાર્ય છે. પરંત જાહેર અને નૈતિક મૂલ્યોને નુકશાન થાય તેટલી હદે તેનો ઉપયોગ કરવાની સ્વતંત્રતા આપી ન શકાય. આઈપીસી ની કલમ ૨૯૨ થી ૨૯૬માં અશિષ્ટ અને અનૈતિક વિચારો અને સાહિત્યને સજા પાત્ર ગુના તરીકે ઠરાવેલ છે. અલબત્ત અખબારોને પણ આ શિષ્ટતા અને નૈતિકતાના માપદંડને નજર સમક્ષ રાખવા આવશ્યક છે.

- **બદનક્ષી અને ગુનાની ઉશ્કેરણી**

વાણી અને અભિવ્યક્તિના સ્વાતંત્રને અસભ્ય રીતે બોલવાનું અથવા બેફામ આક્ષેપો કે ગુનાની ઉશ્કેરણી કરવા માટેનું લાયસન્સ ન જોઈએ. વ્યક્તિની પ્રતિષ્ઠાને હાની પહોંચાડે તેવું અખબારી પ્રકાશન જો ગુનાની ઉશ્કેરણી કરે તેવું હોય તો તે પણ પ્રતિબંધિત છે.

આજે ભારતમાં અખબારી સ્વતંત્રતાને કારણે જ અખબારો મુક્ત પણે વિકસી રહ્યા છે. જેની સમાજના દરેક તખ્તાના લોકો સુધી અખબારની પહોંચ વધી છે. જેથી કહી શકાય કે પ્રચાર અને પ્રસારના માધ્યમ તરીકે આજે પણ અખબાર એ એક મહત્ત્વનું અને આગવું સ્થાન ધરાવે છે. અને આજ અખબારી સ્વતંત્રતા એ ભારત જેવા પ્રજાસત્તાક દેશ માટે લોકશાહીના પ્રતિક સમાન છે.

● ● ●

# રીયાલીટી શો
# હવે સમય છે એક લાંબા વિરામનો...

હર્ષદ રાવલ

*મનોરંજન ચેનલોમાં રીયાલીટી શોની શરૂઆત 'કૌન બનેગા કરોડપતિ' થી થઈ હતી જેની જબરજસ્ત સફળતાઓથી આકર્ષાઈને હવે અન્ય ટીવીઓ પણ તેના રવાડે ચઢી ગઈ છે. કે.બી.સી. પછી ઈન્ડિયનઆઈડલ, બીઝનેસ બાઝીગર, ડીલ યા નોડીલ, નચ બલીયે, ઝલક દિખલાજા, બીગબોસ, સ્પીટસવીલા, રોડીસ, છોટેમિયા-બડેમિયા, મમ્મી કે સુપર સ્ટાર અને ચિંચપોકલી ટુ ચાઈના વિગેરે જેવા રિયાલીટી શો ધૂમ મચાવી ચૂક્યા છે. સૌથી મોટી વાત તો એ છેકે આ તમામ પ્રોગ્રામ રીયાલીયી બતાવાવનો દાવો કરે છે. પરંતુ રીયાલીટી સાથે કોઈ સંબંધ હોતો નથી. તેમના માટે રીયાલીટીનો અર્થ આત્મહત્યા કરતા ખેડૂતો નથી. રીયાલીટી તેમના માટે ઈન્સટન્ટ કોફી છે, રીયાલીટી એ કમોડીટી છે. જે વેચવાના ઈરાદે જ તૈયાર કરવામાં આવે છે.*

**મી**ડિયાને લોકશાહી શાસન-પ્રણાલીમાં 'ચોથી જાગીર' ગણવામાં આવે છે. સાંપ્રત યુગમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રભાવથી મીડિયાએ આજે સમગ્ર વિશ્વને બેડરૂમમાં કેદ કરી દીધું છે. આજનો માનવ, માનવ મટીને વિશ્વ માનવ બની ગયો છે. સૂચના અને પ્રસારણના માધ્યમ થકી મીડિયા આજના યુગમાં સમગ્ર માનવ સમુદાયના માનસપટલ ઉપર છવાઈ ગયું છે. પરિણામે લોકોને સાચી માહિતી ઝડપી પ્રાપ્ત થાય તે માટે ન્યૂઝચેનલો અને અખબારોમાં સ્પર્ધા જામે છે. ન્યૂઝચેનલો પણ એવો દાવો કરે છે કે સૌથી પહેલા આ સમાચાર અમે રજૂ કર્યા છે. ન્યૂઝચેનલોની વૃદ્ધિ અને અખબારોના વધી રહેલા પ્રચાર-પ્રસાર વચ્ચે ભારતીય મીડિયા આજે સર્વોચ્ચ શિખર ઉપર બીરાજમાન છે. ભારતનો મોટાભાગનો મધ્યમવર્ગ નાગરીકમાંથી ઉપભોકતામાં બદલાઈ ગયો છે. પૂરા ભારતભરમાં જેની નોંધ લઈ શકાય તેવા ૨૦૦૦ અખબારો છપાય છે અને ૨૦ જેટલી ન્યૂઝ ચેનલો દિવસ-રાત સમાચારોનો કારોબાર ચલાવે છે. હવે તો મીડિયા સંસ્થાઓમાં વિદેશી મૂડી રોકાણ પણ થવા લાગ્યું છે.

પરંતુ કેટલાક બુદ્ધિજીવી એ વાતને સમર્થન આપે છેકે, મીડિયાના વધતા જતા પ્રભાવ અને તાજેતરમાં શરૂ કરવામાં આવેલા વિવિધ કાર્યક્રમો પ્રેક્ષકોને આકર્ષવામાં સફળ તો થયા છે. પરંતુ તેની સત્યતા અને વાક્યપ્રયોગ અંગે સતત ચર્ચામાં રહ્યા છે. કેટલાક લોકો મહેસૂસ કરી રહ્યા છે કે, ન્યૂઝચેનલોને અને અખબારોને માતેલા સાંઢની જેમ છૂટોદોર ન આપવો જોઈએ કે જેથી તેઓ જે મનમાં આવે તે કરે અને ફસાઈ જાય ત્યારે દામન બચાવીને ભાગી જાય. જે વિજ્ઞાપનદાતાઓની દયા ઉપર મીડિયાક્ષેત્ર ટકેલું છે તેમને જાગૃત સમાજની જાણે જરૂરત જ હોય તેમ ગંભીર ચીજવસ્તુઓને હલકી બનાવીને અને હલકી ચીજોને ગંભીરતાથી રજૂ કરી રહ્યા છે. મીડિયાને વિજ્ઞાપન ઔદ્યોગિક ક્ષેત્રમાંથી અને દર્શકો આમ સમાજના લોકો વચ્ચેથી શોધવા પડે છે.

ન્યૂઝ ચેનલો તથા મનોરંજન ચેનલોના રૂપેરી પડદા ઉપર અત્યારે રીયાલીટી શોનું બજાર ધમધમી રહ્યું છે. તેના વિભિન્ન સ્વરૂપો થકી તે દર્શકોના ઘર સુધી પહોંચી ગયું છે. ગેમ શો, નાચવાગાવાની સ્પર્ધાઓ, ટેલેન્ટહન્ટ તથા હવે તો સેલીબ્રીટીયોના અજાણ પાસાઓને દેખાડજવાને બહાને તેમને તેમના માટે સારી જગ્યા બનાવી લીધી છે. અને લગાતાર બનાવી પણ રહ્યા છે. મનોરંજન ચેનલોમાં રીયાલીટી શોની શરૂઆત 'કૌન બનેગા કરોડપતિ' થી થઈ હતી જેની જબરજસ્ત સફળતાઓથી આકર્ષાઈને હવે અન્ય ટીવીઓ પણ તેના રવાડે ચઢી ગઈ છે. કે.બી.સી. પછી ઈન્ડિયનઆઈડલ, બીઝનેસ બાઝીગર, ડીલ યા નોડીલ, નચ બલીયે, ઝલક દિખલાજા, બીગબોસ, સ્પીટસવીલા, રોડીસ, છોટેમિયા-બડેમિયા, મમ્મી કે સુપર સ્ટાર અને

( લેખક પાટણ સ્થિત એમ.કે. બીસીએ કોલેજમાં પ્રોગ્રામર છે.)

ચિંચપોકલી ટુ ચાઈના વિગેરે જેવા રિયાલીટી શો ધૂમ મચાવી ચૂક્યા છે. સૌથી મોટી વાત તો એ છેકે આ તમામ પ્રોગ્રામ રીયાલીયી બતાવાવનો દાવો કરે છે. પરંતુ રીયાલીટી સાથે કોઈ સંબંધ હોતો નથી. તેમના માટે રીયાલીટીનો અર્થ આત્મહત્યા કરતા ખેડૂતો નથી. રીયાલીટી તેમના માટે ઈન્સટન્ટ કોફી છે, રીયાલીટી એ કમોડીટી છે. જે વેચવાના ઈરાદે જ તૈયાર કરવામાં આવે છે. ભવ્યસેટ, સજીધજીને તૈયાર થયેલા સેલીબ્રીટીઓ જણજણાટભર્યુ સંગીત, નાટકથી ભરેલી પટકથા, એસએમએસ વોટીંગ તથા દિવસ-રાતનો પ્રચારથી આકાર લે છે જે દર્શકોની ચેતનાને જગાડવાને બદલે સૂવાડી દે છે.

એવું લાગે છે કે ટેલીવીઝન ઈન્ડસ્ટ્રીઝે સચ્ચાઈને જેલમાં કેદ કરી દીધી છે અને એક જૂઠને સચ્ચાઈ તરીકે બતાવી ર હ્યા છે જે રીયાલીટી આપણી ચારેબાજુ વિખરાયેલી પડેલી છે તેમાં તેમને કોઈ રસ નથી પરંતુ મનગઠિત ઘટનાઓને મનગઠિત રૂપમાં દર્શકો સામે રજૂ કરાય છે. ટેલીવિઝનનનું બજાર સચ્ચાઈનું નથી.

તેમને તો સાસૂ-વહુના ઝગડાઓમાં હિત દેખાય છે પરંતુ કે.બી.સી. એ તેમની સામે એક નવી ચૂનૌતી રજૂ કરી દીધી છે. આખો દેશ જ્ઞાન વધારવાનો ખેલ સમજી જુગાર રમવા લાગ્યા. દર્શકોને કરોડપતિ બનાવવાનો આ ખેલ ટેલીવિઝન ઉપર સફળ થયો. કરોડપતિ તો બે-ચાર બન્યા પરંતુ વિજ્ઞાપન દાતાઓને મળ્યાક રોડો ઉપભોકતા અને ચેનલનીતો વાહ! વાહ! થઈ ગઈ. એ પછી ચેનલો વચ્ચે રિયાલીટી શોની પ્રતિસ્પર્ધાઓ શરૂ થઈ ગઈ.

રીયાલીટી ટીવી પ્રોગ્રામના નિર્માતાઓ એવો દાવો કરે છેકે તેઓ હકીકત દેખાડે છે. તો કે.બી.સી.ની વાત કરીએ તો ફિલ્મી દુનિયાના તારલાઓ ઓછામાં ઓછા પચીલ લાખ કે પચાસ લાખ જીતીને જાય છે. બધાજ જાણે છે એમનું સાયન્સ કેટલું હોઈ શકે. માની લો કે ગેમ શોમાં પણ મેચ ફિક્સીંગ થાય છે. નાચવા-ગાવાના રિયાલીટી શો માં પણ જોવા મળતી ખેંચતાણ પણ શોને હિટ કરવા માટે તો નથી ફિલ્માવાતીને ? બીગબોસમાં પણ તેર પુરુષ -સ્ત્રી ત્રણ મહિના સુધી એક અજાણી જગ્યાએ રહે છે અને તેમની તમામ ગતિવિધિઓ દર્શાવવામાં આવશેતો શું એ બધું જ દેખાડવામાં આવે છે. ? સંભવ છે? રીયાલીટી શોમાં એવા અંશ પસંદ કરવામાં આવે છે કે જેનાથી દર્શકો વધુને વધુ આકર્ષિત થાય. જેમાં લડાઈ-ઝઘડા હોય, કાવતરા હોય, હસવા રડવાનું હોય એવા જ દ્રશ્યો દર્શકોને બાંધી શકે છે. ભાવનાત્મક ચડાવ-ઉતાર એ સફળતાની મુખ્ય શરત હોય છે. આ ભાવનાત્મક ખેલ ગેમ શો તથા નાચવા-ગાવાની સ્પર્ધાઓમાં પણ બે રોકટોક ખેલાય છે.

ભારતમાં રીયાલીટી ટી.વી. પ્રારંભિક અવસ્થાથી થોડીક આગળ વધી છે. એમાંય ખાસ કરીને સેક્સને લગતીબાબતો તથા દ્વિ-અર્થી જોક્સ વગેરેએ એટલી માઝા મુકી દીધી છે કે આવા રિયાલીટી શો સહપરિવાર સાથે જોઈ પણ ન શકાય એટલા માટે જરૂરી છે કે લોકોને આ બાબતે શિક્ષિત કરાય તથા તેમના છળકપટ બાબતે લોકોને માહિતગાર કરાય.

આપણે જાણીએ છીએ કે આખેઆખો મનોરંજન ઉદ્યોગ જૂઠ ઉપર ટકી રહ્યો છે. વિજ્ઞાપનોની દુનિયામાં સચ્ચાઈ નામની ચીજવસ્તુ શોધવી મુશ્કેલ છે. રીયાલીટી શોનું સૌથી ખતરનાક કામ એ છે કે તેઓ આપણા મગજને જૂઠી સચ્ચાઈની એક કાલ્પનિક દુનિયાના આદી બનાવી દે છે અને લોકો આ જૂઠનો એટલો આનંદ ઉઠાવે છેકે તેઓ સચ્ચાઈને જોતાપણ નથી અને જોવા માંગતા પણ નથી.

સમાજને ગેરમાર્ગે દોરતા આવા કેટલાક રીયાલીટી શો ઉપર રોક લગાવી શકાય ખરો ? જો કે ભારતીય બંધારણના ભાગ-૩માં અનુચ્છેદ ૧૩ થી ૩૫ અંતર્ગત મૂળભૂત અધિકારોનો ઉલ્લેખ કરાયો છે. આ મૂળભૂત અધિકારો ન્યાય સંગત છે જેની માગણી માટે ન્યાયાલયમાં જઈ શકાય છે. અનુચ્છેદ ૧૯(૧)(અ) દરેક નાગરિકને વાણી અને અભિવ્યક્તિના સ્વતંત્ર્યનો અધિકાર બક્ષે છે. જેમાં પુસ્તક પ્રકાશન, અખબારી સ્વાતંત્ર્ય, સંચાર માધ્યમોની સ્વતંત્રતાનો સમાવેશ થાય છે. પરંતુ સાથે સાથે વાજબી નિયંત્રણોનો પણ ઉલ્લેખ કરાયો છે કે, વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા અન્ય વ્યક્તિ કે વાતાવરણ (જાહેર વ્યવસ્થા)ની ગરીમા જોખમાય તે રીતે ઉપયોગ ન કરી શકાય. જો કે આ અધિકારના ઉપભોગ ઉપર આર્ટિકલ ૧૯(૨) અન્વયે બુદ્ધિગમ્ય મર્યાદાઓ કે નિયંત્રણો લાદી શકાય છે. આમ, મનોરંજન ચેનલો ઉપર દર્શાવાતા કેટલાક રીયાલીટી શોની સત્યતાની ચકાસણી પણ હાથ ધરાવી જોઈએ.

● ● ●


**વિકાસલક્ષી સામયિક**

# યોજના

**યોજના વાંચો, યોજના વંચાવો**

# વર્તમાનપત્ર
# વ્યવસ્થાપન અને તેની સામેના પડકારો

રોનકબહેન ઠક્કર

*મંદીના સમયમાં કાગળના ભાવો વધવાથી પણ સમાચારપત્રોની પડતર કિંમતમાં વધારો થાય છે. માસિક લવાજમ જેટલી કિંમતની તો વાચકો/ગ્રાહકોનો ગીફ્ટ આપવી પડે છે. અર્થાત છાપુ તો નફામાં. જો કે તેનો ફાયદો વાચકોની સાથે સાથે અખબારોને એ થયો છે કે તેમનું સરક્યુલેશન વધુ થઈ ગયું છે.હરિફાઈના સમયમાં સમાચારોવધુ આપવા પડે છે. ગુણવત્તાવાળા આપવા પડે છે. અને ત્વરિત આપવા પડે છે. જેથી અખબારવાળાઓની દોડધામ વધી છે. મહેનત વધી છે અને ઝડપ વધારવી પડી છે. આમ છતાં ઈજારાશાહી તૂટી છે અને લોકોને વધુ પસંદગી મળી છે. હરિફાઈને કારણે પૂર્તિઓ, કલરપેજ વધારવા પડ્યાં છે પરિણામે ખર્ચાઓ વધે છે.*

વહેલી સવારે આપણે ચાની ચૂસકી સાથે અડધા કલાકમાં મોટાભાગનું અખબાર વાંચી કાઢીએ છીએ પરંતુ તમને નવાઈ લાગશે કે સમાચાર પ્રસિદ્ધ થઈને આપણા ઘર સુધી આવતાં એક રાત્રિ અને એક દિવસનો સમય લઈ લે છે. સવાર પડે કે પત્રકારો સમાચારની શોધમાં નીકળી પડે છે. બપોર સુધીમાં એકત્ર કરેલ સમાચારને મઠારી તાલુકા કે જિલ્લાની ઓફિસે મોકલી આપે છે. વર્તમાનપત્રોની મોટાભાગના જિલ્લાઓમાં સબ એડિટર્સની નીમણૂંક કરેલ હોય છે. અને એડીટર્સ સમાચારોને યોગ્ય સ્વરૂપમાં ઢાળી એકત્ર થયેલ તમામ સમાચારોને મુખ્ય ઓફિસ ખાતે મોકલી આપે છે. હેડ ઓફિસ ખાતેના પેજ મેકર્સ આ સમાચારોને તેમની ગુણવત્તાના આધારે સમાચારપત્રના પ્રથમ, બીજા એમ છેલ્લા પાના સુધી સેટ કરે છે. સમાચારપત્રના મુખ્યતંત્રી છેલ્લે આખાપાનાનું લેઆઉટ જોઈ તપાસી તેને છપાવવા મોકલે છે. મધ્યરાત્રિએ મુખ્ય આવૃત્તિ અને વિવિધ સ્થાનિક આવૃત્તિઓ છપાવવા લાગે છે.

વિવિધ જિલ્લાના રૂટો દ્વારાસમાચારપત્રોને ગામેગામ-સુધી પહોંચાડવાની પ્રક્રિયા શરૂ થાય છે. પ્રેસથી લઈને તમામ તાલુકા મથકોએ વહેલી સવારે ગાડીઓ પહોંચી જાય તેવી સજ્જડ વ્યવસ્થાઓ કરવામાં આવેલી હોય છે. તાલુકા મથકે, શહેરોમાં કે જિલ્લા મથકોએ છાપાવાળા ફેરિયાઓ હાજર જ હોય છે જે પોતાના વિસ્તાર મુજબ છાપા લઈ વાંચકો/ગ્રાહકોના ઘર સુધી પહોંચાડી દે છે. આમ, આ વ્યવસાય ૨૪ કલાકનો વ્યવસાય છે. આ થઈ સમાચારપત્રની પ્રક્રિયા હવે જોઈશું તેનું વ્યવસ્થાપન

**સમાચારપત્રના મુખ્ય ત્રણ વિભાગ છે.**

(૧) સમાચાર વિભાગ
(૨) જાહેરાત વિભાગ
(૩) વિતરણ વિભાગ

પરંતુ આ ત્રણેય વિભાગો સાથે એડમિનીસ્ટ્રેશન, એચઆર, એકાઉન્ટ, પ્રોડક્શન સ્ટોર જેવા વહીવટી વિભાગો પણ સંકળાયેલા હોય છે.

સમાચાર વિભાગનું કામ સમાચાર લાવવાનું અને પેજ બનાવવાનું છે. જેને તંત્રી વિભાગ કહે છે. સમાચાર લાવવા માટે દરેક તાલુકા મથકે જરૂરિયાત મુજબના ટ્રેઈની, જૂનિયર, સિનિયર, ચીફરિપોર્ટર રાખેલા હોય છે. આ રિપોર્ટર્સ તેમની સેન્સ અને સ્રોત નો ઉપયોગ કરીને સમાચારો એકત્ર કરે છે અને ઉપર મોકલાવે છે. સમાચારો પ્રત્યેની તમામ જવાબદારી મુખ્યતંત્રી ઉપર હોય છે. જેથી તેઓ સમાચારનું મૂલ્ય, ગુણવત્તા અને સત્યતા ચકાસ્યા બાદ જ સમાચારોની પંસદગી કરે છે. મુખ્ય કાર્યાલય ખાતે સમાચારપત્રના પ્રથમ પાનાથી છેલ્લા પાનાની અને તંત્રી પાનાની અલગ અલગ વ્યક્તિઓ જવાબદારી નિભાવતા હોય છે.

(રોનકબેન ઠક્કર, બી.બી.એ. કોલેજ, પાટણ)

તદ્‌ઉપરાંત નેશનલ અને ઈન્ટરનેશનલ સ્પોર્ટસ વગેરેની પણ અલગ અલગ વ્યક્તિઓ જવાબદારી નિભાવતા હોય છે.

મુખ્ય અને કરંટ ન્યૂઝ ઉપરાંત દૈનિક કોલમ પણ ચાલતી હોય છે. અમુક નક્કી કરેલ મોટા લેખકો કે વિષય નિષ્ણાંતો (શેરબજાર, કોમોડીટી, સ્પોર્ટ્‌ર્સ, વિવેચન)ના લેખો પણ છપાય છે.

કોઈપણ વ્યવસાયનો મુખ્ય હેતુ આવક મેળવવાનો હોય છે. પ્રેસની મુખ્ય આવક જાહેરાત માંથી મળે છે. જેમ સમાચાર માટે દરેક તાલુકા મથકે રીપોર્ટર રાખવામાં આવે છે તેમ જાહેરાત માટે પણ સેલ્સ એક્ઝીક્યુટીવ કે માર્કેટીંગ એક્ઝીક્યુટીવ રાખવામાં આવે છે અને તેમને લક્ષ્યાંક પણ સોંપવામાં આવે છે. સમાચારપત્રોમાં જાહેરાતના દર સેન્ટીમીટર દીઠ નક્કી કરવામાં આવેલ હોય છે, જે દરેક પાનાના અલગ અલગ હોય છે. જિલ્લાની આવૃત્તિઓના ભાવ ઓછા અને મુખ્ય આવૃત્તિના ભાવ ખૂબજ વધુ હોય છે. તદ્‌ઉપરાંત જાહેરાતના ભાવ એ છાપાના વિતરણ ઉપર જ આધારિત છે. જેનુ સરક્યુલેશન વધુ તેનો ભાવ ઊંચા. રોજરોજની જાહેરાતો ઉપરાંત છાપાવાળાક્યારેક ક્યારેક અલગ અલગ પૂર્તિઓ પણ પ્રકાશિત કરતા હોય છે. ખાનગી ઉપરાંત સરકારી જાહેરાત પણ ઘણીજ મળતી હોય છે. સમયાંતરે આ દરો બદલાતા રહેતા હોય છે. છાપાનો ટી.આર.પી. આંક જેમ જેમ વધતો જાય છે તેમ તેમ તે છાપાનું મૂલ્ય પણ વધે છે. આમ, છાપાનું ચાલક બળ એ જાહેરાત છે તેમ કહી શકાય.

બંને વિભાગોની જેમ વિતરણ વિભાગ પણ એટલો જ અગત્યનો છે. જો સરક્યુલેશન મંદ પડે તો તેનો ટીઆરપી ઘટ્યો એમ હેવાય છે. તેથી સરક્યુલેશન વિભાગ છાપાની નકલો વધારવા સતત પ્રયત્નશીલ રહે છે. તે માટે તે વિવિધ વિસ્તારોમાં સતત સર્વે કરાવે છે. આ વિસ્તારમાં કયા છાપાની કેટલી નકલો છે તેનો તમામ અભ્યાસ આ વિભાગ કરતો હોય છે. છાપાના વેચાણ વ્યવસ્થાનો મુખ્ય આધાર તેના એજન્ટ ઉપર હોય છે. દરેક તાલુકા મથકે આવા એજન્ટોની નિમણૂંક તેઓ કરતા હોય છે. તદ્‌ઉપરાંત પ્રેસના સ્થળે સીધી રોકડ વેચાણની પણ કોપીઓ ફેરિયાઓને આપતા હોય છે. એજન્ટો પાસેથી દર ૩૦ દિવસે છાપાનું પેમેન્ટ લે છેતેમાં પણ તેઓને પ્રોત્સાહિત કરવા કમીશનની વિવિધ રીતભાતો તેઓ સમજાવતા હોય છે. છાપાની કિંમત માંડ બે થી ત્રણ રૂપિયા જેટલી હોય છે. આ કિંમત સાવ ઓછી અથવા નજીવી છે તેમ કહી શકાય. આટલી કિંમતમાંથી તે ફેરીયા અને ટ્રાન્સપોર્ટનો ખર્ચ કાઢી શકે. છાપામાં દરરોજનો ૧૦૦ થી ૧૫૦ ગ્રામ કાગળ વપરાય છે. જે કાગળની બજાર કિંમતથી જ ત્રણથી ચાર રૂપિયા જેટલી થાય. બાકી પછી પત્રકારો, અન્ય કર્મચારીઓ, વહીવટી ખર્ચાઓ, લાઈટબીલ વગેરે ખર્ચાઓ પણ અનેકગણા છે, આમ છાપાની કિંમત એ તેની આવકનો સ્રોત ન ગણી શકાય.આમ છતાં છાપુ વધુને વધુ વેચાય તે મહત્ત્વનું છે.

### પડકારો

વર્તમાનપત્રનો મુખ્ય પડકાર એ તેની ઘટતી જતી વિશ્વસનીયતા છે. છાપાનો મૂળ ઉદ્દેશદિન-પ્રતિદિન બનતી ઘટનાઓ, લોકોને થતાં અન્યાયો, માહિતી, શોધો અને શિક્ષણ પિરસવાનો છે. પરંતુ આ તમામ ઉદ્દેશોબાજુ પર મુકીને હવે વર્તમાનપત્રો એક વ્યવસાયિક પેઢી તરીકે ઉપસી આવ્યાં છે. તેથી વાંચકો હવે વાંચવા ખાતર છાપા વાંચે છે. વાંચકોને સમાચારો પ્રત્યે પહેલા હતી તેવી શ્રદ્ધા કે વિશ્વાસ રહ્યો નથી.

### પીળું પત્રકારત્વ

પત્રકારત્વમાં બ્લેક મેઈલીંગ નો ઉપદ્રવ વધી ગયો છે. જેનો પત્રકારત્વની ભાષામાં પીળુ પત્રકારત્વ કહેવામાં આવે છે. આમ તો (Jornalism is the fourth estate) પત્રકારત્વ એ ચોથી જાગીર કહેવાય છે. પરંતુ તેનો ઉપયોગના બદલે દૂરપયોગ વધુ થઈ રહ્યો છે.

મંદીના સમયમાં કાગળના ભાવો વધવાથી પણ સમાચારપત્રોની પડતર કિંમતમાં વધારો થાય છે. છેલ્લા છ-એક વર્ષથી પેપરમાં પણ કુપન પદ્ધતિ દાખલ કરીને અખબારોએ ઉપાધી વહોરી છે. માસિક લવાજમ જેટલી કિંમતની તો વાચકો/ગ્રાહકોનો ગીફ્ટ આપવી પડે છે. અર્થાતછાપુ તો નફામાં. જો કે તેનો ફાયદો વાચકોની સાથે સાથે અખબારોને એ થયો છે કે તેમનું સરક્યુલેશન વધુ થઈ ગયું છે.

હરિફાઈના સમયમાં સમાચારો વધુ આપવા પડે છે. ગુણવત્તાવાળા આપવા પડે છે. અને ત્વરિત આપવા પડે છે. જેથી અખબારવાળાઓની દોડધામ વધી છે. મહેનત વધી છે અને ઝડપ વધારવી પડી છે. આમ છતાં ઈજારાશાહી તૂટી છે અને લોકોને પસંદગી મળી છે. હરિફાઈને કારણે પૂર્તિઓ, કલરપેજ વધારવા પડ્યાં છે. પરિણામે ખર્ચાઓ વધે છે.

પત્રકારોને તમામ પ્રકારનું જ્ઞાન હોવું જોઈએ, જેમાં આર્થિક, સામાજિક સૈદ્ધાંતિક, ભૌગોલિક, ઐતિહાસિક, કાયદાકિય વગેરે બાબતોથી જાણકાર હોય તો જ સાચી માહિતી પ્રાપ્ત કરી શકે છે.

● ● ●

# સાહિત્ય અને પત્રકારત્વ

✍ ડો.બહેચરભાઈ પટેલ

*સાહિત્યમાં જીવનનું પ્રતિબિંબ પડે છે. સાહિત્ય જીવનનું મુકુટ છે. સાહિત્ય જીવનની સમીક્ષા છે. પણ સાહિત્યમાં થતી જીવનની સમીક્ષા, મેથ્યુ આર્નલ્ડ કહે છે તેમ, કાવ્યાત્મક સત્ય અને કાવ્યત્મક સૌંદર્યના નિયમોને અનુસરીને થાય છે. પત્રકારિતા એ કોઈ 'કવિતા' કે વાર્તા નથી. એમાં જીવન અને જગતનું વાસ્તવિક આલેખન થાય છે. સમાજનું સાચું દર્પણ છાપું છે. છાપાને કાવ્યાત્મક સત્ય અને સૌંદર્ય સાથે સાહિત્ય જેવો સંબંધ નથી. ભાષાભિવ્યક્તિમાં સૌંદર્ય આવી શકે. પણ હકિકત સાથે ચેડાં ન થાય. બનેલી ઘટનાને રજૂ કરીને સમાજકે સરકારની નીતિ રીતિની સમીક્ષા થઈ શકે. પણ વાચકને સૌંદર્યાનંદ આપવાની જવાબદારી પત્રકારોની નથી.*

**સા**હિત્ય અને પત્રકારત્વ એ બંને સબળ શાબ્દિક ને શ્રાવ્ય સમૂહ માધ્યમ છે. પણ આજકાર પત્રકારત્વની બોલબાલા છે. સાહિત્ય વાંચ્યા વિના ચલાવી લેવાશે. માણસ પણ દૈનિકપત્ર કે સામયિક વાંચ્યા વિના રહેતો નથી, અથવા એમાના સાહિત્યિક અંશોને આસ્વાદી સ્વતંત્રને શુધ્ધ શિષ્ટ સાહિત્ય વાંચ્યા વિના ચલાવી લે છે. દૈનિક પત્રોની પૂર્તિઓ કેટલાક સામયિકોને ખાઈ ગઈ છે તો એથી દૈનિક પત્રો વિશેષ સાહિત્યિક બન્યાં છે. અખબાર એ સામાન્ય જનનો દૈનિક માનસિક આહાર બની ગયો છે. છાપું વાંચ્યા વિના ચાલે નહિ, એના વિના ચેન ના પડે. છાપુ છાપાની રજાના દિવસે ના આવે તોય આપણે એની તપાસ કરીએ. એમ પત્રકારત્વ એ આપણા દૈનિક જીવનનો એક ભાગ બની ગયું છે. સાહિત્ય તો કેટલાકના રસ અને શોખનો વિષય છે. સાહિત્ય, સંગીત ને કલા વગરનો માણસ પશુ સમાન છે, તો અખબાર વિનાનો માણસ એ જાગૃત નાગરિક નથી. આધુનિક માનવ વૈશ્વિક માનવ છે. તેને સમાજમાં સમાચાર અને અભિપ્રાય વિના ન ચાલે. દૂરદર્શન ને આકાશવાણીના બોલાયેલા શબ્દો કરતાં છાપાનાં છપાયેલા શબ્દોનો જાદુ અનોખો છે. છપાયેલાો શબ્દ વધુ શ્રદ્ધેય લાગે છે. અને છાપાં તો લોકજીવનના અંતસ્તલ સુધી પહોંચી વાચકની જિજ્ઞાસા સંતોષે છે.

સાહિત્ય એ ચિરંજીવી દસ્તાવેજ છે. જયારે પત્રકારત્વ એ તત્કાલીન ને સમસામયિક કે પ્રાસંગિક મહત્વની નોંધ છે. એ પ્રાસંગિક ઘટનાત્મક છે. પ્રાસંગિક પ્રતિસાદ પણ છે. આજનું છાપુ કાલે પસ્તી બની જાય છે. સાહિત્ય જો સર્વને સર્વદા આનંદને પ્રેરણા આપે તેવું હોય તો અમર બની જાય છે. ઉત્તમ સાહિત્ય સ્થળ-કાળથી પર છે. ઉત્તમ અખબાર એ સ્થળ-કાળ-બદ્ધ છે. ઈતિહાસનું એક પાનું છે. અખબાર વર્તમાન ક્ષણનીનોંધ છે. તવારીખનો અંશ છે. સાહિત્યમાં ભાવનાનું સંભાવનાનું શક્યતાનું તાત્ત્વિક સત્ય એટલે કે કાવ્ય સત્ય છે. જયારે અખબારોમાં હકીકતનું ઈતિહાસનું તથ્ય છે. એરીસ્ટોટલ કહે છે કે કવિતા ઈતિહાસ કરતાં વધુ તાત્વિક સત્ય છે. પણ વ્યવહાર તો અખબારના ઈતિહાસના તથ્ય ઉપર જ ચાલે છે. બંને સત્યને વરેલાં છે પણ સાહિત્યમાં તો ભાવના - કલ્પના - તત્વ રહસ્ય - ધ્વનિરૂપ સત્ય છે. એનું સૌંદર્ય માંગલ્ય અનોખું છે. જયારે પત્રકારત્વમાં તો નગ્ન વાસ્તવનું વરવું તથ્ય આવકાર્ય છે. સાહિત્યસૃષ્ટિ કલ્પના આદર્શ, સ્વપ્નની સૃષ્ટિ છે. અખબારજગત તથ્ય-હકીકત-વાસ્તવ-જાગૃતિનું જગત છે.

સાહિત્યમાં જીવનનું પ્રતિબિંબ પડે છે. સાહિત્ય જીવનનું મુકુટ છે. સાહિત્ય જીવનની સમીક્ષા છે. પણ સાહિત્યમાં થતી

( ડૉ. બહેચરભાઈ પટેલ, સાહિત્યકાર અને શિક્ષણશાસ્ત્રી)

જીવનની સમીક્ષા, મેથ્યુ આર્નલ્ડ કહે છે તેમ, કાવ્યાત્મક સત્ય અને કાવ્યત્મક સૌંદર્યના નિયમોને અનુસરીને થાય છે. પત્રકારિતા એ કોઈ 'કવિતા' કે વાર્તા નથી. એમાં જીવન અને જગતનું વાસ્તવિક આલેખન થાય છે. સમાજનું સાચું દર્પણ છાપું છે. છાપાને કાવ્યાત્મક સત્ય અને સૌંદર્ય સાથે સાહિત્ય જેવો સંબંધ નથી. ભાષાભિવ્યક્તિમાં સૌંદર્ય આવી શકે. પણ હકીકત સાથે ચેડાં ન થાય. બનેલી ઘટનાને રજૂ કરીને સમાજકે સરકારની નીતિ રીતિની સમીક્ષા થઈ શકે. પણ વાચકને સૌંદર્યાનંદ આપવાની જવાબદારી પત્રકારોની નથી. પત્રકારે તો સમાજને બનતી ઘટનાઓથી વાકેફ રાખી, એના હિતનો સૂર ઉચ્ચારવાનો છે. સાહિત્યનું પ્રયોજન પરમાનંદ છે, પત્રકારત્વનું પ્રયોજન જન જાગૃતી છે. એટલે જ નર્મદે એના સામયિકનું નામ 'દાંડિયો' રાખ્યું હતું. અખબાર લોકોની આંખ ઉઘાડે છે. જનજીવનન સદા જાગૃત રાખે છે. સુધારાની હાકલ કરે છે. સરકારની ખબર લઈ નાખે છે, અસમાજીક તત્ત્વોને ખૂલ્લાં પાડી સમાજને તેના ત્રાસથી મુક્ત કરી શકે છે. અખબારો એથી જ તો ચોથી જાગીર કહેવાય છે. સાહિત્ય તો કાન્તાની જેમ ઉપદેશ આપે, પણ અખબારો તો મહાકાલિકા ને ચંડિકા બની પણ મહિષાસુર મર્દન કરી શકે. છાપાનાં પાના ક્રાન્તિ કરી શકે, સત્તાને ઉથલાવી શકે, લોકશાહીનું જતન કરી શકે. દુનિયાનો ઈતિહાસ છાપાનાં પાનાં પર લખાયલો હોય છે. કટોકટી વખતે છાપાં જ ખાલી જગા મૂકીને પણ લોકધર્મ બજાવે છે. છાપાં લોકશાહીનાં રખેવાળ છે. એક સમાચારપત્ર ક્રાન્તિનું વાહન-સાધન બની શકે છે. સ્વાતંત્ર્ય ચળવળમાં ગાંધીજી વગેરે નેતાઓએ છાપામાં સ્વાતંત્ર્યની હાકલ કરી જેલ વેઠી છે.

છાપામાં હેવાલ, વૃત્તાંત કે રિપોર્ટ આવે છે તે છે તો પત્રકારત્વની પેદાશ, પણ એક ચરિત્રાત્મક - તથ્યાત્મક લલિતેતર સાહિત્યનું સ્વરૂપ છે. વિશ્વયુદ્ધ ને સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન એને મહત્ત્વ મળ્યું. વૃતાંત વસ્તુસ્થિતિની સાચી અને તત્કાલીન પ્રમાણભૂત નોંધ છે. એ વૃત્તાંત પણ એવો રમણીય હોય છે કે સાહિત્યકૃતિ બની જાય છે. ઘટનાનું નિરૂપણ નવલિકા જેવું બની જાય છે. અકસ્માત, ખૂન, બળાત્કાર, ધરતીકંપ, રેલ, દુકાળ, આંદોલન, હત્યાકાંડ, કામી રમખાણો, પ્રેમપ્રકરણો, વિચ્છેદો, અત્યાચાર, કૌભાંડ જેવી ઘટનાના અહેવાલ ચલચિત્રાત્મક રોમાંચક, હૃદયદ્રાવક ને ચમત્કૃતિજનક હોઈ શકે છે. પેર્મી પંખીડા ભાગ્યા એ સમાચાર માંથી 'મળેલા જીવ' , નવલકથા લખાય. છપ્પનિયા દુકાળનું વૃત્તાંત, માનવીની ભવાઈ, ને મહાનવલ બનાવે છે. થોમસ હાર્ડીએ એક માણસે દારૂના નશામાં દેવું ભરવા માટે પત્નીની હરાજી બોલાવી વેચી એવા સમાચાર પરથી 'મેયર ઓફ કેસ્ટરબ્રિજ' નવલકથા લખી હતી. છાપાંમાં રોજ વાર્તા, નવલકથા સાહિત્યનો કાચો મસાલો આવે છે. સર્જકતા ધરાવતા પત્રકારના વૃત્તાંત લેખમાંથી વાર્તા, કવિતા નીતરે છે સાહિત્યકાર અનુભૂતિનું કલામાં રૂપાંતર કરે છે ત્યારે સાહિત્ય સર્જાય છે.

સાહિત્યમાં આત્મલક્ષી કવિતા, પરલક્ષી કથા કાવ્યને પાત્રલક્ષી નાટક એવાં ત્રિવિધ સ્વરૂપ જોવા મળે છે. પત્રકારત્વ એ પરલક્ષી સ્વરૂપ છે. પત્રકાર આત્મલક્ષી ભાગ્યેજ બની શકે. એણે તો તટસ્થ, નિરપેક્ષને નીડર રહીને જે બન્યું છે તેનો પ્રમાણભૂત વૃત્તાંત આપવાનો છે ને તેની સમીક્ષા કરવાની છે. લાવી શકાય તે ભાષાશૈલીનું લાવણ્ય કે લાલિત્ય દાખવવાનું છે. પણ તે સત્યને ભોગે નહિ જ. પત્રકાર સત્યનિષ્ઠ હોવો જોઈએ. સૌંદર્યનિષ્ઠ ન હોય તો ચાલે. એણે તો વ્યાપક સમાજને વાસ્તવિકતાનું દર્શન કરાવવાનું છે. એમ કરતાં પત્રકાર ગાંધીજીની દાંડીયાત્રાના 'મહાભિનિષ્ક્રમણ' નો ભવ્ય વૃત્તાંત આપી શકે. ઈતિહાસના રમ્ય ભવ્ય પ્રસંગો સૌપ્રથમ તો પત્રકારની કલમે જ લખાયેલા હોય છે.

મૂળભૂત રીતે જોઈએ તો પત્રકારત્વ એ વિવેચનનો વ્યાપાર છે. સારા સમાચાર એ ખરાબ વ્યવહારની ટીકા છે. ખરાબ સમાચાર એ સમાજ ને સરકારની સમીક્ષા છે. પત્રકાર પોતે તંત્રીલેખ કે કટાક્ષ લેખ દ્વારા ધર્મ, સંસ્કૃતિ, રાજ્ય, સમાજ, શિક્ષણ, કૃષિ, કાયદો, અવસ્થા વગેરેની સરાહના કે સમીક્ષા કરે છે. સાહિત્યકાર કરતાં પત્રકાર સીધો ને કડક સમીક્ષક બની શકે છે. તે ઝાટકણી કાઢીને કોઈ મંત્રી, અધિકારી, મઠાધિપતિ કે કુલપતિનાં મૂળિયા ઉખેડી નાખી શકે છે. ચોથી જાગીરની તાકાત જેવીતેવી નથી. 'પીળું પત્રકારત્વ' પ્રમાણિક નથી, પણ તેનીય હાકધાક જબરી હોય છે. પત્રકારત્વ જનશક્તિ, જનસત્તા ને યુગધર્મનું સ્વરૂપ છે. તે દરિદ્રનારાયણની સેવા કરી શકે છે. હાસ્ય-કટાક્ષથી કે સીધાં તીરથી તે કોઈના મર્મને વીંધી શકે છે. વિવેચનની જેમ પત્રકારત્વ પણ સત્યનિષ્ઠ નિષ્પક્ષ ને નિરપેક્ષ હોવું ઘટે. પત્રકારત્વ ધરમનો કાંટો છે. તે વિશેષતાઓ ને મર્યાદાઓ દર્શાવી મૂલ્યાંકન કરી માર્ગદર્શન આપી

શકે છે. પત્રકાર મહાન ને મૂલ્યનિષ્ટ હોય તો ન્યાયાધીશની ગરજ સારે છે. પત્રકાર જાનના જોખમે કૌભાંડો, આતંકવાદી હુમલાઓ કે યુદ્ધના સમાચાર શોધી લાવી જનતા અને સરકારની સેવા કરે છે. સાહિત્યકાર કરતાં તેનો માર્ગ વધુ જોખમી છે. સાહસિક પત્રકારો એ દેશની મોટી અસ્કયામત છે. સાચા સાહિત્ય-વિવેચનની જેમ એ શૈલી સુખ માણવા સારું નથી, પણ સત્યની સેવા સારું છે. પત્રકાર એ વ્યાપક નિરીક્ષક છે.

સાહિત્યમાં કહેવાયું છે કે જ્યાં ન પહોંચે રવિ, ત્યાં પહોંચે કવિ. અને જ્યાં ન પહોંચે કવિ ત્યાં પહોંચે અનુભવી. કવિ તો તેની કલ્પનાથી સ્વાયત્ત આનંદમય ને નવરસરુચિર સૃષ્ટિ સર્જી શકે છે. અને દિગ્‌દિગંતમાં પહોંચી જાય છે. એ સત્યમ શિવમ્, સુંદરમ્ ની સૃષ્ટિ તે સાહિત્ય કલા કવિતા આત્માની અમૃતા કલા કહેવાઈ છે. સાહિત્ય, સંગીત, ચિત્ર,શિલ્પ, ને સ્થાપત્ય એ પાંચ મુખ્ય કલાઓ છે. ને સાહિત્ય એ સર્વોત્તમ કલા કહેવાઈ છે. સાહિત્ય લલિતકલા છે. જ્યારે પત્રકારત્વ એ લલિતેતર ને ઉપયોગી, લૌકિક ને વ્યાવહારિક એવી ભાષા પ્રવૃત્તિ છે. સાહિત્યની સત્યતા ભવ્યતા ને દિવ્યતા પત્રકારત્વમાં ન જ હોય. સાહિત્યની ચિરંજીવિતા પણ પત્રકારત્વમાં ન હોય. એ માટે આવશ્યક પ્રતિભા ને વ્યુત્પત્તિ પત્રકારત્વમાં નયે હોય. પણ ઉચ્ચ પત્રકારત્વ પ્રતિભા, જ્ઞાન અને અભ્યાસથી વિભૂષિત હોય છે. એમાં પણ ભલે પ્રચલિત પણ અલંકારો હોય છે. પત્રકાર બહુશ્રુત ને લગભગ સર્વજ્ઞ હોય તો સમયક્ નિરૂપણ ને નીરીક્ષણ કરી શકે છે.

ગુજરાતમાં સાહિત્યિક પત્રકારોની એક ઉજ્જવળ પરંપરા રહી છે. ઝવેરચંદ મેઘાણી, મહાદેવભાઈ દેસાઈ, ગુણવંતરાય આચાર્ય, ચુનિલાલ વર્ધમાન શાહ, પીતાંબર પટેલ, ચંદ્રકાન્ત બક્ષી, ઉમાશંકર જોષી વગેરે સાહિત્યકારો પત્રકાર પણ હતા. મેધાણીએ ગાંધીજી ગોળમેજી પરિષદમાં ભાગ લેવા જતા હતા. ત્યારે એ સમાચાર સાથે 'છેલ્લો કટોરો' કાવ્ય પણ તત્કાળ રચીને મૂક્યું હતું. મહાદેવભાઈ દેસાઈ 'ઈન્ડિપેન્ડન્ટ' ના તંત્રી હતા, ત્યારે સરકાર વિરૂદ્ધ તંત્રીલેખ લખવા બદલ જેલ પણ ભોગવી હતી. એમના પ્રેસ પર સરકારે સીલ માર્યું, તો હસ્તલિખિત અંક પણ કાઢ્યા હતા ને પત્ર વિષે ખુમારીથી લખેલું કે હું બદલાઉં છું પણ મરતું નથી. પત્રકારે ખાંડાની ધાર પર ચાલવાનું હોય છે. સાહિત્યિક પત્રકારત્વ એ પત્રકારત્વનો આદર્શ છે. સમાચાર પત્રો એ કેટલાક સાહિત્યકારોને ઘડ્યા છે. છાપાં કેટલાક સાહિત્યકારોને ગળી પણ ગયાં છે. છાપાવાળો સાહિત્યકાર ચીલા ચાલુને ચાલતી ગાડીએ ચડી બેસનારો બની જાય છે. ઉત્તમ નવલકથાકાર ચંદ્રકાન્ત બક્ષી પત્રકારત્વમાં ઉત્તમ કટારલેખક બન્યા, પણ પછી 'આકાર' ને 'પેરેલિસિસ' જેવી નવલકથાઓ ન લખી શક્યા. ધારાવાહીક નવલકથાકારને કટારલેખકો ને પછી પત્રકારત્વના પૂરમાં ખેંચાવું પડે છે. પત્રકારત્વનું લેખન પ્રતિદિનના ઘટતા પ્રવાહ અનુસાર હોય છે. સાહિત્ય કાલાતીત બની શકે છે. 'જર્નાલિસ્ટ નોવેલ' એ સાહિત્ય ક્ષેત્રે અપશબ્દ ગણાય છે.

સાહિત્ય અને પત્રકારત્વને ભાષા અભિવ્યક્તિ, વિષયવસ્તુ, દર્શન-ચિંતન વગેરે અંગે સામ્ય સંબંધ છે. પણ સાહિત્યની કક્ષા ઊંચી રહે છે. તેથી લોકપ્રિયતામાં ઓટ આવે છે. ઉચ્ચ સાહિત્યતો અધિકારી ભાવકો જ વાંચે છે. કોશિયો અને વણકર સમજી શકે એવી ભાષા સાહિત્યમાં હવે ભાગ્યેજ યોજાય છે. પત્રકારત્વ વ્યવહારિકભાષામાં હોય છે. તેથી એ સમાજના છેલ્લા માણસ સુધી પહોંચી શકે છે. લાગે છે કે હવે સાહિત્ય પણ લોકો સુધી પહોંચવા પત્રકારત્વનો માર્ગ અપનાવવો પડશે. લોકગમ્ય ન હોય તે સાહિત્ય ખાસ ઉચ્ચ શિક્ષિત સાંકડા વર્ગોનું બની રહે છે. જ્યારે લોકગમ્ય અખબાર ગામડાની હોટલમાં પણ વંચાય છે. સાહિત્ય તેની સમૂહ માધ્યમ તરીકેની યોગ્યતા ખોતું જાય છે, જ્યારે પત્રકારત્વ સમૂહ માધ્યમ તરીકે દૂરદર્શનને ચલચિત્રની સાથે ચાલી રહ્યું છે. પત્રકારત્વનો ધ્યાનાર્ષક વિકાસ થયો છે. હવે અખબાર રૂપે રંગે રૂડૂં થયું છે. અખબારોની પૂર્તિઓ સુંદરી જેવી મોહક હોય છે, અને ખ્યાતનામ સર્જકો ચિંતકો તેના દ્વારા લાખો ભાવકો સુધી પહોંચે છે. પત્રકારત્વ એ વિચાર-માધ્યમ પણ છે જે પ્રચાર માધ્યમ પણ છે. એના સહકાર વિના નેતા ચૂંટણી જીતી શકે નહીં. વેપારી માલ વેચી શકે નહીં. દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમોની ઝાકઝમાળ વચ્ચે પણ પત્રકારત્વ અડીખમ ઊભું છે. એ કોઈના હાથનું રમકડું ન બને, 'બ્લેકમેઈલ' ન કરે, વેચાઈ ન જાય, એમાં જ એનું સાર્થક્ય છે. પત્રકારત્વની પ્રતિષ્ઠા એની સત્યનિષ્ઠા નિરપેક્ષતા, તટસ્થતા, વાસ્તવિકતા, વ્યાવહારિકતા, પ્રજા કલ્યાણ ભાવના, નીડરતા, પ્રગલ્ભતા, ભાષા અભિવ્યક્તિની શિષ્ટતા, સુઘડતા, સુંદરતા ને રસિકતામાં રહેલી છે.

● ● ●

# વિસ્તરણ શિક્ષણનું આદર્શ સાધન

# ટી.વી./ કમ્પ્યુટર

✍ પ્રો. ધીરેન વંડ્રા

*શિક્ષણ ક્ષેત્રે ટીવી/કમ્પ્યુટરનાં ઉપયોગની શક્યતાઓ પહેલેથી જ નિષ્ણાતો એ વિચારી હતી. કેટલાંક પ્રયોગમાં રેડિયો, ફિલ્મ અને પુસ્તક કરતા આ નવા માધ્યમને શિક્ષણ માટે પસંદ કરાયું હતું, "પ્રૌઢ શિક્ષણ" માટે ટીવી/કમ્પ્યુટરની શક્યતાએ ઉત્સાહથી વિચારાઈ હતી. ભારત જેવા વિકસતા દેશોમાં, જ્યાં પ્રૌઢ શિક્ષણના જાણકારો અને કાર્યક્રમોની અછત જોવા મળે છે ત્યાં ટીવી/કમ્પ્યુટરોથી બુનિયાદી કેળવણી કે પાયાનું શિક્ષણ, નિરંતર શિક્ષણ આપવાનું શ્રેષ્ઠ ગણવામાં આવ્યું છે. દુનિયાના ઘણા દેશોમાં "વિશાળ ઈલેક્ટ્રોનિક બ્લેક બોર્ડ" દ્વારા પ્રૌઢોને બાળકોને, સ્ત્રીઓને ભણાવવાનું સરળ બન્યું છે.*

"તમને ગમે કે ન ગમે, ટેલિવિઝન એ જીવન, આપણા સમાજ અને રાષ્ટ્ર કે સમગ્ર દૂનિયાના લોકોના જીવન ઉપર ઊંડી અસર કરતું સાધન છે, કારણ કે ટેલિવિઝન એ આપણી સંસ્કૃતિને મળેવું સમુહ-સંચાર નું સૌથી વધુ અસરકારક સાધન છે." આ શબ્દો ૧૯૫૩માં એક અમેરિકન મેગેઝીનમાં છપાયેલા હતા. આ સત્ય લાંબાગાળાનું સત્ય બની રહેશે, કારણ કે ટીવી એ એક એવું સાધન છે કે તેને જોતાની સાથે જ લોકોને તે આંજી દે છે. વાસ્તિવક પરિસ્થિતિ રજુ કરે છે. તેથી તો શિક્ષણ અને વિસ્તરણ શિક્ષણ ક્ષેત્રની દરેક પ્રવૃત્તિઓમાં હવે ટીવી અને કમ્પ્યુટરનો ઉપયોગ વધતો જાય છે. વર્તમાન સમયમાં ટીવી, ફિલ્મોની અસરકારકતા વિશે ઘણું ઘણું કહેવામાં-લખવામાં આવે છે.

હાલના સમયમાં વિસ્તરણની કેટલી સંસ્થાઓ પાસે ટીવી/કમ્પ્યુટર છે ? કેટલી સંસ્થાઓ વિસ્તરણના હેતુ માટે આ સાધનોનો ઉપયોગ કરે છે ? વધતી જતી વસતિ અને ગરીબીના નિવારણ માટે ટીવી/ કમ્પ્યુટરનો ઉપયોગ કરતા કેટલો સમય લાગશે ? લોકો ઉપયોગી કાર્યક્રમો ટીવી પ્રસારણમાં કેટલા પ્રમાણમાં રજુ કરી શકાશે ? આ બધી સમસ્યાઓ વિશે વિચારવાને બદલે વાસ્તવિકતા સમજી ટેલિવિઝન અને કમ્પ્યુટરનો ઉપયોગ કૃષિ વિસ્તરણ, માહિતી વિસ્તરણ અને વિસ્તરણ શિક્ષણ ક્ષેત્રે અનિવાર્ય બની ગયો છે.

ટેલિવિઝન અને કમ્પ્યુટરનું માધ્યમ દ્રશ્ય-શ્રાવ્ય સ્વરૂપે શ્રોતાઓને બે રીતે વાસ્તવિકતાઓ રજુ કરે છે. (૧) બનતી ઘટનાઓનું જીવંત પ્રસારણ આપીને (૨) તૈયાર કરેલા કાર્યક્રમોનું પ્રસારણ કરીને.

જયારે કોઈપણ ઘટનાનું જીવંત પ્રસારણ નિહાળીએ છીએ ત્યારે જીવંત અનુભવ કરી શકીએ છીએ. આપણે દ્રશ્યો જોઈ શકીએ છીએ અવાજો-સંવાદો સાંભળી શકીએ છીએ, ઘટના સ્થળથી દૂર હોવા છતાં કુશળતા પૂર્વક તૈયાર કરવામાં આવેલ પ્રસારણમાં ન જોયેલા દ્રશ્યો, ન સાંભળેલા અવાજો, ચહેરાના હાવભાવ, અભિનયના દ્રશ્યો, ક્લોઝઅપ દ્રશ્યો, અવાજોના આરોહ-અવરોહ વગેરે જોવા અને સાંભળવા મળે છે. વાસ્તવિકતાનું આવું સુસંકલન શ્રોતાઓને જોવા-જાણવા મળે છે. ચોક્કસ હેતુ માટે તૈયાર કરવામાં આવેલા કાર્યક્રમોમાં સારા કલાકારો, સારા ઉદ્‌ઘોષકો અને અગાઉથી બનાવવામાં આવેલી સ્ક્રિપ્ટ, નમૂનાઓ, ચિત્રો, વિષયોને અનુલક્ષીને તૈયાર કરવામાં આવેલી માહિતી, પદ્ધતિ કે પરિણામો બતાવવામાં આવે છે. શિક્ષણના હેતુ માટે આવા કાર્યક્રમો તૈયાર કરાયા હોવાથી હેતુ માટે આ કાર્યક્રમોનું પ્રસારણ વધુ અર્થસભર અને સફળ રહે છે.

ટી.વી./કમ્પ્યુટર સંદેશા વ્યવહારનું

( લેખક માંગરોળ સ્થિત કોલેજ ઓફ રૂરલ સ્ટડીઝમાં પ્રાધ્યાપક છે.)

અજોડ અને અસરકારક સાધન છે. જેમાં ચલચિત્રો પણ જોઈ શકાય છે તેથી અન્ય દ્રશ્ય-શ્રાવ્ય સાધનો, નિદર્શનો, બોર્ડ, ચાર્ટ, મોડેલ વગેરેથી વધુ અસરકારક પરિણામ આવે છે. ટી.વી. /કમ્પ્યુટરને અત્યાર સુધી સામાજીક અને સાંસ્કૃતિક સંદર્ભમાં જ જોવાય છે. પરંતુ શિક્ષણના સંદર્ભમાં સમજવું હોય તો વસ્તુઓ કે ઘટનાઓનું સાપેક્ષ મહત્ત્વ પણ જાણવું પડે છે.

## ટેલિવિઝનની ઉત્ક્રાંતિ

ટેલિવિઝનનું વિશ્વનું અર્થપૂર્ણ પ્રસારણ સૌપ્રથમ બી.બી.સી. એ નવેમ્બર ૧૯૩૬માં એલેક્ઝાન્ડર પેલેસમાં કર્યું. પાંચ વર્ષ પછી અમેરિકામાં ટેલિવિઝનનું પ્રથમ પ્રસારણ થયું હતું. તેપછીના સાત વર્ષોમાં ૧૦૮ જેટલા ટીવી સ્ટેશનો કાર્યરત થઈ ગયાં. ૨૯૫૦ સુધીમાં એક કરોડ જેટલાં ટીવી સેટ દેશમાં વપરાવા લાગ્યા અને ૧૯૫૩માં તો સાત કરોડ અમેરિકન ઘરોમાં ટીવી સેટનો વપરાશ થવા લાગ્યો.

ભારત દેશમાં પણ ૧૯૮૭-૮૮ માં પ્રસારિત થતી ''રામાયણ'' સીરીયલ જોવા માટે ગ્રામપંચાયતનું ટીવી જાવા આખું ગામ ચૌરા કે ચોકમાં ભેગું થતું હતું, ૧૯૯૦ની 'મહાભારત' સીરીયલ જોવા માટે અનેક વ્યક્તિઓ એ પોતાના ઘરમાં ''બ્લેક એન્ડ વ્હાઈટ'' કે કલર ટીવી સેટ વસાવ્યા હતા. પરંતુ ૧૯૯૧ની વૈશ્વિકરણ અને ઉદારીકરણની નીતિએ ટીવી ના ભાવો ઘટાડ્યાં, કેબલ ડીસ્ક કનેકશનની વ્યવસ્થા વધવાથી શહેરમાં અને ગામડાઓમાં ઘરેઘરે ટીવી આવી ગયાં, ક્રિકેટ ટુર્નામેન્ટ, ફ્રીસ્ટાઈલ કુસ્તી, નેશનલ જીઓલોજી, ડીસ્કવરી જેવી ચેનલો જોવા માટે ઘરે ઘરે, દુકાને-દુકાને ટીવી મંડાઈ ગયાં. આમ ૨૦ વર્ષનાં ટૂંકાગાળામાં ટીવી ગરીબ ઝૂંપડાઓ સુધી પહોંચી ગયા.

આવું જ કમ્પ્યુટરનાં ઉપયોગમાં બનેલું છે. કમ્પ્યુટરનો જન્મ ટીવીથી પાંચ-સાત વર્ષ મોડો થવાથી તેનો પ્રચાર-પ્રસાર થોડો મોડો થયો, પણ અત્યારે ભાગ્યેજ કોઈ કંપની, ઓફિસ, દૂકાનો હશે જેમાં કમ્પ્યુટરનો ઉપયોગ ન થતો હોય, આમ ટૂંકાગાળામાં ટીવી/કમ્પ્યુટરએ આપણાં જીવનમાં અગત્યનું સ્થાન મેળવ્યું અને આપણી સૌની જીવનશૈલી બદલી નાખી.

## ટીવી/કમ્પ્યુટરની શૈક્ષણિક ક્ષેત્રે ઉપયોગીતા

શિક્ષણ ક્ષેત્રે ટીવી/કમ્પ્યુટરનાં ઉપયોગની શક્યતાઓ પહેલેથી જ નિષ્ણાતો એ વિચારી હતી. કેટલાંક પ્રયોગમાં રેડિયો, ફિલ્મ અને પુસ્તક કરતા આ નવા માધ્યમને શિક્ષણ માટે પસંદ કરાયું હતું, ''પ્રૌઢ શિક્ષણ'' માટે ટીવી/કમ્પ્યુટરની શક્યતાએ ઉત્સાહથી વિચારાઈ હતી. ભારત જેવા વિકસતા દેશોમાં, જ્યાં પ્રૌઢ શિક્ષણના જાણકારો અને કાર્યક્રમોની અછત જોવા મળે છે ત્યાં ટીવી/કમ્પ્યુટરોથી બુનિયાદી કેળવણી કે પાયાનું શિક્ષણ, નિરંતર શિક્ષણ આપવાનું શ્રેષ્ઠ ગણવામાં આવ્યું છે. દુનિયાના ઘણા દેશોમાં ''વિશાળ ઈલેકટ્રોનિક બ્લેક બોર્ડ'' દ્વારા પ્રૌઢોને બાળકોને, સ્ત્રીઓને ભણાવવાનું સરળ બન્યું છે.

''વિસ્તરણ શિક્ષણ'' ના હેતુ માટે ટીવી/કમ્પ્યુટરનો ઉપયોગ બે બાબતો પર આધાર રાખે છે. (૧) વિસ્તરણનું કામ કરતી સંસ્થાઓ પાસે પુરતા સાધનોની સગવડ (૨) વિસ્તરણના હેતુ માટે રાષ્ટ્રવ્યાપી પ્રસારણ કેન્દ્રોનો વિકાસ.

પ્રથમ સમસ્યા, વિસ્તરણનું કામ કરતી સંસ્થાઓ પાસે ટીવી/કમ્પ્યુટર ની સાથે સાથે અન્ય દ્રશ્ય, શ્રાવ્ય સાધનો, રેડિયો, ટેપરેકોર્ડર, સ્લાઈડ પ્રોજેક્ટર વગેરે હોતા નથી તે છે. પરંતુ હવે ટીવી/કમ્પ્યુટરનો વ્યાપ વધવાથી, સરકારી સહાયોથી લગભગ બધી શૈક્ષણિક, બીન શૈક્ષણિક વિસ્તરણ સંસ્થાઓમાં આ પ્રકારના સાધનો ઉપલબ્ધ બનતા જાય છે. ત્યારે બીજી સમસ્યા ઉપર આપણે ધ્યાન કેન્દ્રીત કરવું જોઈએ. કારણકે અસરકારક પ્રસારણો વિના આ શિક્ષણ વિસ્તરણ પ્રક્રિયા આગળ ચાલી શકે તેમ નથી.

૧૯૫૧માં ફિલાડેલ્ફિયામાં 'Science is a fun' (વિજ્ઞાન એ રમત છે) નામની ટીવી સીરીયલ જોયા ૫ છી બાળકો વનસ્પતિ, કિટકો એકઠા કરતાં, રેડિયોના નવા મોડેલ બનાવતા થયાં. 'EveryOne is an artist' (દરેક જણ કલાકાર છે) સીરીયલ જોયા પછી શાળાઓમાં કલા-કારીગરીના કાર્યક્રમો હાથ ધરાયાં. આપણાં દેશમાં પણ ટીવી/કમ્પ્યુટરો દ્વારા ઘણી શૈક્ષણિક અને વિસ્તરણની સીરીયલ કે ફિલ્મો બનાવાવની શરૂઆત થઈ ચૂકી છે.

શું આપણે ગામડાઓના વિકાસ માટે, કૃષિને વધારે ઉત્પાદક બનાવવા, ગ્રામોદ્યોગોને પુનઃજીવિત કરવા, ગ્રામ લોકોની સુખાકારી વધારવા માટે ટીવી સીરીયલો કે કમ્પ્યુટર કાર્યક્રમોનો ઉપયોગ ન કરી શકીએ ? વપરાશી ચીજ-વસ્તુની મોંઘીદાટ જાહેરાતો પર નભતી હલકાં મનોરંજન આપતી, વેપારી જાહેરાતોને સામાજિક હિતો માટે, સામાજિક વિકાસ કાર્યક્રમો તરફ ન વાળી શકીએ ?

અલબત્ત, વિસ્તરણ શિક્ષણનાં કાર્યક્રમો ઘડવાનું કામ શૈક્ષણિક કાર્યક્રમોના ઘડતર કરતા વધુ કઠીન છે. શૈક્ષણિક કાર્યક્રમો અભ્યાસને આનુસંગિક હોવાથી વિદ્યાર્થીઓ સહજ રીતે ગ્રહણ કરે છે. વિસ્તરણ શિક્ષણના કાર્યક્રમો લોકોની

જરૂરિયાત આધારિત હોવા જ જોઈએ કારણ કે સમાજમાં લોકોની જરૂરિયાતો અલગ અલગ હોય છે, લોકોની સર્વસામાન્ય જરૂરિયાતો શોધીને તેના ઉપર નવા કાર્યક્રમો ઘડવા પડે.

યુ.જી.સી. કોલેજોના વિદ્યાર્થીઓ માટે ટીવી કાર્યક્રમો તૈયાર કરી પ્રસારિત કરે છે, તેવી જ રીતે "ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ"ના સહયોગથી "દૂરદર્શન" કૃષિ વિસ્તરણના હેતુ માટે કાર્યક્રમોનું પ્રસારણ કરે છે. રાજ્યકક્ષાએ પ્રાદેશિક કેન્દ્રો પણ કૃષિ-પશુપાલનનાં ખાસ કાર્યક્રમોનું પ્રસારણ કરે છે, પરંતુ બધાં કાર્યક્રમોની ઘણી મર્યાદાઓ રહેવા પામી છે.

શૈક્ષણિક પ્રસારણો માટે જે તકો પ્રાપ્ત થઈ છે તેના આપણે પૂરો ઉપયોગ કરી શકીશું ? આવા કાર્યક્રમોના નિર્માતાઓ આ નવા માધ્યમોનો સફળતાથી કાર્યદક્ષ ઉપયોગ કરી શકશે ? આ પ્રકારના પ્રસારણોનો લાભ લેવા આપણી શૈક્ષણિક સંસ્થાઓ અને વિસ્તરણ શિક્ષણ સંસ્થાઓ સજ્જ બની શકશે ? આપણાં શિક્ષકો, વિસ્તરણ કાર્યકરો અને વિષય નિષ્ણાંતોને વિદ્યાર્થીઓનાં, ગ્રામવાસીઓનાં કે ખેડૂતો-પશુપાલકોના ટીવી કાર્યક્રમોથી શિખવવા માટે સજ્જ કરી શકીશું ? ટૂંકમાં ટેલિવિઝન કે કમ્પ્યુટરનો શિક્ષણ અને વિસ્તરણ શિક્ષણમાં ઉપયોગ કરવા માટે જવાબદાર બધી જ સંસ્થાઓ અને વ્યક્તિઓ પોતાના ભાગે આવતી જવાબદારી પૂર્ણ કરી શકશે? આ મુશ્કેલીઓનો ઉકેલ લાંબાગાળે થઈ શકે તેમ છે.

### ટીવી/કમ્પ્યુટરની ખાસિયતો

નવું સાધન આવી જવા છતાં તેનો શ્રેષ્ઠતમ ઉપયોગ થાય તે માટે દ્રશ્ય-શ્રાવ્ય સાધનોના ઉપયોગ સંબંધિત તાલિમ અનિવાર્ય છે. ટીવી/કમ્પ્યુટરના ઉપયોગની ટેકનીકનો વિચાર કરીએ તો આ સાધન શું કરી શકે અને શું ન કરી શકે તેનો વિચાર કરવો જોઈએ ટીવી/કમ્પ્યુટરના માધ્યમની કેટલીક ખાસિયતો નીચે મુજબ છે.

### અન-અપેક્ષીત કાર્યક્રમો

જ્યારે આપણે કોઈ જીવંત પ્રસંગો કે પ્રસારણ નિહાળીએ ત્યારે તેમાં તલ્લીન થઈએ છીએ અને આપણી ઉત્સુકતા વધે છે. કારણ કે છેલ્લે શું થશે તે પરિણામો જાણવા પ્રેરાઈએ છીએ. તેથી ચલચિત્રોમાં બને છે તેમ જીવંત પ્રસારણોમાં અગાઉથી નક્કી થયેલું પરિણામ જોવા મળતું નથી. આમ આ માધ્યમ અન-અપેક્ષિત કાર્યક્રમો કે ઘટનાઓ આપે છે.

### સંદેશા વહનનું એકધારા પણું

આ સાધનો દ્વારા મોટાભાગના શ્રોતાઓને એક જ સમયે સર્વસામાન્ય અનુભવ થાય છે. મતલબ આ સાધનોના પ્રસારણોમાં કેટલુંક તત્ત્વ બધા જ શ્રોતાને એકસરખી અસર કરે છે. ટીવી ઉપર પ્રસારિત થતાં કાર્યક્રમો અવિરત પણે ચલાવી શકાય છે અને તેનું અનુસંધાન પણ જાળવી શકાય છે તેથી સંદેશાઓ શ્રોતાઓ સુધી એકધારા પહોંચે છે જેની અસર શ્રોતાઓના માનસ ઉપર અસર થાય છે તે મહત્ત્વની ખાસિયત છે.

### સર્વતોન્મુખી સાધન

ટીવી/કમ્પ્યુટર એક વિષય કે વ્યવસાયમાંથી બીજા તરફ સહેલાઈથી જનાર, અનેક વિષયોમાં ગતિ કરી શકનાર, પરિવર્તનશીલ વાહક છે. પ્રસારણમાં અનેક દ્રશ્ય-શ્રાવ્ય સાધનોનો સહેલાઈથી ઉપયોગ થઈ શકે છે. તેમાં મોડેલ્સ, નિદર્શનો, પ્રદર્શનો, સાઈનબોર્ડ વગેરે દ્વારા પદ્ધતિ નિદર્શન અને પરિણામે નિદર્શન, જરૂરી સાધનોની ઓળખ, પ્રક્રિયાઓનું પુનરાવર્તન બતાવી શકાય છે. આમ ટીવી/કમ્પ્યુટર પરિવર્તનશીલ અને સર્વતોન્મુખી સાધન બની રહ્યું છે. કારણ કે આ માધ્યમ દ્વારા અક્ષરસઃ સંદેશાવહનમાં હિસ્સો આપનાર ચીજ-વસ્તુનો ઉપયોગ કરી શકાય છે, તેથી તો શિક્ષણ પ્રક્રિયામાં વિવિધતા આવે છે.

### એક માર્ગી સંદેશા વ્યવહાર

ટેલીવિઝન શિક્ષક તેના વિદ્યાર્થીઓ સાથે જીવંત સંબંધ સ્થાપી શકતો નથી. જેને એક પક્ષીય કાર્યક્રમ કે એક માર્ગી પ્રક્રિયા કહે છે. આવા કાર્યક્રમો દ્વારા બે પ્રતિક્રિયાનો તફાવત જન્મે છે. શિક્ષક પોતાના વિદ્યાર્થીને ઉત્તેજીત કરી શકે છે, પરંતુ વિદ્યાર્થીઓ પોતાની ગુંચવણ દૂર કરવા માટે પ્રશ્નો પુછી શકતા નથી, અલબત્ત આ મર્યાદા હવે જૂની થઈ છે કારણ કે પ્રોગ્રામ પ્લાનીંગ થી જીવંત કાર્યક્રમોમાં ફોન દ્વારા પ્રશ્નો પુછી, નિરાકરણ મેળવી શકાય છે. વર્તમાન "ટેલી-કોમ્પ્યુનિકેશન સિસ્ટમ" થી વક્તા-શ્રોતા દૂર હોવા છતાં માઈક્રોફોન અને કેમેરાની મદદથી માધ્યમોને જીવંત અને દ્વિમાર્ગી બનાવી શકાયું છે.

### શ્રોતાની સમજણ દ્રઢ બનાવે

ટીવી/કમ્પ્યુટર તેના શ્રોતામાં પડેલ વિચારો, માન્તાઓ અને વલણોને ઉત્તેજીત કરે છે, દ્રઢ કરે છે. શ્રોતાઓની જાણકારી સમજણમાં વધારો કરી વધુ અસરકારક બનાવી દ્રઢી કરણ વધારે છે. માટે જ મોટા ભાગની શૈક્ષણિક સંસ્થાઓ ટીવી/કમ્પ્યુટરને શૈક્ષણિક હેતુ માટેનું સાધન ગણી ધારે તેટલું અશરકારક બનાવી શકે છે.

## વર્ગખંડમાં ટીવી/કમ્પ્યુટરનો ઉપયોગ

મનોરંજન અને શિક્ષણ વચ્ચેનો તફાવત સૌ પ્રથમ સ્પષ્ટ કરવો જરૂરી છે. મનોરંજનના કાર્યક્રમો, કલાકારો શિક્ષણમાં ચાલતા નથી. શૈક્ષણિક પ્રક્રિયાઓ વધારે શિક્ષણની શક્યતાઓ ઉભી કરે છે. શ્રોતાઓની સમજણમાં વધારો થવાથી શિક્ષણ કે વિસ્તરણ શિક્ષણની પ્રક્રિયા સફળ બને છે. શિક્ષક તરીકે શિક્ષણમાં ઉપયોગી થતા ટીવીકાર્યક્રમો વિદ્યાર્થી / લાભાર્થીઓની ગ્રહણશીલતા અને રસના વિશિષ્ટ સંદર્ભો ઉર ધ્યાન કેન્દ્રીત કરવું અનિવાર્ય બને છે. યોગ્ય વિષય વસ્તુની પસંદગી, યોગ્ય પદ્ધતિની પસંદગી, પ રિણામો વગેરે દ્વારા શિક્ષણની ગુણવત્તા, નજીકતા, વિવિધતા, એકધારાપણું વગેરે બાબતોને ન્યાય આપી શકાય છે.

વર્ગખંડમાં ટીવી કાર્યક્રમો જોવા સાંભળવાનું ગોઠવવામાં આવે ત્યારે જીવંત પ્રસારણો વર્ગના સમયે જોવાનું મુશ્કેલ બને છે.ઘણી વખત અમુક પ્રસારણો અમૂક વિસ્તારમાં જ જોઈ શકાય છે, જાહેર થયાં પ્રમાણેના કાર્યક્રમોમાં ફેરફાર પણ થઈ શકે છે, આવી મુશ્કેલીઓનું નિવારણ પણ શક્ય બન્યું છે.

ટીવી/કમ્પ્યુટરનો ઉપયોગ કયા સ્થળે કરવો ? સામાન્ય રીતે ટીવી જોવાનું વર્ગખંડમાં ગોઠવી શકાય છે, પરંતુ ક્યારેક શિક્ષકો વર્ગખંડની બહાર, પંચાયત ઓફિસે, સહકારી મંડળી કે અન્ય સંસ્થાના મકાનમાં પણ ગોઠવી શકે છે. ટીવી કાર્યક્રમો જોવા માટે કેટલીક ભૌતિક બાબતો પણ ધ્યાનમાં રાખવી જરૂરી છે. જેમ કે ટીવી સ્ક્રીન ઓછામાં ઓછો ૨૧ ઈંચનો હોવો જોઈએ. સ્ક્રીન ઉપર સીધો પ્રકાશ ન પડવો જોઈએ, દર્શકો આરામથી નિહાળી શકે તે માટે ટીવી સેટ આંખની સપાટી જેટલી ઉંચાઈએ જ ગોઠવવો જોઈએ.

## પ્રૌઢશિક્ષણમાં ટીવી/કમ્પ્યુટરનો ઉપયોગ

કેટલાંક વિસ્તારોમાં પ્રૌઢશિક્ષણ ક્ષેત્રે પણ ટીવી/કમ્પ્યુટરનો ઉપયોગ સફળતા પૂર્વક થયો છે.જો સમૃદ્ધ અને ફળદાયી કાર્યક્રમો આપી શકાય તો પ્રૌઢોને આકર્ષવા અને રસપૂર્વક કાર્યક્રમો જોતા કરવાનું કામ મુશ્કેલ નથી. કરોડો પ્રૌઢોને પોતાના બાળકોના ઉછેર, શિક્ષણ અને સંસ્કાર આપવાની ચિંતા છે. જેમાં ટીવી/ કમ્પ્યુટરના કાર્યક્રમો ઉપયોગી થઈ શકે ચે.

આપણાં દેશમાં કરોડો લોકો પરિસ્થિતવશ પ્રાથમિક માધ્યમિક કક્ષાથી અભ્યાસ છોડી દે છે અને રોજીંદા વ્યવસાયમાં જોડાય છે. તેવા લોકોના જીવનને સમૃદ્ધ બનાવવા અભ્યાસો-કાર્યક્રમો ટીવી/કમ્પ્યુટર દ્વારા બતાવવામાં આવે તો અવશ્ય ખેડૂતો પશુપાલકો, ખેતમજૂરો, ગ્રામ્ય કારીગરોનો કૌશલ્યો, જાણકારીમાં વધારો કરી શકાય. આપણાં ઉચ્ચ કક્ષાના વહીવટદારો, ઈજનેરો, ડોકટરો વગેરે ટીવી/કમ્પ્યુટર દ્વારા પોતની કાર્યક્ષમતા, કાર્યકુશળતા વધારી શકે છે.

આ બધાં જ કાર્યક્રમોની સફળતાનો આધાર સરકારની ટીવી/કમ્પ્યુટર અંગેની નીતિ પર છે. કેવાકાર્યક્રમો બનાવાય છે ? હલકાં મનોરંજનને બદલે શિક્ષણના કાર્યક્રમોને વધુ મહત્ત્વ અપાવું જોઈએ. આર્થિક વિકાસને પરિણામે જીવન ધોરણ ઊંચું જતાં, કામના કલાકો ઘટતા, ફુરસદના સમયનો અર્થપૂર્ણ ઉપયોગ ટીવી/ કમ્પ્યુટર દ્વારા શિક્ષણ પ્રાપ્ત કરવામાં થઈ શકે.

ટીવી/કમ્પ્યુટર કાર્યક્રમો જોવાનું વિસ્તરણ કેન્દ્રો ઉપર ગોઠવી શકાય છે તે ઉપરાંત ખેડૂતો, ગ્રામલોકો પોતાના ઘરો કે ખેતર ઉપર પણ કાર્યક્રમો જોઈ શકે છે. આ માટે વિસ્તરણ કાર્યકરો દ્વારા જરૂરી પ્રેરણા અને માહિતિ પ્રસારણનું સમયપત્રક આપવું જરૂરી છે. આધુનિક સમયમાં વિસ્તરણ કાર્યકરોની આ પણ ફરજ ગણાવી જોઈએ આ માટે કાર્યકરે નીચેની પ્રક્રિયાઓ કરવી જોઈએ.

- વિસ્તરણ કાર્યકરે પોતાના કાર્યક્ષેત્રનો ઝડપી સર્વે કરી લોકોનો રસ, પ્રવૃત્તિઓ, વ્યવસાયો અને જરૂરિયાતો અંગેની માહિતી એકત્ર કરવી જોઈએ.
- પ્રાદેશિક ટીવી કેન્દ્ર અને રાષ્ટ્રીય પ્રસારણ કેન્દ્રાનો સંપર્ક કરી તેના કાર્યક્રમોની જાણકારી
- મેળવેલી જાણકારી ઉપરથી કયા જૂથને, કયા દિવસે, કયા કાર્યક્રમો જોવા ગમશે તેનાં તારણો કાઢી લોકોના જૂથો બનાવવા.
- અલગ અલગ જૂથને કાર્યક્રમો બતાવવા અને અનુસરણ કરવું.
- કાર્યક્રમ અંગે પ્રતિભાવો, તારણો, સમસ્યાઓ, માંગણી દૂરદર્શન કેન્દ્રને મોકલવા.
- પોતાનાં વિસ્તારમાંથી રજૂ કરવા યોગ્ય કાર્યક્રમોની શક્યતાઓ તપાસવી અને તેની જાણ પ્રાદેશિક દૂરદર્શન કેન્દ્રને કરવી. દા.ત. કોઈ ખેડૂતનાં ખેતર ઉપર થતાં અખતરા, તેણે અપનાવેલ નવીન અભિગમ, નવીન ટેકનોલોજીનાં પરિણામો, ગામમાં ચાલતા વિશિષ્ટ ગ્રામોદ્યોગ, મહિલા પદ્ધતિઓ, સેવા સંસ્થાઓ દ્વારા આયોજિત મેળાઓ, પ્રદર્શનો, આરોગ્યને લગતા કેમ્પ્સ વગેરે.

● ● ●

# પર્યાવરણ બચાવ માટે
# મિડીયા અને કાનૂનની પ્રભાવશાળી ભૂમિકા

હેમંત પટેલ

*પર્યાવરણનું નિયમન કોઈપણ સંસ્થા દ્વારા થાય તે શક્ય નથી. પર્યાવરણ જાળવી રાખવા માટે સૌ પ્રથમ ફરજ એ દરેકની વ્યક્તિગત ફરજ હોય છે. ર્યાવરણ આધારિત ઘણાબધા કાયદાઓ અસ્તિત્વમાં છે, પરંતુ યોગ્ય અમલીકરણને અભાવે પાલન થઈ શકતું નથી. ભારે જનજાગૃતિ એક માત્ર વિકલ્પ છે. આપણાં દેશની મોટાભાગની પ્રજા ગ્રામ્ય વિસ્તારમાં રહે છે. વળી શિક્ષણના અભાવને કારણે તેમને જાગૃત કરવા મુશ્કેલ છે. કાયદા વિશેની સમજ દરેક વ્યક્તિના મન સુધી ન પહોંચે ત્યાં સુધી ઉકેલ શોધવો મુશ્કેલ છે. માટે મીડિયા જ એક એવો વિકલ્પ છે, જે માનવીનાં મન સુધી પહોંચી શકે છે.*

**સા**માન્ય રીતે આપણે પર્યાવરણ, મિડીયા અને કાનૂનને અલગ અલગ દૃષ્ટિબિંદુથી જોતા આવ્યા છીએ. જાણે આ ત્રણે વિષય એકબીજા સાથે ખાસ સંકળાયેલા નથી.

પરંતુ વાસ્તવમાં આ ત્રણે પરિબળ એકબીજા સાથે અભિન્ન રીતે જોડાઈ ગયા છે. તેઓ એકબીજાને સહાયકની ભૂમિકા પૂરી પાડવા માટે તૈયાર થઈ ગયા છે.

આપણે સૌ પ્રથમ પર્યાવરણની પરિભાષાને સમજવાનો પ્રયત્ન કરીએ? પર્યાવરણ એટલે જાણે ચારેબાજુથી ઘેરાયેલું. તેની સંધિ *પરિ+આવરણ* થાય છે. અંગ્રેજીમાં પર્યાવરણને આપણે Environment ના નામે ઓળખીએ છીએ. પર્યાવરણની અંતર્ગત જીવ, જંતુ, પ્રાણી, જીવાણુ, વિષાણુ, વનસ્પતિ, વાયુ, જળ, માટી, સમુદ્ર, પહાડ જેવા નિર્જિવ અને સજીવ પદાર્થોનો સમાવેશ થાય છે.

આપણા ગ્રહ ઉપરના પ્રાણી, પક્ષી, જીવાણુ અને માનવ તેમજ વનસ્પતિ માટે પર્યાવરણનું સમતોલન જળવાઈ રહેવું એ અનિવાર્ય બાબત છે.

પાછળના ચાર પાંચ દાયકાથી વસતિ, વાહનો અને ઔદ્યોગિક એકમો બેશૂમાર રીતે વધી રહ્યા છે. જેના કારણે સમગ્ર પર્યાવરણ ડામાડોળ થવા લાગ્યું છે. જેના કારણે લોકોના સ્વાસ્થ્ય ઉપર ભારે અસર થઈ રહી છે. ઘણી અજબ બીમારીઓ અસ્તિત્વમાં આવી રહી છે. પ્રાણીઓની કેટલીક પ્રજાતિઓ લુપ્ત થઈ રહી છે. ઓઝોન વાયુના સ્તરમાં ગાબડા પડવા લાગ્યા છે. ચારેબાજુ હિમપાત, ભૂકંપ, અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિ જેવી કુદરતી આપત્તિઓ અસ્તિત્ત્વમાં આવી રહી છે. આ બધા પાછળનું મુખ્ય કારણ આપણે બગાડી નાખેલું પર્યાવરણ છે.

આ બગડતા પર્યાવરણને બચાવવા માટે મુખ્ય બે પરિબળો સહાયકની ભૂમિકામાં અસ્તિત્વમાં આવ્યા છે. જેમાંનું પ્રથમ પરિબળ છે, મીડિયા. જ્યારે મીડિયા કરતા થોડી અલગ ભૂમિકા ભજવતું બીજું પરિબળ છે, કાનૂન.

અમુક ચોક્કસ લોકો માટે મીડિયા પ્રભાવશાળી ભૂમિકા ભજવી શકે છે. જ્યારે અમુક ચોક્કસ પ્રકારના લોકો અને સમાજ માટે કાનૂનનો સહાલો લેવો અનિવાર્ય બની જાય છે.

આપણે પ્રથમ થોડી મીડિયાની ભૂમિકા સમજીએ મીડિયા દ્વારા આપણે સમાજમાં પર્યાવરણ બાબતે લોકોમાં જાગૃતિ લાવી શકીએ. જો કે મીડિયા દ્વારા જાગૃતિ લાવવાના પ્રયત્નો ચાલુ છે.

મીડિયા તરીકે ઘણા બધા માધ્યમોનો સમાવેશ થાય છે, જેવા કે પ્રિન્ટ મીડિયા એટલે કે જેમાં સમાચાર-માહિતીને છાપીને પ્રગટ કરવામાં આવે છે. જેમાં લઘુ પુસ્તિકાઓ, પોસ્ટર, સમાચાર પત્ર, ચોપાનિયા અને સમાચાર પત્રનો સમાવેશ

(લેખક હેમ.ઉ.યુનિ. પાટણના કાયદાશાસ્ત્રના અનુસ્નાતક છે.)

કરી શકાય.

મીડિયાના બીજા પ્રભાવશાળી ક્ષેત્ર તરીકે અત્યારે ઈલેક્ટ્રોનિક મીડિયાનો સમાવેશ થાય છે.જેમાં રેડિયો, ટીવી, ફિલ્મ અને ઈન્ટરનેટનો સમાવેસ કરી શકાય છે.

મીડિયાની મદદથી સંવેદનશીલ, વિચારશીલ તેમજ ચિંતનપ્રધાન લોકોને જાગૃત કરે છે. તેમ છતા મીડિયા પોતે પૂરેપૂરી રીતે સફળ બની શકતું નથી.

સમાજનો ઘણો વર્ગ માત્ર ક્ષણિક લાભ અને વ્યક્તિગત લાભ પ્રત્યે આકર્ષાયેલા હોય છે. તેમને પર્યાવરણને થઈ રહેલા નુકશાન પ્રત્યે ખાસ કોઈ લાગણી હોતી નથી. તેમને નુકશાન પહોંચાડતા અટકાવવા માટે કાનૂની સહાય લેવામાં આવે છે. પર્યાવરણને થઈ રહેલા નુકશાનને રોકવા માટે કાનૂનની અંતર્ગત ઘણાબધા અધિનિયમો બનાવવામાં આવ્યા છે.

પર્યાવરણના રક્ષણ માટે ભારત સરકાર દ્વારા અત્યાર સુધી મુખ્ય ૧૩ જેટલા અધિનિયમો બનાવવામાં આવ્યા છે. આ દરેક અધિનિયમની અંતર્ગત અસંખ્ય પેટા નિયમો બતાવવામાં આવ્યા છે.

- વાયુ (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ ૧૯૮૧
- જળ (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ ૧૯૭૪
- જળ (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) ઉપકાર નિયમાવલી ૧૯૭૮
- ભારતીય વન અધિનિયમ ૧૯૨૭
- વન સંરક્ષણ અધિનમયમ ૧૯૮૧
- વન્ય જીવ સંરક્ષણ અધિનિયમ ૧૯૮૧
- પરમાણુ ઉર્જા અધિનિયમ ૧૯૮૬
- પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ ૧૯૬૨
- રાષ્ટ્રીય પર્યાવરણ અધિનિયમ ૧૯૯૫
- કારખાના અધિનિયમ ૧૯૪૮
- કીટનાશક અધિનિયમ ૧૬૮
- મોટર યાન અધિનિયમ ૧૯૮૮
- લોક દાયિત્વ વિમા અધિનિયમ ૧૯૯૧

પર્યાવરણની સ્વસ્થતા એ જીવસૃષ્ટિના અસ્તિત્વ માટે અનિવાર્ય બાબત છે. પર્યાવરણ પોત માનવજાતને સમય આપે છે. જેથી તે ફરીથી સમતુલનમાં આવી શકે. તમે તેને સમતુલનમાં નહીં લાવો તો આખરે વિનાશના સ્વરૂપે પર્યાવરણ સમતુલનમાં આવે છે.

સ્વસ્થ પર્યાવરણ માનવ જીવનની પ્રાથમિક અને સૌથી વધારે અગત્યતા ધરાવતી આવશ્કતા છે. પર્યાવરણ વિરૂદ્ધનો કોઈપણ ભય માનવ જીવન માટે ખતરારૂપ છે. સમાજમાં અસ્તિત્વ ધરાવતા વિભિન્ન પ્રકરના પ્રદૂષણો પર્યાવરણ માટે જોખમરૂપ છે.

પર્યાવરણનું નિયમન કોઈપણ સંસ્થા દ્વારા થાય તે શક્ય નથી. પર્યાવરણ જાળવી રાખવા માટે સૌ પ્રથમ ફરજ એ દરેક વ્યક્તિની વ્યક્તિગત ફરજ હોય છે. પરંતુ પર્યાવરણ આધારિત ઘણાબધા કાયદાઓ અસ્તિત્વમાં છે. પરંતુ યોગ્ય અમલીકરણને અભાવે પાલન થઈ શકતું નથી. ભારે જનજાગૃતિ એક માત્ર વિકલ્પ છે. આપણાં દેશની મોટાભાગની પ્રજા ગ્રામ્ય વિસ્તામાં રહે છે. વળી શિક્ષણના અભાવને કારણે તેમને જાગૃત કરવા મુશ્કેલ છે. કાયદા વિશેની સમજ દરેક વ્યક્તિના મન સુધી ન પહોંચે ત્યાં સુધી ઉકેલ સોધવો મુશ્કેલ છે. માટે મીડિયા જ એક એવો વિકલ્પ છે. જે માનવીનાં મન સુધી પહોંચી શકે છે. વળી તેમની રજૂઆત કરવાની પદ્ધતિ પણ એટલી સરળ હોય છે કે તેઓ સમાજના તમામ વર્ગનાં કોલોમાં જાગૃતિ લાવી શકે છે અને કાયદાઓ વિશે શિક્ષણ પણ આપી શકે છે. મીડિયાના વિવિધ સ્વરૂપો એવા છે કે ન્યૂઝ ચેનલો, સમાચાર પત્રો વગેરે દ્વારા પર્યાવરણ બચાવવા અંગેનું પ્રજાને માર્ગદર્શન આપી શકે છે. આમ, પર્યાવરણને બચાવવા માટે કાનૂન અને મીડિયા અગત્યની ભૂમિકા અદા કરી શકે છે.

● ● ●

## જ્ઞાનના પ્રચાર અને પ્રસારના માધ્યમ તરીકે

# સાર્વજનિક ગ્રંથાલય

મૃગિની દવે

*ગ્રંથાલયમાં પ્રવેશતો વાચક માત્ર પુસ્તક મેળવવા જ આવે છે એવું નથી પણ તે તેમાંથી જ્ઞાન, માહિતી, પ્રેરણા તેમજ મનોરંજનનું ભાથું પણ મેળવે છે. એ રીતે મહાસાગરથી પણ ઉંડા જ્ઞાનવિદ્યાના આરે જ્યારે કોઈ વાચક આવે ત્યારે તેની જ્ઞાન પીપાસાને સંતોષી શકવા માટે સાર્વજનિક ગ્રંથાલય તેનો માર્ગદર્શક બની રહે છે. સાર્વજનિક ગ્રંથાલયમાં આવતા વાચકને ઉમરનો કોઈ બાધ નડતો નથી, તે મુક્ત રીતે પોતાની માગને સંતોષી શકે છે. જ્ઞાનના પ્રચાર અને પ્રસાર માટે અથવા તેને સહજરૂપ થવા માટે અધ્યયનના એક સાધન તરીકે સાર્વજનિક ગ્રંથાલયો અસ્તિત્વમાં આવ્યાં. વ્યક્તિનો વિકાસ કરવાના શુભ આશયથી સાર્વજનિક ગ્રંથાલયોની સ્થાપનાનો સ્વીકાર થયો અને તેનો અમલ પણ થયો.*

મનુષ્ય માત્ર ખોરાક માટે જ નથી જીવતો પણ પોતાના જીવનને ઉંચા શીખર પર પહોંચાડવા માટે આધ્યાત્મિક તેમજ સાંસ્કૃતિક પ્રવૃત્તિ દ્વારા અથાગ પ્રયાસ કરે છે. દરેક મનુષ્યનું ધ્યેય એવું હોવું જોઈએ જે સુસંસ્કૃત અને સમૃદ્ધ જીવન મૂળભૂત ઉદ્દેશ્યો દ્વારા ગ્રંથાલયમાંથી ખૂબ સરળતાથી મેળવી શકે તેવા પ્રયાસો ગ્રંથાલયે કરવા જોઈએ. કોઈપણ રાષ્ટ્રની સંસ્કૃતિના ઘડતરમાં પુસ્તકો અને ગ્રંથાલયો મહત્ત્વનો ભાગ ભજવે છે. અને તેના સુખ-દુખનો સાથીદાર છે. એટલે જ કહેવાય છે કે, ક્યારેક સારૂં પુસ્તક પણ માનવીનું જીવન બદલી નાંખવામાં ઘણું મદદરૂપ થાય છે.

ગ્રંથાલયમાં પ્રવેશતો વાચક માત્ર પુસ્તક મેળવવા જ આવે છે એવું નથી પણ તે તેમાંથી જ્ઞાન, માહિતી, પ્રેરણા તેમજ મનોરંજનનું ભાથું પણ મેળવે છે. એ રીતે મહાસાગરથી પણ ઉંડા જ્ઞાનવિદ્યાના આરે જ્યારે કોઈ વાચક આવે ત્યારે તેની જ્ઞાન પીપાસાને સંતોષી શકવા માટે સાર્વજનિક ગ્રંથાલય તેનો માર્ગદર્શક બની રહે છે. સાર્વજનિક ગ્રંથાલયમાં આવતા વાચકને ઉમરનો કોઈ બાધ નડતો નથી, તે મુક્ત રીતે પોતાની માંગને સંતોષી શકે છે.

જ્ઞાનના પ્રચાર અને પ્રસાર માટે અથવા તેને સહજરૂપ થવા માટે અધ્યયનના એક સાધન તરીકે સાર્વજનિક ગ્રંથાલયો અસ્તિત્વમાં આવ્યાં. વ્યક્તિનો વિકાસ કરવાના શુભ આશયથી સાર્વજનિક ગ્રંથાલયોની સ્થાપનાનો સ્વીકાર થયો અને તેનો અમલ પણ થયો. શિક્ષણ એ સતત ચાલતી પ્રક્રિયા છે. તેમાં ઉંમરનો બાધ નથી, આથી નાના બાળકથી માંડી વૃદ્ધત્વની આરે પહોંચેલા માનવીને ગ્રંથનો સહારો લેવો પડતો હોય છે.

### સાર્વજનિક ગ્રંથાલયનો અર્થ

ડૉ.એસ.આર.રંગનાથને સાર્વજનિક ગ્રંથાલયનો અર્થ સંજાવતાં કહ્યું છે કે, 'સાર્વજનિક ગ્રંથાલય લોકો દ્વારા, લોકો માટે સ્થપાયેલી હોય તથા જેનો હેતુ સમાજના તમામ વ્યક્તિઓને સરળ અને યોગ્ય સ્વશિક્ષણની તક પૂરી પાડવાનો છે.'

સાર્વજનિક ગ્રંથાલયની મહત્તા દર્શાવતા શ્રી એન્ડ્રૂ કાર્નેગીએ કહ્યું છે કે, "રાષ્ટ્ર માટે વિશેષતઃ પ્રખર બુદ્ધિશાળી જાગૃત લોકો માટેની ઉચ્ચત્તમ કક્ષાની સલામતી અન્યત્ર નથી અને તેથી જ સાર્વજનિક ગ્રંથાલયને પ્રજાના ઉત્કર્ષ માટેની ઉત્તમ સંસ્થા તરીકે પસંદ કરૂં છું."

આમ, ઉપર્યુક્ત વ્યાખ્યાઓ પરથી એમ કહી શકાય કે સાર્વજનિક ગ્રંથાલય એ સમાજને વિનામૂલ્યે નિષ્પક્ષ અને નિર્દોષભાવે, જ્ઞાન, માહિતી અને પ્રેરણા આપતી સામાજિક અને શૈક્ષણિક સંસ્થા છે.

### સાર્વજનિક ગ્રંથાલયોની સેવાઓ

૧૯૭૨માં ભારત સરકારે સ્વાયત્ત સંગઠન રાજા રામમોહન રાય લાઈબ્રેરી ફાઉન્ડેશન, કલકત્તાની સ્થાપની કરી, આ સંગઠને પોતાની સમરૂપ અને અસમરૂપ

(લેખક પાટણ સ્થિત શેઠ એમ.એન.લૉ કોલેજમાં લાઈબ્રેરીયન છે.)

સહાયતાની વિવિધ યોજનાઓ દ્વારા ગુજરાતમાં સાર્વજનિક સેવાઓના વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપેલ ચે. જેમાં કેટલીક વિશિષ્ટ સેવાઓની ચર્ચા નીચે મુજબ છે.

**(ક) બાળકો અને ગ્રંથાલય સેવા**

બાળવિભાગ આધુનિક સાર્વજનિક ગ્રંથાલયનું આવશ્યક અને અનિવાર્ય અંગ છે. આ ગ્રંથાલયમાં બાળકોની માંગ સંતોષી શકાય તે પ્રમાણે તેની વાંચન સામગ્રી વસાવવામાં આવે છે. બાળગ્રંથાયલની સજાવટ બાળકોને ધ્યાનમાં રાખીને બાળકો આકર્ષાય એ રીતે કરેલી હોય છે. બાળકોની વાચન ટેવ વિકસે તે માટેના ખાસ પ્રયાસો બાળગ્રંથાલયોમાં કરવામાં આવે છે. બાળવાર્તા કહેવી, સારાં પુસ્તકોનું વાંચન કરવું, પર્વના દિવસે ગ્રંથ-પ્રદર્શન યોજવું. શિષ્ટ ફિલ્મો બતાવવી, બાળ-ચિત્રસ્પર્ધા અને નિબંધ હરીફાઈનું આયોજન કરવું એ આવા ગ્રંથાયલના સામાન્ય કાર્યક્રમ ગણાય છે.

**(ખ) મહિલાઓ અને ગ્રંથાલય સેવા**

'એક શિક્ષિત અને કેળવાયેલી માતા સો શિક્ષકની ગરજ સારે છે.' - આ ઉક્તિને સફળ બનાવવા માટે સાર્વજનિક ગ્રંથાલયો મહિલાઓને ઉપયોગી એવા વિષયોના પુસ્તકો અને સામયિકો મંગાવો છે અને તેનો જુદો વિભાગ ચલાવે છે. સામાન્ય જ્ઞાન અને ચારિત્ર્ય ઘડતર ઉપરાંત ગૃહ સજાવટ, ખોરાક, આરોગ્ય, પાકશાસ્ત્ર, ભરતગૂંથણ, સિલાઈ અને અન્ય સંબંધિત વિષયોના સાહિત્ય આવા ગ્રંથાલયમાં મળી રહે છે. પોતાના બાળકોનો સારી રીતે ઉછેર કરીને તેના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપી શકે તે માટે મહિલાઓ ગ્રંથાલયોમાં આવે શિષ્ટ પુસ્તકોના વાંચન દ્વારા પોતાના જીવનનું ઘડતર કરે એવા આદર્શ સાથે મહિલાઓ માટેના અલગ પુસ્તકાલયો હોય છે.

**(ગ) વૃધ્ધો અને ગ્રંથાલય સેવા**

ગ્રંથાલય એ કેળવણીનું અવિભાજ્ય અને અનિવાર્ય અંગ છે. વૃદ્ધો શીખેલું ભૂલી ન જાય, તેમની વાંચન માટેની ટેવ વિકસે અને તેમના જ્ઞાનમાં ઉત્તરોત્તર વધારો થાય તેવું સાહિત્ય વૃદ્ધોને આપવાની વ્યવસ્થા આવાં ગ્રંથાલયોમાં કરવામાં આવે છે. સાર્વજનિક ગ્રંથાલયોમાં આ માટે જુદો વિભાગ ઉભો કરવામાં આવે છે. નવ શિક્ષિત વૃદ્ધોને મનોરંજક, પ્રેરણાત્મક અને માહિતીપ્રદ સાહિત્ય પૂરું પાડવાની જવાબદારી સાર્વજનિક ગ્રંથાલય બજાવે છે.

**(ઘ) અંધજનો માટે ગ્રંથાલય સેવા**

અંધજનો માટે બ્રેઈલ ગ્રંથો, વ્યાખ્યાયનની તેમજ વાર્તા-સાહિત્યની કેસેટો વસાવવામાં આવે છે. આ સેવા વિકસાવવા માટે ગ્રંથાલય અંધજન મંડળની સલાહસૂચન લે છે તેમજ તેના સહકારથી આવા પ્રકારની સેવાઓ વિકસાવે છે.

**(ચ) કેદીઓ અને પુસ્તકાલય સેવા**

જેલમાં ચાલતા ગ્રંથાલયો ગુનાહિત વ્યક્તિના મનમાંથી ખરાબ વિચારોને નષ્ટ કરીને સારું જીવન જીવવાની પ્રેરણા આપે છે. કેદીઓ તે વાંચીની સમાજમાં સ્વસ્થતાથી જીવી શકે તેવું વાતાવરણ વિકસાવવાનૂ કાર્ય આ ગ્રંથો દ્વારા કરવાની નેમ છે. જેલના પુસ્તકાલયો ચરિત્ર ઘડતર માટે સારાં સારાં પુસ્તકો વસાવે અને કેદીઓને પુસ્તકો વાંચવાની સુવિધા કરી આપે તે આ જાતનાં ગ્રંથાલયોની નેમ છે.

**(છ) ફરતા પુસ્તકાલયો**

વડોદરા રાજ્યના મહારાજા સયાજીરાવ ગાયકવાડ (ત્રીજા) એ ફરતા પુસ્તકાલયની પ્રવૃત્તિ સૌ પ્રથમ ૧૯૧૧માં શરૂ કરી હતી. સાર્વજનિક ગ્રંથાલયોની વિશિષ્ટ સેવાઓમાં ફરતાં પુસ્તકાલયોની સેવાને મહત્ત્વની સેવા ગણી શકાય. આજે મોટા શહેરોમાં નગરપાલિકાઓ તથા મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી, પોતાના મુખ્ય ગ્રંથાલયોના વિસ્તરણ કાર્યના ભાગ તરફી ફરતા પુસ્તકાલયો ચલાવવામાં આવે છે. અગાઉ, આવાં ફરતાં પુસ્તકાલયો જુદા જુદા વિસ્તારમાં નિશ્ચિત સમયે જઈ માત્ર પુસ્તકોનું આદાનપ્રદાન કરતા હતા. હવે મોટા શહેરોમાં જિલ્લા પુસ્તકાલયો પણ અગત્યના ગામડાંઓમાં ફરતું પુસ્તકાલય મોકલી તેની સેવાનાં વ્યાપમાં વધારો કરે છે.

**(જ) ગ્રંથ પ્રદર્શન**

ગ્રંથાલયોમાં ગ્રંથ-પ્રદર્શનો વાચકોની જાણકારી માટે યોજાતા હોય છે. તેમાં પ્રસંગોપાત તેમજ

લેખકવાર પુસ્તકોનાં પ્રદર્શનો યોજવામાં આવે છે. સામાન્ય રીતે ગ્રંથાલયમાં જ યોજાતાં આવાં પ્રદર્શનો જ્યાં જે વિસ્તારમાં ગ્રંથાલયની સુવિધા ન હોય ત્યાંના લોકોમાં વાંચન ટેવ કેળવવા માટે યોજાય છે. મોટા ગ્રંથાલયોથી દૂર ના વિસ્તારમાં રહેતા વાચકો ગ્રંથાલયમાં અનેક કારણોસર આવી શકતા નથી. તેમના માટે ગ્રંથ-પ્રદર્શનો, ગ્રંથગોષ્ટિઓ, વગેરે યોજવામાં આવે છે. તેનાથી ગ્રંથાલય સેવાનો વ્યાપ વધે છે. આ ઉપરાંત ગ્રંથગોષ્ટિ, વાચકમંડળ, શિષ્ટ પુસ્તકોનું વાંચન, વગેરે કાર્યક્રમો જુદા જુદા વિસ્તારમાં ગોઠવવામાં આવે છે. આ કાર્યક્રમોને લીધે લોકો ગ્રંથાલયમાં આવવા માટે આકર્ષાય તેવું વાતાવરણ તૈયાર થાય છે. વાચનની ટેવ વિકસાવવામાં અને ભણેલા વર્ગને ગ્રંથાલય તરફ આકર્ષવા આવા કાર્યક્રમોની સેવા ખૂબ ઉપયોગી પૂરવાર થાય છે.

**(ઝ) કેસેટ શ્રવણ અને ફિલ્મ શો**

સારી કેસોટોનો શ્રવણ કાર્યક્રમ ગામના ચોરે કે પંચાયતના સ્થળે કે જ્યાં લોકો સામાન્ય રીતે ફુરસદના સમયે સંધ્યાટાણે ભેગા થતા હોય ત્યાં યોજાતા હોય છે. તે દિવસે કે અન્ય પ્રસંગે ડૉક્યુમેન્ટરી ફિલ્મો તથા અન્ય સારી વિષયવસ્તુવાળી ફિલ્મના શોનું આયોજન સાર્વજનિક ગ્રંથાલય દ્વારા કરવામાં આવે છે.

**(ટ) ઈન્ટરનેટ દ્વારા માહિતી સેવાઓ**

ઈન્ટરનેટ એ વર્તમાન યુગની અજાયબભરી અને ક્રાંતિકારી શોધ છે. આખા વિશ્વની માહિતી સરળ રીતે ઉપલબ્ધ કરવાની શક્તિ ઈન્ટરનેટમાં રહેલી છે. ઐતિહાસિક દૃષ્ટિએ જોતાં ઈન્ટરનેટની શરૂઆત છેક ૧૯૬૦માં થયેલી છે. ગ્રંથાલયના એક મહત્ત્વપૂર્ણ અંગ તરીકે આજે ઈન્ટરનેટ પર સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

એક જ ગ્રંથાલયમાં વિશ્વની તમામ માહિતી જેવી કે પુસ્તકો,જર્નલ્સ ઈથ્યાદિ મૂકવી અશક્ય છે. પરંતુ કોઈ ચોક્કસ ગ્રંથાલયમાં ઈન્ટરનેટનું જોડાણ હોય તો વિશ્વમાં જુદી જુદી સંસ્થાઓમાં રહેલી ઘણીબધી જરૂરી માહિતી ઈન્ટરનેટ દ્વારા મેળવી શકાય છે. દા.ત. લાઈબ્રેરી ઑફ કૉંગ્રેસમાં સંશોધકને જોઈતું પુસ્તક ઉપલબ્ધ છે કે નહીં અથવા તો તે કયા વાચકને ઈશ્યૂ થયું છે તે પણ ઈન્ટરનેટની મદદથી જાણી શકાય છે. આમ, સમય અને સ્થાનના બંધનમાંથી લગભગ મુક્ત થઈ વિશ્વના ગ્રંથાલયો અરસપરસ માહિતીની આપલે કરી શકે છે.

ગ્રંથ સપ્તાહ સામાન્ય રીતે તા. ૧૪ નવેમ્બરના સમયગાળા દરમિયાન ઉજવાય છે. પંડિત જવાહરલાલ નહેરુના જન્મદિને ગ્રંથાલય સપ્તાહનો પહેલો દિવસ કેટલીક વખતે સ્થાનિક ગ્રંથાલયો ભેગા મળીને સમૂહમાં કાર્યક્રમ ગોઠવીને ઉજવે છે. આ દિવસો દરમિયાન વાચકોની અવરજવર ગ્રંથાલયોમાં વધી જતી હોય છે. આ સમયે વાચકોમાં જાગૃતિ જોવા મળે છે અને પુસ્તકોનો વધુ ઉપયોગ થાય તેવું વાતાવરણ તૈયાર થાય છે.

આમ, આધુનિક સમયમાં સાર્વજનિક ગ્રંથાલયો એ માત્ર પુસ્તકો આપલે કરવાનું કાર્ય કરતા નથી. પરંતુ સમાજના વિશાળ જ્ઞાન પિપાસા સંતોષવાનું મહત્ત્વનું કાર્ય પણ કરે છે. આજે સમાજના પ્રત્યેક વર્ગને જોઈતી માહિતી અને જ્ઞાન મળી રહે તે માટે સાર્વજનિક ગ્રંથાલયોએ જ્ઞાનના સંવાહક તરીકેની જવાબદારી અદા કરવાની છે. આવા ગ્રંથાલયો પરંપરાગત સેવાઓની સાથે સાથે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને મહત્તમ સેવાઓ પણ પૂરી પાડે છે.

● ● ●


**વિકાસલક્ષી સામયિક**

◆ ◆ ◆ **યોજના** ◆ ◆ ◆

**યોજના વાંચો, યોજના વંચાવો**

## મુંબઈ હુમલા પછી દેશમાં સુરક્ષાનું વાતાવરણ

# લોકોમાં સતર્કતા અને સજાગતા ઉપર મુકાતો ભાર

મધુકર ગુપ્તા

*આતંકવાદીને સંબંધિત તમામ ગુપ્ત માહિતીઓના વિશ્લેષણ માટે દેશમાં ૨૦૦૧માં સ્થપાયેલ બહુ માધ્યમ કેન્દ્રને પુનઃ સ્થાપિત કરી સશક્ત બનાવવામાં આવ્યું છે. ૧લી જાન્યુઆરી-૨૦૦૯થી આ કેન્દ્રએ દેશમાં ૨૪ કલાક કામગીરી શરૂ કરી દીધી છે અને તેનું મુખ્ય કાર્ય દેશની જુદી જુદી સુરક્ષા એજન્સીઓ વચ્ચે ગુપ્ત માહિતીની આપ-લે કરવી એ જ રીતે દેશની તમામ સુરક્ષા એજન્સીઓએ પણ તેમની પાસેની ગુપ્ત માહિતી આ કેન્દ્રને પહોંચાડવી જરૂરી હોય છે. અનેક રાજ્યોમાં આ કેન્દ્રની શાખાઓ શરૂ કરી દેવાઈ છે અને કેન્દ્ર તેમ જ રાજ્ય સરકાર વચ્ચે કાયમી અને વિશ્વસનીય સંપર્ક સ્થાપિત કરવાની દિશામાં પણ પગલાંઓ લેવાઈ રહ્યાં છે.*

કોઈપણ સમાજનો વિકાસ સુનિશ્ચિત કરવા માટે સુરક્ષા અને સલામતીનું વાતાવરણ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. આપણા દેશમાં આતંકવાદીઓએ અવારનવાર હિંસક હુમલાઓ કરીને શાંતિને ડહોળવાનો પ્રયાસ કર્યો છે. આ પ્રકારની ઘટનાઓથી અનેક નિર્દોષ લોકોનો જીવ ગયા તેમજ જાહેર અને ખાનગી સંપત્તિઓનું વાતાવરણ સુનિશ્ચિત કરવા માટે અને આતંકવાદી પ્રવૃત્તિઓને ડામવા માટે સરકાર અનેક પગલાંઓ ભરી રહી છે.

પરંતુ ગયા વર્ષે નવેમ્બર મહિનામાં દેશની આર્થિક રાજધાની મુંબઈ ઉપરના આતંકવાદીઓના કાયરતાપૂર્ણ હુમલાએ સમગ્ર દેશને હચમચાવી દીધો હતો. આ હુમલાથી દેશમાં આવા હુમલાઓ વિરૂદ્ધ જાગૃતિ ઉત્પન્ન થવાની સાથે સુરક્ષા વ્યવસ્થાને વધુ સશક્ત અને પરિણામદાયી બનાવવાની જરૂરીયાત પણ ઊભી થઈ.

સુરક્ષા ઉપરના મુખ્યમંત્રીઓના સંમેલનમાં દેશમાં આતંકવાદી ખતરાને પહોંચી વળવા એક યોજના ઘડી કાઢવામાં આવી હતી. આ સંમેલનમાં દેશ માટે બે મુખ્ય ધ્યેય નક્કી કરવામાં આવ્યા છે. પ્રથમ દેશમાં આતંકવાદી હુમલાની વધતી જતી ધમકીઓને પહોંચી વળવા આપણી તૈયારીઓનું ધોરણ ઊંચું લાવવું અને બીજું કોઈપણ આતંકવાદી ધમકી કે હુમલા સામેની આપણી જવાબી કાર્યવાહીને ઝડપી અને નિર્ણાયક બનાવવી.

### મલ્ટી એજન્સી સેન્ટર

આતંકવાદીને સંબંધિત તમામ ગુપ્ત માહિતીઓના વિશ્લેષણ માટે દેશમાં ૨૦૦૧માં સ્થપાયેલ બહુ માધ્યમ કેન્દ્રને પુનઃ સ્થાપિત કરી સશક્ત બનાવવામાં આવ્યું છે. ૧લી જાન્યુઆરી-૨૦૦૯થી આ કેન્દ્રએ દેશમાં ૨૪ કલાક કામગીરી શરૂ કરી દીધી છે અને તેનું મુખ્ય કાર્ય દેશની જુદી જુદી સુરક્ષા એજન્સીઓ વચ્ચે ગુપ્ત માહિતીની આપ-લે કરવી એ જ રીતે દેશની તમામ સુરક્ષા એજન્સીઓએ પણ તેમની પાસેની ગુપ્ત માહિતી આ કેન્દ્રને પહોંચાડવી જરૂરી હોય છે. અનેક રાજ્યોમાં આ કેન્દ્રની શાખાઓ શરૂ કરી દેવાઈ છે અને કેન્દ્ર તેમ જ રાજ્ય સરકાર વચ્ચે કાયમી અને વિશ્વસનીય સંપર્ક સ્થાપિત કરવાની દિશામાં પણ પગલાંઓ લેવાઈ રહ્યાં છે.

### ધારાકીય અને કાયદાકીય પગલાંઓ

નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી એક્ટ, ગેર કાનૂની ગતિવિધી (નિવારક) સંશોધન અધિનિયમ અને અપરાધિક દંડ સંહિતા (સંશોધન) અધિનિયમ બનાવવામાં આવ્યા છે. કેન્દ્ર સરકારે-કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ માટેના કાયદાનું જાહેરનામું પણ બહાર પાડી દીધું છે. એવી પણ જોગવાઈ કરવામાં આવી છે કે દેશમાં ક્યાંય પણ આતંકવાદી પ્રવૃત્તિ અંગે કોઈ વસ્તુ, વ્યક્તિ કે દસ્તાવેજો જપ્ત કરવામાં આવે કે તુરત જ તેને નજીકના પોલિસ સ્ટેશનમાં જમા કરી તેના ઉપર

ઝડપભેર પગલાં ભરવામાં આવે. આતંકવાદ વિરૂદ્ધ કાયદાની વ્યાખ્યા વધુ વ્યાપક બનાવવામાં આવી છે. જેમાં વિશેષ પ્રકારના ગુનાઓ સામે જુદા જુદા આંતરરાષ્ટ્રીય નિયમો લગાવવા આતંકવાદી પ્રવૃત્તિ માટે ભરતી, પૈસા એકત્ર કરવા જેવા ગુનાઓને પણ સામેલ કરવામાં આવ્યા છે.

**નેશનલ ઈન્વેસ્ટીગેશન -૨૦૦૯**

આ કાયદા હેઠળ રાષ્ટ્રીય તપાસ સંસ્થા સ્થાપવાની જોગવાઈ કરવામાં આવી છે. જે દેશમાં હાલના ન્યાયિક અને બંધારણીય માળખાની અંદર કામ કરીને વિવિધ રાજયો, કેન્દ્ર સરકાર તેમજ આંતરરાષ્ટ્રીય કડીઓ અને રાષ્ટ્રીય સુરક્ષાને સ્પર્શતા વિવિધ કેસોની તપાસ કરે. આ કાયદામાં ખાસ અદાલતો સ્થાપવાની જોગવાઈ પણ કરવામાં આવી છે. આ કાયદા હેઠળ- નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી- એનઆઈએની સ્થાપના કરીને તેના પ્રથમ ડાયરેક્ટર જનરલ તરીકે શ્રી આર.વી. રાજુની નીમણૂંક કરવામાં આવી છે.

**ગેર કાનૂની પ્રવૃત્તિ (નિવારક) સુધારા કાયદો**

આ કાયદામાં ૧૯૭૬ના કાયદાની કેટલીક જોગવાઈઓમાં સુધારાઓ કરવામાં આવ્યા છે. જેથી આતંકવાદી પ્રવૃત્તિ સામે કામ પાર પાડવા કાયદાને વધુ મજબૂત બનાવી શકાય. કેટલાંક મહત્ત્વના સુધારાઓ આ પ્રમાણે છે.

- તપાસના સમય દરમિયાન રીમાન્ડ માટે અપરાધિત દંડ સંહિતામાં નક્કી કરાયેલ સમયગાળો- હાલમાં ૧૫,૬૦ અને ૯૦ દિવસથી વધારીને જુદા જુદા કેસો માટે ૩૦,૬૦ અને ૯૦ દિવસનો કરવામાં આવ્યો છે.
- જ્યાં ૯૦ દિવસમાં તપાસ પૂર્ણ થઈ શકે તેમ ન હોય અને - સરકારી વકીલના અહેવાલથી અદાલતને સંતોષ થાય તો - તેવા કિસ્સામાં રીમાન્ડ ૧૮૦ દિવસ સુધી વધારવાની જોગવાઈ કરાઈ છે.
- કોઈપણ કોર્ટ - સરકારી વકીલને સાંભળ્યા વગર આવા કેસોમાં જામીન આપી શકાશે નહીં.
- જો આરોપીઓ સામે રજુ કરાયેલ આરોપનામામાં તેની સામેના આરોપ પ્રથમદર્શીરૂપે ખરા જણાય તો અદાલત તેવા કેસમાં જામીન આપી શકાશે નહીં.
- આ કાયદા હેઠળ તપાસનીશ અધિકારીને તલાસી લેવા- જપ્તી કરવા અને ધરપકડ કરવાની સત્તાઓ આપવામાં આવી છે.

**અપરાધિત દંડ સંહિતા (સંશોધન) અધિનિયમ - ૨૦૦૮**

આ કયાદા હેઠળ- રાજ્ય સરકારો દ્વારા આતંકવાદીનો ભોગ બનેલાઓને થયેલ નુકશાનની પૂર્તિ કરવા માટે ખાસ યોજના તૈયાર કરાઈ છે. આ પ્રકારના ગુનાઓમાં કોર્ટની કાર્યવાહી મુલતવી રાખવાનું ટાળવું અને કેસ ઝડપથી ચલાવવો, આરોપી અને સાક્ષીઓના નિવેદનો, ઓડિયો, વીડીયો કોન્ફરન્સીંગથી પણ આરોપીઓની પૂછપરછનો સમાવેશ થાય ચે.

**કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ( સંશોધન) અધિનિયમ, ૨૦૦૮**

દેશમાં ખાનગી અને સંયુક્ત ક્ષેત્રના ઉદ્યોગોએ વિકાસમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે. આવા ઔદ્યોગિક એકમોની સુરક્ષા-વધતા જતાં આતંકવાદી હુમલાઓને પગલે વધુ જરૂરી બની છે. અગાઉ જાહેર ક્ષેત્રોમાં જ સુરક્ષા વ્યવસ્થામાં મુકતાં - કેન્દ્રીય સુરક્ષા દળને હવે મહત્ત્વપૂર્ણ ખાનગી અને સંયુક્ત ક્ષેત્રના ઉદ્યોગોની સુરક્ષા સોંપવા માટે કાયદામાં ફેરફારો કરવામાં આવ્યો છે. ૧૯૬૮ના કાયદામાં સુધારો કરીને આતંકવાદી હુમલાની મળેલી ધમકીના સંદર્ભમાં આવી સુરક્ષા પુરી પાડવાની જોગવાઈ કરાવામાં આવી છે.

**દરિયાકાંઠાની વિસ્તાોની સુરક્ષા**

મુંબઈ ઉપરના આતંકવાદી હુમલા પછી- દેશમાં દરિયાકાંઠાના વિસ્તારોની સુરક્ષા પ્રત્યે વધુ ધ્યાન ખેંચાયું છે. જાન્યુઆરી, ૨૦૦૫માં મંત્રીમંડળની એક પેટા સમિતિએ દરિયાકાંઠાના વિસ્તારોની સુરક્ષા માટે એક યોજના તૈયાર કરી હતી.જેમાં પાંચ વર્ષથી વધુ સમય માટે ૪૦૦ કરોડ રૂપિયા તેમજ કર્મચારીઓની તાલીમ માટે ૧૫૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

દરિયાકાંઠાના વિસ્તારોની સુરક્ષા યોજના હેઠળ ૭૩ દરિયાકાંઠાના પોલિસ સ્ટેશન ૯૭ ચેકપોસ્ટ, ૫૮ આઉટ પોસ્ટ અને ૩૦ ઓપરેશનલ બેરેકના નિર્માણ માટે મંજુરી આપવામાં આવી છે. દરિયાકાંઠાના પોલિસ સ્ટેશનોએ ૨૦૪ પેટ્રોલીંગ બોટ પુરી પડાશે જેમાં દરિયાઈ

સફર સમુદ્રી જહાજ તેમજ પેટ્રોલીંગ માટેના તમામ આધુનિક ઉપકરણો લાગેલા હશે. ૧૫૩ જીપ, ૩૧૨ મોટર સાયકલો ખરીદવા માટે પણ મંજૂરી અપાઈ છે. દરેક પોલિસ કર્મચારી માટે કમ્પ્યુટર તેમજ અન્ય ઉપકરણો ખરીદવા દશ દશ લાખ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

દરિયાકાંઠાના રાજ્યો તેમજ સંબંધિત મંત્રાલય અને વિભાગો વચ્ચે હાલમાં અનેક બેઠકો યોજવામાં આવી છે. જેમાં સમુદ્રી સુરક્ષા સઘન બનાવવા તેમજ આંતરરાજ્ય ટોળકીઓને ઓળખી તેમના સામે પગલા ભરવા નિર્ણય લેવાયો હતો. આ બેઠકમાં માછીમારી માટેની તેમજ અન્ય પ્રકારની તમામ નૌકાઓની નોંધણી ફરજીયાત કરવી, માછીમારોને ફરજીયાતપણે ઓળખકાર્ડ આપવા તેમજ જાસૂસી અને પેટ્રોલીંગ માટે જહાજો પૂરા પાડવા નિર્ણયો લેવાય હતા.

**રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડ**

દેશના જુદા જુદા ભાગોમાં રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડની કાયમી વ્યવસ્થા ઊભી કરવા કેન્દ્ર સરકારે નિર્ણય કર્યો છે. આ નિર્ણય મુજબ પ્રથમ તબક્કામાં કલકત્તા, મુંબઈ, ચેન્નાઈ, અને હૈદ્રાબાદમાં એન.એસ.જી.ના મુખ્ય કેન્દ્રોની સ્થાપના કરવામાં આવશે. કેટલાક અન્ય શહેરોમાં સુરક્ષા દળો દ્વારા તાલીમ આપીને આતંકવાદ વિરોધી ખાસ દળો તૈયાર કરવામાં આવશે. બેંગ્લોરમાં સૈન્યની એક ખાસ ટુકડી મુકવામાં આવશે.

રાજ્ય સરકારોને સૂચના આપવામાં આવી છે કે તેમના રાજ્યોમાં આતંકવાદ વિરોધી દળો માટે નાણાંની ફાળવણી કરી આવા દળોને વધુ સુસજ્જ બનાવવામાં આવે. આતંકવાદ વિરોધી દળોના જવાનોની તાલીમ માટે કેન્દ્ર સરકાર રાજ્યોને મદદ કરશે. દેશના જુદા જુદા ભાગોમાં આતંકવાદ અને ઉગ્રવાદ વિરોધી ૨૦ જેટલી શાળાઓની સ્થાપના કરવાનું કાર્ય પ્રગતિમાં છે. જેમાં રાજ્ય સરકારોનાં પોલિસ દળના કમાન્ડો યુનિટને ટ્રેનીંગ આપવાનો પણ સમાવેશ થાય છે.

આતંકવાદ સામે લડવા સરકાર અનેક સ્તરે પગલાંઓ ભરી રહી છે. પરંતુ આ તમામ પગલાંઓનું પરિણામ ત્યારે જ મળશે, જ્યારે દેશ એક બનીને તેનો મુકાબલો કરે. રાજ્ય સરકારો, નાગરિક અને સામાજિક સંગઠનો તેમજ તમામ લોકોને એક બનીને આતંકવાદીઓ તેમના પ્રયાસમાં સફળ ન થાયતે માટે પ્રયાસ કરવો પડશે. મુંબઈ હુમલા પછી દેશમાં સર્જાયેલા આક્રોશનો ઉપયોગ આતંકવાદ સામેની એકતામાં થવો જોઈએ.

*(સૌજન્ય : પી.આઈ.બી., અમદાવાદ)*

● ● ●

# સંઘર્ષમાંથી પાર ઉતરતી કાશ્મીરી મહિલાઓ

✍ નુસરત આરા

*કાશ્મીરના સંઘર્ષકાળ દરમિયાન કાશ્મીરી મહિલાઓ તેમની આસપાસ વસતા લોકોના દુઃખ દર્દ ઘટાડવાની પોતાની ક્ષમતા અને શક્તિઓનું નિદર્શન કરી ચૂકી છે. આતંકી ઘટનાનો ભોગ બનેલાની વહારે જવાથી આગળ વધીને શાંતિસ્થાપક તરીકે પણ તેની ભૂમિકા રહી છે. કાશ્મીરનો સંઘર્ષ ૭૦,૦૦૦ જેટલા પુરુષોનો ભોગ લઈ ચૂક્યો છે. આ સંજોગોમાં સંખ્યાબંધ પરિવારોમાં ઘરના બાળકો, આરોગ્ય અને જીવનનિર્વાહની જવાબદારી પણ મહિલાઓ જ નિભાવી રહી છે.*

**ના**ની હતી ત્યારે અમારી શેરીના છેવાડે આવેલી બેકરીએ દોડી જતી હતી. આમ તો બેકરી માલિકની પત્ની ગ્રાહકોને સત્કારવા બારીએ ડોકુ કાઢીને જ બેસી રહેતી. ઠીંગણી પરંતુ ખડતલ મહિલા બ્રેડ અને નાણાની આપલે દરમિયાન હળવું સ્મિત વેર્યા કરતા હતી.

ત્યાં જ એક દિવસે અમે સાંભળ્યું કે કોઈ અજાણ્યા બંધુકધારીએ તેના સૌથી નાના પુત્રને ઠાર માર્યો હતો. એવી અફવા હતી કે એ પુત્ર પોલીસનો બાતમીદાર હતો. અન્ય પડોશીઓની જેમ મારી માતા પણ શોક પ્રદર્શિત કરીને તેના ઘરેથી પાછી ફરી ત્યારે તે ડરેલી હતી જાણે કે તેણે જ હત્યાની દષ્ટિનો સામનો કર્યો હોય. તે પછીના દિવસોમાં મને પણ બેકરી નજીક જતા બીક લાગતી હતી. મને લાગતું હતું કે બેકરી માલિકની પત્નીનો હસતો ચહેરો હવે ફરી નહીં જોઈ શકાય. અને મેં તેની દુકાનેથી બ્રેડ ખરીદવાનું બંધ કર્યું.

કાશ્મીર સંઘર્ષના ભોગ બનેલી કાશ્મીરી મહિલાઓની જે લાંબી યાદી વિશે આજે જાણતી થઈ છું એમાં એ બેકરી માલિકની પત્નીનું નામ પહેલું હતું. મને ગુલની પત્ની પણ યાદ છે. અમારી પડોશમાં જ ગુલ ખાટકીનો વ્યવસાય કરતો હતો. ગુલ અને મારા પિતા બળપણના મિત્રો હતા. શિયાળામાં એ પોતાના મકાનની અગાશી પર પોતાના પુત્રોને પતંગ ચઢાવવાનું શીખવાડતો હતો. મારા ભાઈઓ અને કાકા અમારી અગાશી પર પતંગ ચઢાવતા હતા. મને પતંગ ચઢાવાની મઝા નહોતી આવતી પરંતુ આકાશમાં પતંગોને નૃત્ય કરતા જોવાની મઝા આવતી હતા. મારો પરિવાર અને ગુલની પત્ની પણ છત પર પહોંચીને ઉડતા પતંગોનો આનંદ લેતા હતા.

દરમિયાન એવા સમાચાર આવ્યા કે ગુલના પરિવારના એક પુત્રની હત્યા થઈ હતી. ઘેર જ્યારે લાશ આવી ત્યારે ઘરની ત્રણેય પુત્રવધુ શોકભેર બહાર એ જોવા દોડી આવી હતી કે ત્રણમાંથી કોનું કિસ્મત બોદું નિવડ્યું છે. પરંતુ આ તો બધાંનું જ કિસ્મત ફૂટી ગયું હતું. હું શાળાએથી પાછી ફરી ત્યારે જોયું કે મારૂ ઘર ખાલીખમ હતું અને બહાર રોકકળ થઈ રહી હતી. હત્યા ગુલની થઈ હતી. દુકાનમાં એક ફળફળાદીનું બોક્સ તૂટ્યું હતું. અવાજ એટલો મોટેથી આવ્યો હતો કે જાણે વિસ્ફોટ થયો હોય. આ ઘટનાની હાંફળા ફાંફળા થઈ ગયેલા સીઆરપીએફના જવાને ફૂલથી કરી દીધેલા ગોળીબારમાં ગુલ માર્યો ગયો હતો. એક ભૂલે જિંદગીનો ભોગ લીધો હતો. જાણ્યું હતું કે ગુલ અને સીઆરપીએફનો એ જવાન મિત્રો હતા.

આ ઘટના બાદ તેની પત્નીને મેં ભાગ્યેજ જોઈ હતી. તે ઘરમાં પુરાઈ રહેતી હતી. ઉગ્રપંથી સમસ્યાગ્રસ્ત કાશ્મીરમાં ઉછરવું એક અનુભવ હતો. ખોખલાપણા અને બેચેનીનો અનુભવ. એક બાળક તરીકે પણ હું જાણીતી હતી કે પ્રત્યેક ગોળીબારની સીધી અસર મહિલા પર થતી હતી. વિધવા પત્ની, પર્દાનશીન માતા કે

નીચી નજરે જીવતી બહેન પર આ ગોળીબારની અસર થતી હતી.

પ્રત્યેક સંસ્કતિની જેમ જ ઐતિહાસિક પણ કાશ્મીરી સમાજમાં પણ મહિલાઓની ભૂમિકા નિર્ણાયક રહી છે. કાશ્મીરે લલ્લા આરિફા જેવી કવિયત્રીની ભેટ આપી છે. આરિફાને લાલ ડેડ તરીકે પણ ઓળખાય છે. તેમની કવિતા આજે પણ લોકો ગણગણે છે. આધુનિક યુગમાં શિક્ષણવિદ બેગમ ઝફર અલી કન્યા કેળવણીનું મહત્ત્વ સમજાવતા ઘેર ઘેર જઈ વાલીઓને સમજાવતા જોવા મળ્યા છે.

કાશ્મીરના સંઘર્ષકાળ દરમિયાન પણ કાશ્મીરી મહિલાઓ તેમની આસપાસ વસતા લોકોના દુઃખ દર્દ ઘટાડવાની પોતાની ક્ષમતા અને શક્તિઓનું નિદર્શન કરી ચૂકી છે. આતંકી ઘટનાનો ભોગ બનેલાની વહારે જવાથી આગળ વધીને શાંતિસ્થાપક તરીકે પણ તેની ભૂમિકા રહી છે. કાશ્મીરનો સંઘર્ષ ૭૦,૦૦૦ જેટલા પુરુષોનો ભોગ લઈ ચૂક્યો છે. આ સંજોગોમાં સંખ્યાબંધ પરિવારોમાં ઘરના બાળકો, આરોગ્ય અને જીવનનિર્વાહની જવાબદારી પણ મહિલાઓ જ નિભાવી રહી છે.

બે દાયકાના સંઘર્ષ દરમિયાન માનવ વસતિને મોટાપાયે નુકશાન થયું છે. આ સંઘર્ષ પોતાની પાછળ સંખ્યાબંધ વિધવાઓ અને અનાથ બાળકોને છોડતો ગયો છો. આ સંઘર્ષ પોતાની પાછળ મહિલાઓના એવા જૂથને પણ છોડતો ગયો છે કે જેમના પતિ લાપતા છે. કાશમીરમાં અંકુશ રેખા નજીક આવેલું ગામ દર્દપોરા એક એવું ગમ છે કે જેમાં સેંકડો વિધવા વસી રહી છે. તેમના પતિ ત્રાસવાદી કે પછી બાતમીદારની ગોળીનું નિશાન બન્યા હતા. સંઘર્ષની આ દેખીતી અસરો ઉપરાંત કાશ્મીરી સંઘર્ષો મહિલાઓ એન બાળકોના માનસ પર પણ ગંભીર અસરો જન્માવી છે. મોટી સંખ્યામાં મહિલાઓ અને બાળકો ‘પોસ્ટ ટ્રોમેટિક સ્ટ્રેસ ડીસઓર્ડર’ થી પીડાઈ રહી છે.

આ બધી યાતના વચ્ચે નિઘાત શફી પંડિત જેવા એક અધિકારીના પત્ની પણ છે કે જેઓ સંઘર્ષના પરિણામોની ભોગ બનેલી મહિલા એન અનાથ બાળકોના આંસુ લૂછવા પોતાની સુખસાહ્યબી છોડીને બહાર આવ્યા છે. પતિ પર ઉગ્રપંથી હુમલો થવા હોવા છતાં પણે એમણે ઉગ્રપંથીની વિધવાને મદદ કરવાનું પણ છોડ્યું નથી. તેમણે ‘હોપ’ નામના સ્વૈચ્છિક સંગઠનની રચના કરી છે. આ સંગઠન શ્રીનગરમાં અનાથાલય અનાથ અને ગરીબો માટે એક શાળા અને ગરીબ મહિલા અને કિશોરીઓ માટે વ્યવસાયી તાલીમ કેન્દ્રનું પણ સંચાલન કરે છે.

પરવીન અહંગરનો ૧૮ વર્ષનો પુત્ર ૧૯૯૦થી લાપતા છે. છેલ્લા બે દાયકાથી તે પોતાના પુત્રની ભાળ મેળવવા પ્રયત્નશીલ છે. આ પ્રકારના કિસ્સાઓમાં તે કેન્દ્રસ્થાને આવી ગયા છે કારણ કે ૧૯૯૪માં તેમણે લાપતા થયેલા બાળકોના વાલીઓના એક સંગઠનની રચના કરી નાખી. વાલીઓ એક બીજાને મદદ કરીને પોતાના સંતાનોની ભાળ મેળવવાની દિશામાં આ પ્રયાસો હતા.

નોબેલ પુરસ્કાર-૨૦૦૫ પ્રોજેક્ટ અંતર્ગત ૧૦૦૦ સ્ત્રીઓના નામની યાદી તૈયાર થઈ એમાં નિઘાત પંડિત અને પરવીન અહંગરના નામનો પણ સમાવેશ થતો હતો. આ યાદીમાં જ સામેલ શિક્ષણવિદ્ દિલઅફરોઝ કાઝીએ રાજ્યમાં પ્રથમ પોલિટેકનિક સંસ્થાની શરૂઆત કરીને પડકારજનક સ્થિતિમાં પણ એને ચાલુ રાખી હતી. કાઝી વંચિત બાળકો માટેની સાળાઓ અને મહિલાઓ માટે વ્યવસાયી તાલીમ કેનદ્રનું પણ સંચાલન કરે છે.

આ મહિલાઓ ઉપરાંત કાશ્મીરે અનેક ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રદાન કરી ચૂકેલી મહિલાઓની પણ ભેટ આપી છે. કાશ્મીરને સંઘર્ષની પીડામાંથી બહાર લાવવામાં આ મહિલાઓનું મોટું પ્રદાન રહેલું છે. સકીના અખ્તર પ્રથમ મહિલા ક્રિકેટર છે કે જેમને રાષ્ટ્રીય સ્પોર્ટસ ઈન્સ્ટિટ્યૂટે માન્ય રાખી છે. બિલકીસ મીર તે નેશનલ ક્વાકિંગ એન્ટ કેનિઈંગ કોટ બનેલા પ્રથમ કાશ્મીરી મહિલા છે. એલિટ રેફરીની આંતરરાષ્ટ્રીય પેનલમાં તાજેતરમાં તેમનો સમાવેશ થયો.

આ ઉપરાંત અગણિત બેનામી મહિલાઓ છે કે જેમણે આ કપરાકાળમાં પોતાના પરિવારોને ટકાવવા લાંબો સંઘર્ષ ખેડ્યો છે. તેમની સામાન્ય કથાઓ હિંમતવાન અને બહાદુરીથી છલકાતી મહિલાઓની કથા કરતા વળી વધુ ચઢિયાતી છે. આવી મહિલાઓ તેમની આસપાસના લોકોના જીવનને બહેતર બનાવવા પરિશ્રમ કરતી રહી છે. આ મહિલાઓ આજના કાશ્મીરના બદલાતા સમયનું પ્રતિનિધિત્વ કરતાં આવતીકાલની આશાઓને કાયમ રાખી રહી છે.

● ● ●


**વિકાસલક્ષી**
**સામયિક**
**યોજના**
**યોજના વાંચો,**
**યોજના વંચાવો**

# મંદીનું મારણ અને બચત

ડો. દિલીપ પટેલ

*ગૃહવપરાશ માટે ઉપયોગમાં લેવામાં આવતા ગેસ અને વિજળીના વપરાશમાં કરકસર કરી ખર્ચનો બચાવ કરવો જોઈએ. બિનજરૂરી ગેસનો ઉપયોગ ટાળવો જોઈએ. જરૂરી સાધન સામગ્રી ભેગી કર્યા પછી જ ગેસ સળગાવવો જોઈએ. તે જ પ્રમાણે વીજળીનો પણ બિનજરૂરી ઉપયોગ ટાળવો જોઈએ. દરેક રૂમમાં એક સાથે લાઈટનો વપરાશ પણ જરૂરી નથી. એક રૂમમાંથી બીજા રૂમમાં જાઓ ત્યારે એક રૂમની લાઈટ બંધ કરી બીજા રૂમમાં જવું જોઈએ. ઘરમાં પણ ઈલેક્ટ્રોનિક સાધનોનો ઉપયોગ બને તેટલો ઓછો કરવાથી પણ બચત કરી શકાય છે ગેસ-વીજળીનાં બિલમાં માસિક રૂા.૧૫૦ તો બચાવી જ શકાય. જો કરકસર રીતે ઉપયોગ કરીએ તો તેથી વર્ષને અંતે ઘણી મોટી બચત કરી શકીએ.*

સમગ્ર વિશ્વ હવે મંદીના ચક્રમાં ફરી રહ્યું છે અને લાખો લોકો પોતાની રોજગારી ગૂમાવી ઘરે બેસી ગયાં છે. ત્યારે આવક ક્યાંથી મેળવવી તે અંગે આજે મોટો પ્રશ્ન ઉભો થયો છે. એક બાજુ મોંઘવારીએ પોતાની સીમા વટાવી લાખો લોકોને બરડામાં લીધાં છે તો બીજી બાજુ લોકો પાસે આવક પણ નથી. આવી પરિસ્થિતિમાં લોકો જીવી રહ્યા છે ત્યારે બચતની તો વાત જ શી કરવી. સામાન્ય ખર્ચા પણ નથી કરી શકતાં ત્યાં બચતનું તો સાહસ જ ન થાય. મંદીમાં પણ બધાંએ બચત તો કરવી જ છે પણ કઈ રીતે કરવી તેની સમજ નથી. મંદીના મારણ વચ્ચે પણ અનમોલ બચત કઈ રીતે કરી શકાય તે માટે મહત્ત્વની બાબતોને ધ્યાનમાં લઈએ.

### (૧) કસકસરનો માર્ગ અપનાવવો

રોજબરોજનાં જે કંઈ ખર્ચા કરીએ છીએ તેમાં પણ કરકસર કરી શકાય અને ઘણી બચત કરી શકાય તેમ છે. અહીં ખર્ચ કરવાનો નથી. એવું નથી પરંતુ તેમાં જરૂરી કરકસર કરી જરૂરિયાતોને સંતોષી શકાય, અને બીજી બાજુ બચત પણ કરી શકાય. દા.ત. જો દરરોજનો ખર્ચ રૂા.૧૦૦ હોય (એથી પણ વધુ જ હોય) તો તેમાં કરકસર કરી ૮૦ જેટલો કરવો. (એટલે કે રૂા. ૨૦ કરકસર) પરિણામે લાંબે ગાળે ઘણી બચત કરી શકાય તેમ છે.

### (૨) ખર્ચા પર નિયંત્રણ

કેટલાક બિનજરૂરી ખર્ચાઓ પર નિયંત્રણ મૂકવાથી પણ ઘણી મોટી બચત કરીશકાય છે. આ મંદી ઘણી અસર કરી ગઈ છે. બિનજરૂરી ખર્ચા પર કાબૂ રાખવાથી આરામથી ૫ થી ૧૦ હજારની બચત કરી શકાય છે. સુપર સ્ટોર્સ કે મોટી દુકાનોમાંથી ખરીદી કરવાનું અવશ્ય ટાળો. ઘડિયાળ, મોબાઈલ, જ્વેલરી કે કપડાં બ્રાન્ડેડ ખરીદવાને બદલે જે હોય તેનાથી હમણાં ચલાવી લો અને મોટી રકમની બચત કરી લો.

### (૩) શોખ પર નિયંત્રણ

ઘણાં લોકો રવિરારના દિવસે કે ઉત્સવોના દિવસે બહાર ફરવાનો અને જમવાનો શોખ ધરાવે છે. બહાર ફરવાનો શોખ કેળવો તો વાંધો નથી પરંતુ ખોરાક તો ઘરનો જ. ઘણાં લોકો હરવા ફરવા પાછળ મહિને સરેરાશ ૨૦૦૦ થી ૩૦૦૦ જેટલો ખર્ચ કરી નાંખે છે. પરંતુ મંદીમા જીભને કાબૂમાં રાખી સેવિંગ કરી શકાય તેમ છે.

### (૪) મોબાઈલનાં ઉપયોગ પર નિયંત્રણ

આજે સામાન્યમાં સામાન્ય માનવીની પણ સૌથી નજીક હોય તો તે મોબાઈલ છે. મોબાઈલ પર વાતો કરવાથી પણ સરેરાશ રૂા. ૧૦૦૦ થી ૨૦૦૦ નું બિલ થતું હોય છે. બિનજરૂરી અને લાંબી વાતો કરવાથી ઘણો ખર્ચ વધી જાય છે તેથી આવી બિનજરૂરી અને લાંબી વાતો કરવાનું ટાળવું જોઈએ. લેન્ડ લાઈન પર ફોન કરવો હોય તો લેન્ડલાઈન પરથી જ કરવો

( લેખક સુરત સ્થિત વિવેકાનંદ બી.એડ કોલેજમાં ઈન્ચાર્જ પ્રિન્સિપાલ છે.)

જોઈએ. (જો ઘરમાં લેન્ડલાઈન ફોન ન હોય તો બહાર પી.સી.ઓ. નો ઉપયોગ કરવો) મોબાઈલ કંપની પાસે ફ્રી એસએમએસ સ્કીમ લઈ શકાય કે જેથી જરૂરી માહિતી વિના ખર્ચે પહોંચાડી શકાય. સામાન્ય રીતે મોબાઈલમાં ૫૦૦ રૂા નો ખર્ચ ગણીએ તો તેમાંથી અર્ધા ખર્ચની બચત કરીએ તો પણ ઘણો ફાયદો થાય છે.

**(૪) ગેસ-વિજળીનાં ઉપયોગ પર કરકસર**

ગૃહવપરાશ માટે ઉપયોગમાં લેવામાં આવતા ગેસ અને વિજળીના વપરાશમાં કરકસર કરી ખર્ચનો બચાવ કરવો જોઈએ. બિનજરૂરી ગેસનો ઉપયોગ ટાળવો જોઈએ. જરૂરી સાધન સામગ્રી ભેગી કર્યા પછી જ ગેસ સળગાવવો જોઈએ. તે જ પ્રમાણે વીજળીનો પમ બિનજરૂરી ઉપયોગ ટાળવો જોઈએ. દરેક રૂમમાં એક સાથે લાઈટનો વપરાશ પણ જરૂરી નથી. એક રૂમમાંથી બીજા રૂમમાં જાઓ ત્યારે એક રૂમની લાઈટ બંધ કરી બીજા રૂમમાં જવું જોઈએ. ઘરમાં પણ ઈલેક્ટ્રોનિક સાધનોનો ઉપયોગ બને તેટલો ઓછો કરવાથી પણ બચત કરી શકાય છે ગેસ-વીજળીનાં બિલમાં માસિક રૂા.૧૫૦ તો બચાવી જ શકાય. જો કરકસર રીતે ઉપયોગ કરીએ તો તેથી વર્ષને અંતે ઘણી મોટી બચત કરી શકીએ.

**(૬) કાર પુલિંગ કરી મંદીને પુલ આઉટ કરો**

કારના ઉપયોગમાં ઘટાડો કરી કે કારનો નહીવત ઉપયોગ કરી તમે મની સેવિંગ કરી શકો છો. અને ઘર અને ઓફિસ વચ્ચે ૧૫ કિ.મી. નું અંતરહોય અને જો તમે અઠવાડિયે માત્ર ત્રણ જ દિવસ કારનો ઉપયોગ કરવાનું નક્કી કરો તો આરામથી મહીને ૨૦૦૦ રૂપિયા બચાવી શકો ઉપરાંત ડ્રાઈવરને પગારનાં ચૂકવવાનાં થતાં મહિને રૂા. ૩૦૦૦ પણ બચાવી શકો. આમ મહિને કુલ રૂા. ૫૦૦૦ ની બચત કરીશકાય.

**(૭) બેંક લોન લેવાનું ટાળો**

જો તમે હાલમાં બેંકલોન લેવાનુ વિચારતા હોય તો માંડી વાળજો. સતત બદલાતી આર્થિક પરિસ્થિતિમાં વ્યાજનાં દરમાં હજી પણ ઘટાડો થવાની શક્યતા છે. આમ બેંક લોન લેવાનું વિચારતા હોય તો ટાળો. આમ છતાં બેંક લોન લેવી જ પડે તેમ જ હોય તો ૧.૫૦ લાખની આવક મર્યાદા હેઠળ કપાત મળી શકે તે પ્રમાણે લઈ શકાય. આમ હાલમાં બેંકલોન નહિ લેવાથીપણ બચત થઈ શકે તેમ છે.

**(૮) ક્રેડિટ કાર્યનો ઉપયોગ બંધ કરવો**

કોઈપણ વ્યક્તિએ ક્રેડિટ કાર્ડ લેવો જ નહીં. છતાં જો લેવો જ પડે તો નેશનલાઈઝ બેન્કના જ લેવા. ક્રેડિટ કાર્ડના વાર્ષિક ભાડામાં તપાસ કરી લેવી. ખરીદી કરો ત્યારે કેટલા દિવસમાં પેમેન્ટ કરવાનું તે જાણી લેવું. ઉપરાંત આપેલ સમય મર્યાદામાં પેમેન્ટ નહીં થાય તો કેટલા ટકા વ્યાજ છે તે જાણી લેવું. ૫૨ દિવસમાં પેમેન્ટ કરો તો કોઈ વ્યાજ લાગતું નથી. ત્યાર બાદ ૩.૪૦% વ્યાજ લાગે છે. ઉપરાંત ૩૫૦ રૂપિય લેટ ફી પણ બેંક વસુલ કરે છે. ક્રેડિટ કાર્ડ માટે સાચી સલાહ એ છે કે તેમાં મોલ્સ-સુપર સ્ટોર્સમાં ઉપયોગ કરવો નહીં, આમ ક્રેડીટ કાર્ડનો ઉપયોગ ટાળો અને રોકડેથી જ પેમેન્ટ કરો જેથી વાર્ષિક સરેરાશ ૪૦૦૦ થી ૫૦૦૦ રૂા.ની બચત થઈ શકે એમ છે.

**(૯) ઘર વપરાશની વસ્તુઓ ડિસ્કાઉન્ટ સ્કીમમાં ખરીદો**

દરેક વ્યક્તિઓએ પોતાની ઘરવપરાશની વસ્તુઓ મોટી દુકાનમાંથી ન ખરીદતાં જ્યાં ડિસ્કાઉન્ટ સ્કીમ હોય તેવા સ્થળોએથી જ ખરીદવી જેથી ઘણો ફાયદો થાય છે. ઘર વખરીની તમામ ચીજવસ્તુઓ ડિસ્કાઉન્ટ સ્કીમમાં ખરીદો તો વાર્ષિક લગભગ રૂા. ૯૬૦૦ ની બચત થાય છે.

● ● ●

# કૃષિક્ષેત્રમાં રોજગારી સર્જન

ડો. વંદના ત્રિવેદી

*કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓમાં રોજગારી અને વિકાસની વિપુલ તકો રહેલી હોવા છતા, આપણું ધ્યાન એ તરફ હજી ખેંચાયું નથી. કૃષિક્ષેત્ર તરફ આપણે એક પ્રકારનો અણગમો ધરાવીએ છીએ. જે ખેડૂતો કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા છે. તેઓ પણ અન્ય કોઈ વૈકલ્પિક તક ન હોવાને લીધે કૃષિક્ષેત્ર સાથે જોડાયેલા છે, જેથી તેઓની ઉત્પાદકતા ઘણીજ ઓછી છે તેમ જ તેમનું વલણ કૃષિક્ષેત્ર માટે નકારાત્મક છે. તેઓ જીવનનિર્વાહ માટે ખેતી કરે છે.તેઓનો અભિગમ વ્યાવસાયિક નથી. તેઓના આવા વલણથી રાષ્ટ્રીય આવકમાં કૃષિક્ષેત્રનો ફાળો ખૂબ જ મર્યાદિત રહેવા પામે છે. કૃષિક્ષેત્રમાં જો આપણે રોજગારીની વિશાળ તકો મેળવવી હશે તો સૌ પ્રથમ તો આપણો અભિગમ બદલવો પડશે.*

આર્થિક વિકાસ સાધવાના ધ્યેયને કારણે આપણા દેશમાં ઝડપી ઔદ્યોગિકવિકાસ પર ખૂબ જ ભાર મુકવામાં આવ્યો છે. પરંતુ ઔદ્યોગિકક્ષેત્રમાં આવતા તેજી-મંદીના આંચકાઓને લીધો લોકો ઝપડથી રોજગારી મેળવે છે અને ગુમાવે પણ છે. વર્તમાન સમયે મંદીના વાતાવરણમાં વૈશ્વિક પરિપેક્ષ્યમાં આ વાત સાચી પડતી જણાય છે. આવા સમયે કૃષિક્ષેત્રમાં ઘણા લોકોને સમાવવાની ક્ષમતા રહેલી છે. આ ઉપરાંત કૃષિક્ષેત્રનો વિકાસ દેશના મજબૂત આર્થિક વિકાસ માટે પણ જરૂરી છે, આ તથ્યને ધ્યાનમાં રાખીને પણ કૃષિક્ષેત્રનું મૂલ્ય ઓછું આંકવું ન જોઈએ. જો કે, કૃષિક્ષેત્રમાં પ્રચ્છન્નબેકારીનો પ્રશ્ન ઘણો મોટો છે. રેગ્નારનર્કસ એવી રજૂઆત કરે છે કે કૃષિક્ષેત્રમાં પ્રચ્છન્ન બેકારો કે જેમને ખેતીમાંથી દૂર કરવામાં આવે, તોપણ કુલ ઉત્પાદકતામાં કોઈપણ ફેરફાર થતો નથી, કારણ કે તેઓની ઉત્પાદકતા શૂન્ય હોય છે. કૃષિક્ષેત્રમાં આવા બેકારોની સમસ્યાને દૂર કરવા માટે તેઓએ એવો ઉપાય સૂચવ્યો છે કે કૃષિક્ષેત્રે બેકારોને ઉદ્યોગક્ષેત્રમાં ફેરવવામાં આવે. નવા સ્થપાતા ઉદ્યોગોમાં કૃષિક્ષેત્રમાંથી આવેલા આ બેકારોને ગોઠવી શકાય. આમ કરવાથી એક તો, કૃષિક્ષેત્રમાં ઉત્પાદકતા જળવાઈ રહેશે અને બીજું, નવા સ્થપાતા ઉદ્યોગો માટે પૂરતા શ્રમનો પુરવઠો ઉપલબ્ધ બનશે. રેગ્નારનર્કસ દ્વારા અપાયેલા આ વિચારને સાર્વત્રિક સ્વીકાર થયેલો છે પરંતુ વર્તમાન સમયમાં આ અંગે કેટલાક પ્રશ્નો ઉઠે છે જેમ કે.

- કૃષિક્ષેત્રમાંથી ફાજલ પડેલા શ્રમિકોને સમાવવા માટે જ ઔધ્યોગિકરણ કરવું જોઈએ ..?
- કૃષિક્ષેત્રના શ્રમિકોને સમાવવા માટેજ ઔદ્યોગિકરણ થાય તો તે શ્રમિકોની કાર્યક્ષમતા અંગે શું...?
- કૃષિક્ષેત્રના ફાજલ ક્ષમિકોમાં ઉદ્યોગોને માટે આવશ્યક એવું કૌશલ્ય હશે નહિ, તો આવા શ્રમિકોને ઉદ્યોગો રોજગારી આપશે... ?

નવા ઔદ્યોગિક એકમો અને સેવાક્ષેત્રના નવા એકમો ઝડપથી વિકાસ સાધી રહ્યા હોય છે જેથી તેઓ કૃષિક્ષેત્રના ફાજલશ્રમને પૂરતા પ્રમાણમાં સમાવી શકવા સમર્થ હોતા નથી. કારણ કે ટૂંકાગાલામાં ઉદ્યોગોમાં રોજગારી સર્જનની શક્યતાની મર્યાદા રહેલી હોય છે.

આવા કારણોને લીધે કૃષિક્ષેત્રના ફાજલશ્રમને સમાવવા માટે તેમ જ નવા બેરોજગારોને રોજગારી આપવા માટે ઉદ્યોગક્ષેત્ર નહિ પરંતુ કૃષિક્ષેત્રની ખૂબ જ આવશ્યકતા રહેલી છે. ભારતીય આયોજનકારોએ બીજી પંચવર્ષીય યોજના દરમિયાન તેમજ ત્રીજી પંચવર્ષીય યોજના દરમિયાન તથા વર્ષ ૨૦૦૩-૦૪ દરમિયાન જોયું કે, કૃષિક્ષેત્રના આયોજનમાં મળેવી નિષ્ફળતાએ સમગ્ર અર્થતંત્ર માટેના આયોજનને કેટલી હદે નિષ્ફળ બનાવી દીધું હતું. ભૂતકાળમાં થયેલા આવા કડવા અનુભવોમાંથી પદાર્થપાઠ શીખીએ. કૃષિક્ષેત્રમાં વર્તમાન વિકાસ માટે ખૂબ જ સઘન પ્રયાસો જરૂરી છે. આ માટે આયોજનમાંકૃષિક્ષેત્ર માટે વધારે મૂડી રોકાણ કરવાની તિવ્ર આવશ્યકતા છે.

( લેખિકા એચ.આર.મહેતા આર્ટસ કોલેજ, અમદાવાદમાં વ્યાખ્યાતા છે.)

## કૃષિક્ષેત્રમાં મૂડીરોકાણની તરાહ

'કૃષિક્ષેત્ર'શબ્દનો અર્થ ઘણો વિશાળ છે. આયોજનના શરૂઆતની ત્રણ યોજનાઓ દરમિયાન, કૃષિક્ષેત્ર એટલે, કૃષિ, અને સંલગ્ન પ્રવૃત્તિઓ એટલે કે, પશુપાલન મરઘાં-બતકાં ઉછેર પ્રવૃત્તિ, ડેરી પ્રવૃત્તિ, મત્સ્ય ઉદ્યોગ વેગેરને કૃષિક્ષેત્રમાં સમાવવામાં આવતા હતા પરંતુ પાછળથી તેમાં સિંચાઈ અને પૂર નિયંત્રણને સામેલ કરવામાં આવ્યા. આ ઉપરાંત પાછળથી કૃષિક્ષેત્રમાં "ગ્રામવિકાસ" અને "સ્પેશ્યલ એરિયા પ્રોગ્રામ" સામેલ કરવામાં આવ્યા અને સિંચાઈ તથા પૂરનિયંત્રણને બાદ કરવામાં આવ્યા.

અલગ અલગ યોજનાઓમાં કૃષિક્ષેત્ર અને સંલગ્ન પ્રવૃત્તિઓ પાછળ ખર્ચની આંકડાકીય માહિતીનો અભ્યાસ કરતાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, દરેક યોજનાઓમાં કૃષિ તથા સંલગ્ન પ્રવૃત્તિઓ પાછળ કુલખર્ચ વધ્યો છે. કુલ યોજનાકીય ખર્ચમાં વધારો થયો છો. તેના કારણે કૃષિ તથા સંલગ્ન ક્ષેત્ર પાછળ ખર્ચ વધ્યો છે. પરંતુ કુલ યોજનાકિય ખર્ચમાં કૃષિ તથા સંલક્ર પ્રવૃત્તિઓનો ટકાવારી ફાળો ૧૧.૩% થી ૧૪.૯% ની વચ્ચે ફરતો રહે છે. આવું ચિત્ર પ્રથમ પંચવર્ષિય યોજનાથી પાંચમી પંચવર્ષીય યોજના સુધી બની રહે છે. આ ક્ષેત્રમાં પશુપાલન, વિશે, વિસ્તાર કાર્યક્રમ, ગ્રામિણ વિકાસ, જંગલ વિકાસ વગેરે બાબતો સામેલ થાય છે. છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં કુલ યોજનાકીય ખર્ચમાં કૃષિ અને સસંલગ્ન પ્રવૃત્તિઓનો ફાળો ઘટેલો જોવા મળે છે. આ ફાળો ૪.૯% થી ૫.૯% વચ્ચે ફરતો જોવા મળે છે. કારણ કે, અહીં કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓમાં માત્ર પશુપાલન, ખેતસંસોધન અને કૃષિશિક્ષણનો જ સમાવેશ કરવામાં આવેલો છે.

**આયોજનકાળ દરમિયાન કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓમાં સરાકારી ખર્ચ**

| યોજના | સમયગાળો | કુલ યોજનાખર્ચ (કરોડમાં) | કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ માટે ખર્ચ (કરોડમાં) | કુલ ખર્ચમાં કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિમાં ફાળો (%) |
|---|---|---|---|---|
| પ્રથમ | ૧૯૫૧-૫૬ | ૨,૩૮૦ | ૩૫૦ | ૧૪.૯ |
| બીજી | ૧૯૫૬-૬૧ | ૪,૫૦૦ | ૫૦૦ | ૧૧.૩ |
| ત્રીજી | ૧૯૬૧-૬૬ | ૮,૫૮૦ | ૧,૦૯૦ | ૧૨.૭ |
| ચોથી | ૧૯૬૯-૭૪ | ૧૫,૮૦૦ | ૨,૩૨૦ | ૧૪.૭ |
| પાંચમી | ૧૯૭૪-૭૯ | ૩૯,૪૩૦ | ૪,૮૭૦ | ૧૨.૩ |
| છઠ્ઠી | ૧૯૮૦-૮૫ | ૯૭,૫૦૦ | ૫,૭૦૦ | ૫.૮ |
| સાતમી | ૧૯૮૫-૯૦ | ૧,૮૦,૦૦૦ | ૧૦,૫૩૦ | ૫.૯ |
| આઠમી | ૧૯૯૨-૯૭ | ૪,૩૪,૧૦૦ | ૨૨,૪૭૦ | ૫.૨ |
| નવમી | ૧૯૯૭-૦૨ | ૮,૫૯,૨૦૦ | ૪૨,૪૬૦ | ૪.૯ |
| દસમી | ૨૦૦૨-૦૭ | ૧૫,૨૫,૬૪૦ | ૭૯,૮૧૦ | ૫.૨ |

**(સ્રોતઃ યોજનાપંચ-પંચવર્ષીય યોજનાઓના દસ્તાવેજ**

ભારતીય આયોજનપંચે કૃષિ ઉત્પાદકતા વધારવા માટે અલગ-અલગ પ્રકારના કાર્યક્રમો બનાવેલા છે. જેવા કે સિંચાઈ વિસ્તરણ, ફળદ્રુપતા વૃદ્ધિ કાર્યક્રમ, સૂકી ખેતી અને જમીન સુધારણા કાર્યક્રમ, રાસાયણિક ખાતર, ખેતીમાં સારું નિંદણ અને વાવેતર અને વિવિધ પ્રકારના વૈજ્ઞાનિક પ્રયોગો જેથી કૃષિક્ષેત્રે સારી ઉપજ પ્રાપ્ત કરી શકાય. આ ઉપરાંત સરકાર કેટલીક સંસ્થાકીય બાબતોમાં પણ પરિવર્તન માટે પ્રયત્નશીલ છે. જેમ કે સામુદાયીક વિકાસયોજના, જમીન સુધારણાના કાયદાઓ વાહનવ્યવહાર, વિજળી, સંદેશાવ્યવહાર, સિંચાઈ, રસ્તા જેવી આંતરમાળખાકીય સુવિધાઓમાં વૃદ્ધિ, સાથોસાથ ખેતીમાં ખરીદ-વેચાણ અંગેના નિયમોમાં સમયે-સમયે જરૂરિયાતમુબજ સુધારાઓ કરવા. કૃષિક્ષેત્રે ખેડૂતોને પરતુ અને સમયસર ધિરાણ ઉપલબ્ધ કરાવવું હરીયાળીક્રાંતિના ફાયદાઓને વિકસાવી, ખેડૂતોને તેનાથી લાભાન્વિત કરવા વગેરે.

આમ, કૃષિક્ષેત્રે સરકાર પ્રયત્નશીલ છે. જો કે, હજી ઘણા વધારે અને સઘન પ્રયાસો જરૂરી છે. પરંતુ ખાસ અગત્યની બાબતે એ છે કે, કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓમાં રોજગારી અને વિકાસની વિપુલ તકો રહેલી હોવા છતા, આપણું ધ્યાન એ તરફ હજી ખેંચાયું નથી. કૃષિક્ષેત્ર તરફ આપણે એક પ્રકારનો અણગમો ધરાવીએ છીએ. જે ખેડૂતો કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા છે. તેઓ પણ અન્ય કોઈ વૈકલ્પિક તક ન હોવાને લીધે કૃષિક્ષેત્ર સાથે જોડાયેલા છે, જેથી તેઓની ઉત્પાદકતા ઘણીજ ઓછી છે તેમ જ તેમનું વલણ કૃષિક્ષેત્ર માટે નકારાત્મક છે. તેઓ જીવનનિર્વાહ માટે ખેતી કરે છે.તેઓનો અભિગમ વ્યાવસાયિક નથી. તેઓના આવા વલણથી રાષ્ટ્રીય આવકમાં કૃષિક્ષેત્રનો ફાળો ખૂબ જ મર્યાદિત રહેવા પામે છે. કૃષિક્ષેત્રમાં જો આપણે રોજગારીની વિશાળ તકો મેળવવી હશે તો સૌ પ્રથમ તો આપણો અભિગમ બદલવો પડશે. અને આ માટે પણ સરકારે ઘનિષ્ટ પ્રયાસો હાથ ધરવા પડશે. જો યુવાનોને કૃષિલક્ષી તાલીમ આપી, રોજગારીની શક્યતાઓથી અવગત કરવામાં આવે, તથા તેમના માનસમાંથી કૃષિક્ષેત્ર એટલે 'પછાત ક્ષેત્ર' ખેડૂત એટલે ગરીબ આ પૂર્વગ્રહ દૂર કરવામાં આવે તો ચોક્કસ પણે આપણો બેકારીનો પ્રશ્ન હલ થઈ શકે અને વિકસીત દેશોની માફક આપણા દેશમાં પણ કુલ રાષ્ટ્રીય આવકમાં કૃષિક્ષેત્રનો ફાળો ઘણો જ ઉંચો લઈ જઈ શકાશે.

● ● ●

# પશુ સંવર્ધન અને પાણીની અછત

ડો.ભીમસિંહ હડીયોલ

*દૂધાળા ઢોરના પાલન માટે પુષ્કળ સ્વચ્છ પાણીની જરૂર પડે છે. ખાધેલો ખોરાક સરળતાથી પેટમાં પહોંચે અને ચયાપચનની ક્રિયા (પાચનક્રિયા) યોગ્ય રીતે થાય તે માટે ઢોરને ખૂબ પાણીની જરૂર પડે છે. તેના શરીરમાં લોહીની યોગ્ય ઘનતા જળવાઈ રહે તે માટે પણ પાણી જરૂરી બને છે. પશુના શરીરમાં પાણી મુખ્ય ઘટક હોય છે. પશુની ઉંમર અને તેના કદના સંદમાં તેના કુલ વજનમાં લગભગ ૫૦% થી ૮૦% વજન પાણીનું હોય છે. પશુ તેના શરીરની બધી ચરબી અને ૫૦% જેટલું પ્રોટીન ગુમાવે તો પણ તે જીવતું રહી શકે છે. પરંતુ તેના શરીરમાં પાણીનો ૧૦% જેટલો પણ ઘટાડો થાય તો તો તે મૃત્યુ પામે છે.*

જીવનના અસ્તિત્વ માટે - પછી તે મનુષ્ય, પશુ, પંખી કે જીવ જંતુનું હોય તેના માટે હવા , પાણી, જમીન ને સૂર્ય પ્રકાશ અત્યંત જરૂરી છે. આ ત્રણેય જ્યાં એક સાથે અસ્તિત્વ ધરાવતાં હોય તેને જીવાવરણ કહે છે. સૂર્યમાળાના બધા ગ્રહોમાંથી ફક્ત પૃથ્વી ઉપર જ જીવાવરણ અસ્તિત્વ હોવાને લીધે ફક્ત પૃથ્વી પર જ જીવન છે.

મનુષ્ય ધરતી ઉપર પ્રકટ થયા પછી શરૂઆતમાં ખોરાક અને પાણી મળી રહે ત્યાં રહેતો હતો. આ બંને સ્રોતો અથવા બેમાંથી એકનું મળવાનું બંધ થઈ જાય એટલે અન્ય સ્થળે જતો જતો હતો. આ રીત તે ભટકતું જીવન ગાળતો હતો. ખેતી કરીને અનાજ મેળવવાનું શીખ્યા પછી તે સ્થિર જીવન ગુજારતો થયો. ખેતી માટે સપાટ તેમજ ફળદ્રુપ જમીન અને પાણીની ઉપલબ્ધિ હોય તેવાં સ્થળો તેને અનુકૂળ રહ્યાં. આ કારણે બધી જ સંસ્કૃતિઓ નદી કિનારે વિકસી. ભારતમાં આર્યો બહારથી આવીને સિંધુ, ગંગા અને યમુનાના મેદાનોમાં સ્થિર થયા. ખેતીમાં સ્થિર થયા પછી, મહેનતનાં કામો કરવા અને ભાર વહન કરવા તેણે પશુપાલન કરવા માડ્યું. પશુપાલનમાંથી પશુ-પેદાશો જેવી કે દૂધ, માંસ, ચામડું વગેરે પણ તેને મળતું થયું. ત્યારબાદ માનવ વસતિ અને માનવ જરૂરિયાતોમાં વધારો થવાથી તેણે ઓા અનકૂળ સ્થળોએ પણ વસવાટ કરવા માંડ્યો.

માનવીના આ પ્રકારના સ્થળાંતર બાબતે જાણીતા અર્થશાસ્ત્રી ડેવીડ રીકાર્ડોના ભાડાના સિદ્ધાંત પ્રસ્તુત બને છે. અલબત્ત તેનો ભાડાનો સિદ્ધાંત ભાડાનો ઉદ્‌ભવ સમજાવે છે. પરંતુ અહીં આપણે માનવીના સ્થળાંતર અને વસવાટના સંદર્ભમાં તેનું પ્રસ્તુતપણું જોઈશું. જમીનની ફળદ્રુપતાની સપાટીઓ જુદી જુદી હોય છે. વધુ ફળદ્રુપ જમીનમાં ઓછા ખર્ચે વધુ ઉત્પાદન થાય છે. તેથી મનુષ્ય સૌપ્રથમ સૌથી વધુ ફળદ્રુપ જમીન પર વસવાટ અને ખેતી કરે છે. ત્યારબાદ વસતિ અને જરૂરિયાતોમાં વધારો થતાં ઓછી ફળદ્રુપ જમીન ઉપર સ્થળાંતર કરીને ત્યાં વસવાટ કરે છે. આ પશ્ચાદ્ ભૂમિકામાં આપણે પાણીની તંગીવાળા ઉત્તર ગુજરાતમાં ડેરી ઉદ્યોગની સમસ્યાઓ અને મનુષ્યની ભાવી પેઢીઓનાં હિતોની જાળવણી વિશે વિચારીશું.

**પશુ સંવર્ધનમાં પાણીની જરૂરિયાત અને મહત્ત્વ**

દૂધાળા ઢોરના પાલન માટે પુષ્કળ સ્વચ્છ પાણીની જરૂર પડે છે. ખાધેલો ખોરાક સરળતાથી પેટમાં પહોંચે અને ચયાપચનની ક્રિયા (પાચનક્રિયા) યોગ્ય રીતે થાય તે માટે ઢોરને ખૂબ પાણીની જરૂર પડે છે. તેના શરીરમાં લોહીની યોગ્ય ઘનતા જળવાઈ રહે તે માટે પણ પાણી જરૂરી બને છે. પશુના શરીરમાં પાણી મુખ્ય ઘટક હોય છે. પશુની ઉંમર અને તેના કદના સંદર્ભમાં તેના કુલ વજનમાં લગભગ ૫૦% થી ૮૦% વજન પાણીનું

(લેખક જી.ડી. મોદી આર્ટસ કોલોજમાં વ્યાખ્યાતા છે.)

હોય છે. પશુ તેના શરીરની બધી ચરબી અને ૫૦% જેટલું પ્રોટીન ગુમાવે તો પણ તે જીવતું રહી શકે છે. પરંતુ તેના શરીરમાં પાણીનો ૧૦% જેટલો પણ ઘટાડો થાય તો તો તે મૃત્યુ પામે છે.

પશુના મળમૂત્રના નિકાલ માટે પણ પાણી મહત્ત્વનું છે. તેના શરીરના તાપમાનની જાળવણી માટે દૂધ બનવા માટે અને કોરાકના પોષક દ્રવ્યો લોહીમાં પહોંચાડવા માટે પાણી મહત્ત્વનો ભાગ ભજવે છે. પશુ આ બધી ક્રિયાઓ માટે ત્રણ રીતે પાણી મેળવે ચે. (૧) પાણી મોં વાટે લઈને (૨) લીલો ઘાસચારો અને અન્ય પાણી મિશ્રિત આહાર દ્વારા અને (૩) શરીરની ચયાપચયની ક્રિયા મારફતે. આ ત્રણમાંથી પહેલાં બે પ્રકારના સ્રોત પશુઓ માટેના જળ-વ્યવસ્થાપનમાં મહત્ત્વનાં છે. પશુની પાણીની જરૂરિયાત માટેનાં પરિબળોમાં પશુનો પ્રકાર (ગાય-ભેંસ), તેનું કદ, પ્રવૃત્તિની સમય-મર્યાદા (બળદ માટે) સૂકા પાણી વગરના આહારનું પ્રમાણ, પાણીની ગુણવત્તા અને ઉષ્ણતામાન અને વાતાવરણના તાપમાનનો સમાવેશ થાય છે.

## વિવિધ પશુઓ માટે પ્રતિદિન પાણીની અંદાજિત જરૂરિયાત

| પશુનો પ્રકાર | પાણી(લી./પ્રતિદિન) |
|---|---|
| ગાય | ૨૦-૭૦ |
| વાછરડા | ૧૦-૨૦ |
| આખલો | ૩૦-૬૦ |
| ઘેટાં-બકરાં | ૦૨-૦૫ |
| ઘોડો | ૨૫-૫૦ |
| ભેંસ | ૪૦-૭૦ |
| ઊંટ | ૨૫-૩૫ |

(Source : Das M.M., Singh K.K., Mairy S.B. "Water for Livestock Production" Indian Dairyman, June, 2008

અત્રે દર્શાવેલ કોઠામાં વિવિધ પ્રકારનાં પ્રાણીઓની અંદાજિત જરૂરિયાત આપેલી છે. તેમાં ઘેટાં-બકરાની પ્રતિદિન પાણીની જરૂરિયાત સૌથી ઓછી છે. પરંતુ તેમનું દૂધ જન-માનસમાં વપરાશ માટે લોકપ્રિય નથી. તેવી જ રીતે ઘોડા અને ઉંટનું દૂધ પણ વપરાશમાં લેવાતું નથી. ફક્ત ગાય અને ભેંસનું દૂધ જ વપરાશમાં લેવાય છે. એ બેમાંથી ગાયના દૂધના ઉત્પાદન માટે પાણીની પ્રતિદિન વપરાશ ઓછી છે.તેથી આપણે પાણીની અછત હોય ત્યારે ગાયના દૂધનું ઉત્પાદન કરવું ઈચ્છનીય છે.

ઉપરાંત પશુને પીવડાવવામાં આવતું પાણી શુદ્ધ પણ હોવું જરૂરી છે. જો પાણીમાં વધુ પડતાં ખનિજદ્રવ્યો, ક્ષાર વગેરે હોય તો પશુને મળ પ્રવૃત્તિ એટલે ઝાડા થાય છે. એ જ રીતે નાઈટ્રોજન યુક્ત પદાર્થો માટે પશુ માટે ઝેરી સાબિત થયા છે અને તે પશુના મૃત્યુના કારણ બનતા હોય છે. આ ઉપરાંત પાણીમાં બેકટોરિયા, વાઈરસ, પ્રોટોઝોઆ અને પરોપજીવીઓ હોય છે. અને તેથી આવું પાણી પશુની તંદુરસ્તી માટે હાનિકારક બનતું હોય છે. આ જ રીતે બંધિયાર પાણીમાં લીલ-શેવાળ પણ થતી હોય છે. તેનાથી સાઈનો બેકટેરીયાનાં ઝેરી તત્ત્વો ઉદ્ભવે છે. આવા પાણીથી પશુના આરોગ્યને નુકશાન થાય છે. આવું બંધિયાર પાણી પશુઓ ન પીએ તેની કાળજી રાખવી જોઈએ.

## ઉત્તર ગુજરાતનો ડેરી ઉદ્યોગ

હવે આપણે ઉત્તર ગુજરાતનો વિચાર કરીએ. અરબી સમુદ્ર પરથી આવતા ભેજવાળા પવનો પશ્ચિમઘાટ અને તેનાં મેદાનો, મહારાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત સુધી સારો વરસાદ આપે છે. પણ ત્યાર પછી ધીમે ધીમે વરસાદનું પ્રમાણ ઘટતું જાય છે. ઉત્તર ગુજરાતમાં વસતા લોકોને આજીવિકા માટે ખેત-પેદાશોના ઉત્પાદનમાંથી આવક અને રોજગારી મેળવવાનું હંમેશાં જોખમી બની રહે ચે. બીજી બાજુ ભારતની આઝાદી પછી દેશમાં ઔદ્યોગિકરણ અને મોટાં શહેરોની જનસંખ્યામાં વધારો થતાં દૂધ અને તેની પેદાશો પૂરી પાડવાની જવાબદારી ગ્રામીણ વિસ્તારો ઉપર આવી છે. તેનાથી ગ્રામીણ વિસ્તારોને પણ આવક અને રોજગારીના સ્વરૂપે ફાયદો થયો છે. વધુમાં ડેરી-ઉદ્યોગનો વિકાસ સહકારી ધોરણે થયો હોવાથી ખેડૂતોનું શોષણ બંધ થયું છે. ખેડૂતોને તેમના દૂધના નિશ્ચિત ભાવ અને નિશ્ચિત માંગ મળે છે. તેથી તેમને નિશ્ચિત આવક મળી રહે છે અને તેમનું ભરણ-પોષણ થાય છે.

ગુજરાતના સહકારી ડેરી-ઉદ્યોગમાં ઉત્તર ગુજરાત ખાસ કરીને બનાસડેરી અને મહેસાણાની દૂધસાગર ડેરી મહત્ત્વનો ફાળો આપી રહી છે. આમ થવાનું કારણ ઉત્તર ગુજરાતમાં ઓછો અને અનિશ્ચિત વરસાદ છે. ખેત-પેદાશોની બાબતમાં ખેડૂતોને બે પ્રકારની અનિશ્ચિતતાઓ (૧) કિંમતની અનિશ્ચિતતા (૨) વરસાદની અનિશ્ચિતતાનો સામનો કરવો પડતો હોય છે. જો વરસાદ સારો ન તાય તો પાક નિષ્ફળ જાય અને નુકશાન થાય. ઉપરાંત સારા વરસાદને કારણે પાક સારો થાય તો પણ સારો ભાવ ન મળે અને ખેડૂતોની આર્થિક સ્થિતિ કથળે છે. આની સામે સહકારી ડેરી નિશ્ચિત ભાવે ખેડૂતનું બધુ જ દૂધ ખરીદતી હોવાથી, ઉત્તર ગુજરાતના ખેડૂતોની મુખ્ય આવક દૂધના ઉત્પાદન અને વેચાણમાંથી થાય છે. ડેરી ઉદ્યોગ ગ્રાણીણ મહીલાઓને રોજગારી આપવા માટે કરોડરજ્જુ સમાન છે. સમગ્ર ભારતમાં દૂધ ઉત્પાદન ક્ષેત્રે ગુજરાત રાજ્ય છઠ્ઠા ક્રમે

આવે છે. ડેરી ઉદ્યોગનો જો વૈજ્ઞાનિક ઢબે સંકલિત રીતે વિકાસ કરવામાં આવે તો હજુ પણ તેમાં રોજગારી સર્જાવાની શક્યતાઓ રહેલી છે. ગુજરાત રાજ્યમાં ડેરી ઉદ્યોગના વિકાસને કારણે ૧૩૦૦ ગામડાના ૨૭ લાખ કુટુંબના સમૃદ્ધિના દ્વાર ખુલ્યા છે. ૨૦૦૭-૦૮ દરમિયાન આપણા સંઘો દ્વારા કુલ દૂધની પ્રાપ્તિ સરેરાશ ૭૫.૯૦ લાખ કિલોગ્રામ પ્રતિદિનની રહી છે.

ગુજરાત રાજ્ય ભારતમાં મોટાં શહેરો જેવાં કે દિલ્હી, કલકત્તા વગેરેમાં દૂધની નિકાસ કરે છે અને આપણે આપણા ડેરી ઉધ્યોગના વિકાસ માટે ગૌરવ અનુભવીએ છીએ. પરંતુ ખરેખરતો આપણે દૂધની નિકાસ દ્વારા પાણીની અછત અનુભવતા ઉત્તર ગુજરાતમાંથી પાણીની નિકાસ કરીએ છીએ. આ આપણા ડેરી-ઉદ્યોગના વિકાસની ઉધાર બાજુ અને આ હકીકતની નોંધ લેવાવી જોઈએ.

**પાણીની અછત દૂર કરવાની ઉપાયો**

સૌ પ્રથમ આપણે પાણીની અછત દૂર કરવાના ભ્રામક ઉપાયો સમજીએ પછી સાચા ઉપાયો વિશે વિચારીએ.

ગુજરાત રાજ્યમાં ખેતી-ક્ષેત્રે બોરનાં મારફતે કરવામાં આવતી સિંચાઈ માટે વીજ-કિંમતમાં અપાતી સબસીડીનો મુદ્દો લઈએ. દલીલ એવી કરવામાં આવે છેકે આ પ્રકારની સબસીડીથી વીજળી વપરાશ વધે અને અને જમીનમાં રહેલા પાણીનો વપરાશ પણ વધે છે. આ દલીલ તરીકે સાચી છે પણ ખેત-પેદાશોનું ઉત્પાદન પણ દૂધના ઉત્પાદન જેટલું જ મહત્ત્વ છે. કદાચ વધુ મહત્ત્વનું પણ ગણી શકાય ! કેમ કે અનાજના ઉત્પાદન માટે વીજ-સબસીડી આપવામાં ન આવે તો અનાજનું ઉત્પાદન ઘટશે અને તેમાં રોકાયેલા ખેડૂતોની આવક અને રોજગારીમાં પણ ઘટાડો થશે. બીજી એક દલીલ એવી છે કે ગ્રામીણ અને શહેરી ઉપભોકતાઓ પાસેથી ગૃહવપરાશના પાણીની આર્થિક કિંમત લેવામાં આવતી નથી. આ દલીલ પણ સાચી છે. પરંતુ સમાજના આ બંને વર્ગોના આર્થિક કલ્યાણ પ્રત્યે લોકશાહી રીતે ચૂંટાયેલી સરકારની અને સમાજની જવાબદારી છે. તેથી પાણીની બચત કરવા માટેની આ દલીલો ભ્રામક અને વિવાદાસ્પદ છે.

હવે આપણે પાણીની અછત દૂર કરવા માટેના સ્વીકૃત અને બિન-વિવાદાસ્પદ ઉપાયો વિશે વિચારીએ

૧. લીલા ઘાસચારામાં મોટેભાગે પશુઓને રજકો ખવડાવવામાં આવે છે. જો આવો લીલો ઘાસ-ચારો ગુજરાતના વધુ વરસાદવાળા દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતના જિલ્લાઓમાંથી સરકાર અને સહકારી ડેરીઓની મદદથી મંગાવવામાં આવે તો ઉત્તર ગુજરાતમાં પાણીની બચત થશે અને નહેરનું પાણી ઉત્તર ગુજરાતમાં લાવ્યા વિના પરોક્ષ રીતે પાણીની આયત કરી શકાશે. ઉપરાંત ઉત્તર ગુજરાતમાં ફુવારા પદ્ધતિથી રજકાની ખેતી કરવામાં આવે તો ૪૩% પાણી બચાવી શકાય તેમ છે.

(૨) ચોમાસામાં લીલો ઘાસચારો પુષ્કળ પ્રમાણમાં હોય ત્યારે તેનું સાયલેજ બનાવીને સંગ્રહ કરવો જોઈએ અને ઉનાળામાં લીલા ઘાસચારાની તંગી હોય ત્યારે તેનો ઉપયોગ કરી પાણીની અછતનો સામનો કરી શકાય.

(૩) દૂધની પેદાશો જેવી કે દૂધનો પાવડર, કન્ડેન્સ્ડ મિલ્ક, માખણ, ઘી, શીખંડ વગેરેમાં વધારાનું પાણી વૈજ્ઞાનિક રીતે મેળવી તેનો ડેરી ઉદ્યોગમાં પુનઃવપરાશ પણ કરી શકાય.

આવનારી ભાવિ પેઢિઓનો વિચાર કરીને પાણીનો કરકસર ભર્યો ઉપયોગ કરવો જરૂરી છે. જન-જાગૃતિ અભિયાન મારફતે પાણીનો કરકસરભર્યો ઉપયોગ અને પશુપાલનની વૈજ્ઞાનિક પદ્ધતિઓનો પ્રચાર ખેડૂતો અને દૂધ ઉત્પાદકો સુધી પહોંચાડવામાં આવે તો આવનારી ભાવિ પેઢીઓ માટે વારસામાં પાણીની સંપત્તિ મૂકી જવાનું શ્રેય આપણને મળશે.

● ● ●

# અર્થશાસ્ત્રનું મહત્ત્વ અને અન્ય વિષયો સાથે સંબંધ

પ્રા. જી.આઈ.મારૂ

*અર્થશાસ્ત્ર એક વિજ્ઞાન છે. જેમાં કારણ-પરિણામનો અભ્યાસ કરીને નિયમ બનાવવામાં આવે છે. વિજ્ઞાનની જેમ અર્થશાસ્ત્રની કોઈ પ્રયોગશાળા હોતી નથી. પરંતુ એક અર્થશાસ્ત્રી સમગ્ર સમાજને પોતાની પ્રયોગશાળા માનીને નિયમો બનાવી અવલોકન કરે છે. દા.ત. રોજબરોજના જીવનમાં કોઈ વસ્તુ ઉપર કર નાખવામાં આવે તો તેની કિંમતે વધે છે. કિંમત વધવાથી માંગ ઘટે છે. કરમાં વધારો કરવાથી માંગ ઉપર જે અસર થાય છે તેનું અવલોકન જુદા જુદા લોકોને મળીને તેમના અનુભવ જાણી પરિણામ મેળવી શકાય છે. અર્થશાસ્ત્રના નિયમોના આધારે ભવિષ્યની ઘટનાઓ વિશે અનુમાન કરી શકાય છે.*

**મા**નવીએ પોતાનાં જીવન માટે ખોરાક, કપડા, મકાન, પુસ્તક, દવા શિક્ષણ, મુસાફરીના સાધન, મનોરંજનના સાધન વગેરેની જરૂરિયાત પડે છે. જ્યારે માનવી આ જરૂરિયાતો પુરી શકે તે તેને વધુ આનંત સંતોષ મળે છે. પણ જ્યારે આ જરૂરિયાતો પુરી થતી નથી ત્યારે દેને દુઃખ, નિરારાશા, અસંતોષ મળે છે.

પ્રત્યેક માવનીને પોતાની જરૂરિયાતને પુરી કરવા માટે પ્રયત્નશીલ રહેવું પડે છે. જરૂરિયાતો પુરી કરવા માટે પૈસાની જરૂર પડે છે અને પૈસા કમાવવા માટે પ્રત્યેક વ્યક્તિએ કોઈ ને કોઈ વ્યવસાય કે નોકરી કરવી પડે છે.

બીજા શબ્દોમાં અર્થશાસ્ત્રએ માનવીની અમર્યાદિત જરૂરિયાત અને પુરી કરવા માટે માનવીએ કરવા પડતા પ્રયત્નો અભ્યાસ છે.

બીજા શબ્દોમાં અર્થશાસ્ત્ર જ્ઞાનની એવી શાખા છે. કે જમાં માનવીની જરૂરિયાતોને પુરી કરવાના તથા પ્રત્યત્નનો અભ્યાસ કરવામાં આવે છે.

અર્થશાસ્ત્ર એક વિજ્ઞાન છે. જેમાં કારણ-પરિણામનો અભ્યાસ કરીને નિયમ બનાવવામાં આવે છે. વિજ્ઞાનની જેમ અર્થશાસ્ત્રની કોઈ પ્રયોગશાળા હોતી નથી. પરંતુ એક અર્થશાસ્ત્રી સમગ્ર સમાજને પોતાની પ્રયોગશાળા માનીને નિયમો બનાવી અવલોકન કરે છે. દા.ત. રોજબરોજના જીવનમાં કોઈ વસ્તુ ઉપર કર નાખવામાં આવે તો તેની કિંમતે વધે છે. કિંમત વધવાથી માંગ ઘટે છે. કરમાં વધારો કરવાથી માંગ ઉપર જે અસર થાય છે તેનું અવલોકન જુદા જુદા લોકોને મળીને તેમના અનુભવ જાણી પરિણામ મેળવી શકાય છે. અર્થશાસ્ત્રના નિયમોના આધારે ભવિષ્યની ઘટનાઓ વિશે અનુમાન કરી શકાય છે. જો કોઈ વસ્તુના ભાવ વધશે તો તેની માંગ ઘટશે. આ રીતે વિજ્ઞાનની બધી વિશેષતા (લક્ષણો) અર્થસાસ્તરમાં જોવા મળે છે. આમ અર્થશાસ્ત્ર વિજ્ઞાન છે.

### અર્થશાસ્ત્રને અન્ય વિષયો સાથે સંબંધ

અર્થશાસ્ત્ર વિજ્ઞાન હોવાથી થોડા કે વધારે બધા વિજ્ઞાન સાથે સંબંધ ધરાવે છે. પંરતુ સામાજીક વિજ્ઞાનથી તો બહુ નજીકનો સંબંધ છે. કેમ કે બધા સામાજીક વિજ્ઞાનના અભ્યાસનો મુખ્ય હેતુ "માનવીનો વિકાસ" છે. અર્થશાસ્ત્રને અન્ય વિજ્ઞાન સાથે નીચે મુજબ સંબંધ છે.

### અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર

સમાજશાસ્ત્રમાં મનુષ્ય અને સમાજનો અભ્યાસ કરવામાં આવે છે. આ શાસ્ત્રમાં સામાજીક જીવનના બધા અંગોનો અભ્યાસ કરવામાં આવે છે. તે કારણથી અર્થશાસ્ત્રને સમાજશાસ્ત્રનું એક અંક માનવમાં આવે છે. જુદી જુદી આર્થિક સમસ્યાઓનું સમાધાન સામાજીક સમસ્યાના ઉકેલ (હલ) દ્વારા જ સંભવ છે. ઉદાહરણ તરીકે આર્થિક યોજનાની સફળતા માટે સંપૂર્ણ સમજનો સહકાર પ્રાપ્ત કરવો જરૂરી હોય છે. આ ઉપરોક્ત ઘેરા સંબંધને કારણે ક્યારેક એવો ભ્રમ થાય છે કે અર્થશાસ્ત્ર સમાજશાસ્ત્ર ની જ એક શાખા હોય. અર્શશાસ્ત્રના અભ્યાસના વિષય, તેની પ્રણાલી(રીત) તથા ક્ષેત્ર સમાજશાસ્ત્રથી જુદી છે. અંતે સમાજશાસ્ત્રના ક્ષેત્રાં આવરીલેતી માનવ

(લેખક એમ.એમ.શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડીમાં પ્રાધ્યાપક છે.)

જીવનના વિભિન્ન પહેલુ માંથી (વિભાગો) એક ને પસંદ કરી અભ્યાસ કરવાથી અર્થશાસ્ત્ર હવે સમાજશાસ્ત્રની શાખા માત્ર જ ન બનતા એક મહત્ત્વપૂર્ણ સ્વતંત્ર અને પૃથક વિજ્ઞાન બની ગયું છે.

**અર્થશાસ્ત્ર અને ઈતિહાસ**

અર્થશાસ્ત્ર અને ઈતિહાસ વચ્ચે પરસ્પર ઉંડો સંબંધ છે. ઈતિહાસ જીવનની ઘટના ચક્રનો લેખ છે. ઈતિહાસ અર્થશાસ્ત્રની ઉન્નતી તથા વિકાસમાં સહાયક સાબિત થયો છે. આર્થિક ઈતિહાસમાં કોઈ દેશની આર્થિક સંસ્થાઓ અને જીવનતથા તેના વિકાસનો અભ્યાસ કરવામાં આવે છે. આ અભ્યાસ પાછળના સયમાં આર્થિક જીવન, આર્થિક પ્રણાલિઓ અને આર્થિકસંબંધોના વિષયમાં સુચના આપે છે. જેવી રીતે અર્થશાસ્ત્રને ઈતિહાસથી બહુસહાયતા મળે છે. તે રીતે ઈતિહાસકારો માટે આર્થિક સિદ્ધાંતનું જ્ઞાન પણ મહત્ત્વપૂર્ણ છે. કોઈ દેશનો ઈતિહાસ તેની આર્થિક સમસ્યાઓ અને પરિસ્થિતિ અનુસાર જ બને છે. સ્પષ્ટ છે કે અર્થશાસ્ત્ર અને ઈતિહાસ એક બીજા આધારિત છે. સર જહોન સીલેનું વાક્ય બંનેના ગહેરા સંબંધને વ્યક્ત કરે છે.''ઈતિહાસના વગર અર્થશાસ્ત્ર નિરાધાર છે અને અર્થશાસ્ત્ર વગર ઈતિહાસ ફળ વિનાનું છે.''

**અર્થશાસ્ત્ર અને રાજનતિ શાસ્ત્ર**

પાલ જેનેટના શબ્દોના રાજનીતિશાસ્ત્ર, સામાજિક વિજ્ઞાનનું એવું અંગ છે કે રાજયના મુળ તત્ત્વો અને શાસનના સિદ્ધાંતોનું મૂલ્યાંકન કરે છે. પ્રાચીન વિચારકોના મત મુજબ અર્થશાસ્ત્ર રાજ્ય દ્વારા જુદા જુદા કાર્યોને પુરા કરવા ધનની વ્યવસ્થા કરવા વાળી માત્ર કલા હતી. એટલા માટે અર્થશાસ્ત્રને પ્રાચીન અર્થશાત્રી ''રાજનૈતિક અર્થશાસ્ત્ર '' કહેતા હતા જ્યારે આધુનિક સમયના અર્થશાસ્ત્રને રાજનીતિશાસ્ત્રથી અલગ વિજ્ઞાનનો સ્વીકાર કરવામાં આવે છે. તેમ છતાં બંને વિજ્ઞાનોના વચ્ચે અતૂટ સંબંધ છે. અર્થશાસ્તર અને રાજનીતિશાસ્ત્ર સંબંધનો પૃથક આંકી શકાતો નથી. જો દેશોમાં શાંતિ, સુરક્ષા અને સુવ્યવસ્થા છે, શાસન મજબુત, નિષ્પક્ષ અને કલ્યાણકારી છે તથા જનતાના આર્થિક કાર્યોમાં સમુચિત સહયોગ આપે છે તોતે દેશ આર્થિક વિકાસ ઝડપથી કરે છે અને સમૃદ્ધિ પ્રાપ્ત કરે છે. દેશની આર્થિક પરિસ્થિતી પણ તેના રાજકારણના ઢાંચા પર બહુ અસર પાડે છે. શાસન વ્યવસ્થા દેશની આર્થિક પરિસ્થિતી અનુસાર જ બને છે. સરકારની રાજનીતિઓ, દેશની આર્થિક પરિસ્થિતીઓ અનુસાર નિર્ધારીત હોય છે. ઈતિહાસમાં એવા બહુ ઉદાહરણ મળે છે કે મોટાભાગે સરકારનું પતન આર્થિક સ્થિતિ ઉપર કાબુ ન હોવાના કારણે થયું છે. આધુનિક સમયના અનેક વિદ્વાનોનો વિશ્વાસ છે કે આર્થિક સમાનતા અને સ્વતંત્રતા વિના રાજનીતિની સ્વતંત્રતા અને સમાનતા સંપૂર્ણ નથી. એવી રીતે આપણે કહી શકીએ છીએ કે અર્થશાસ્ત્ર અને રાજનીતિશાસ્તર એકબીજના નજીક સંબંધ રાખે છે.

**અર્થશાસ્ત્ર અને નીતિશાસ્ત્ર**

અર્થશાસ્ત્ર અને નીતિશાસ્ત્ર બંને સમાજશાસ્ત્રના જ અંગોછે. અને માનવ વ્યવહારનો અભ્યાસ કરે છે. સદાચારના વિજ્ઞાન હોવાના સંબંધે નીતિશાસ્ત્ર આચરણના નૈતિક પાસાનો અભ્યાસ છે. તે યોગ્ય અયોગ્યમા ભેદ કરે છે. બીજી બાજુ અર્થશાસ્ત્ર માનવ વ્યવહારના આર્થિક પાસા ઉપર ધ્યાન આપે છે. જયારે નીતિશાસ્ત્ર આર્થિક સમસ્યાના નૈતિક પાસા ઉપર ભાર મુકે છે. નૈતિક શાસ્ત્રનું લક્ષ ''માનવનું ભૌતિક કલ્યાણ'' કરવાનું છે. અર્થશાસ્ત્ર તેની નીતિઓ નક્કી કરવામાં નીતિશાસ્ત્રનો આશરો લે છે. અર્થશાસ્તર નીતીશાસ્ત્રનાં નિયમોથી પ્રભાવિત થાય છે. યોગ્ય મૂલ્ય (ભાવ) યોગ્ય વેતન, જેવા શબ્દો નીતિશાસ્ત્રના સહારો લઈને જ મહત્ત્વા બન્યા છે. જેથી અર્થશાસ્ત્ર એક લાભકારક વિજ્ઞાન બનવા પામ્યુંછે. કોઈ મનુષ્ય ક્યા વ્યવસાયમાં આવક કમાય છે, તે આવક તેની જરૂરિયાત માટે પુરતી છે કે અપુરતી, તેને તે પોતાની જરૂરિયાતોને પુરી કરવા માટે કેવી રીતે ખર્ચ કરે છે તે વાત મનુષ્યના આચાર-વિચાર ઉપર ઊંડો પ્રભાવ પાડે છે.

**અર્થશાસ્ત્ર અને કાયદાશાસ્ત્ર**

માનવના આર્થિક જીવન પર કાનુનનો વધુ પ્રભાવ પડે છે કેમ કે તેની આર્થિક ક્રિયાઓને એક નક્કી ક્ષેત્રમાં સીમીત કરે છે. દેશની હદમાં વ્યવસ્થા કરવા માટે કાયદાને જરૂરી માનવામાં આવે છે.જ્યાં કાયદાનું પાલન સાચી રીતે થાય છે ત્યાં વેપાર, ઉધ્યોગ અને ખેતી વગેરેની પ્રગતી થાય છે. જેવી રીતેઅર્થશાસ્ત્ર કાનુન ઉપર (ન્યાયશાસ્ત્ર) ઉપર આધારિત છે એવી જ રીતે ન્યાયશાસ્ત્ર પણ અર્થશાસ્ત્ર ઉપર આધારિત છે. દેશના અનેક કાયદાઓનું નિર્માણ આર્થિક સમસ્યાઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. આર્થિક પરિવર્તનોની સાથે તેમાં પણ પરિવર્તન થાય છે.

**અર્થશાસ્ત્ર અને વાણિજ્યશાસ્ત્ર**

વાણિજયશાસ્ત્રના અભ્યાસથી વ્યસાયિક વિકાસ કરવામાં સગવડતા રહે છે. આ શાસ્ત્રના અંતર્ગત જુદા જુદા વિભાગો આવે છે. જેવા કે પેઢી, ભાગીદારી, નફો-ખોટ, જમા-ઉધાર, સરવૈયુ-અંકક્ષણ, ધંધાકીય સંગઠન વગેરે જુદા જુદા વાણિજ્યન વિષયોના આધારે જ અર્થશાસ્ત્ર છે. અર્થશાસ્ત્રના અનેક વિભાગો વાણિજ્યના પણ વિભાગો છે.

જેવા કે નાણુ અને બેંકીંગ - વિદેશી વિનિમય- લોકનીતિ વ્યવસ્થા - વ્યવહારિક દૃષ્ટિથી પ્રત્યેક ધંધાદારી અર્થશાસ્ત્રના જ્ઞાનથી લાભ મેળવી શકે છે. અર્થશાસ્ત્રના જ્ઞાન દ્વારા તં ધંધા ઉપર પડતા આર્થિક પ્રભાવને સારી રીતે સમજી શકે છે. જેવા કે નુકશાનમાં નાણાની વ્યવસ્થા વિનિમયનિયંત્રણ - માંગ - પુરવઠામાં ફેરફાર તેની ભાવ ઉપર અસર ... આ રીતે અર્થશાસ્ત્ર અને વાણિજયશાસ્ત્ર સાથે ગહન સંબંધ રહેલો છે.

**અર્થશાસ્ત્ર અને મનોવિજ્ઞાન**

મેગ ડુગલના મત અનુસાર "મનોવિજ્ઞાન મગજનું વિજ્ઞાન છે." મનુષ્યની આર્થિક ક્રિયાઓ ઉપર તેની માનસિક સ્થિતિનો પ્રભાવ પડે છે. અર્થશાસ્ત્રમાં આપણે મનુષ્યની જરૂરિયાતોનો અભ્યાસ કરીએ છીએ. જ્યારે મનોવિજ્ઞાનમાં માનવમન અર્થાત માનસિક દશાની સંબંધિત બાબતોનો અભ્યાસ કરવામાં આવે છે. અર્થશાસ્ત્રમાં વપરાશ વિભાગમાં અંતર્ગત પ્રતિપાદિત (મેળવેલ) અનેક નિયમોનો આધાર મનોવિજ્ઞાન જ છે. અર્થશાસ્ત્રનો તૃષ્ટિગુણનો નિયમ- માનવીના મગજનો સ્વાભાવિક પરિચય આપે છે. જેના અનુસાર મનુષ્ય કોઈ વસ્તુને વધુ પ્રમાણમાં ઉપયોગ કરતો જશે તેમ આગળના પ્રત્યેક એકમ કરતા ઓછા સંતોષ મળતો જશે. મનોવિજ્ઞાન પણ અર્થશાસ્ત્ર ઉપર આધારિત છે. માનવીની આર્થિક પરિસ્થિતિઓ તેના માનસિક વિચારોને પ્રભાવિત કરે છે. જેમ જેમ મનુષ્યની આર્થિક પરિસ્થિતિઓ બદલાતી ાય છે. તેમ તેના વિચારોમાં પણ પરિવર્તન થતું જાય છે. અંતમાં આપણે કહી શકીએ કે અર્થશાસ્ત્ર અને મનોવિજ્ઞાન એક બીજા સાથે સંબંધ ધરાવે છે. આર્થિક પ્રગતિ ધંધાકય પ્રગતિ માટે માનવ સ્વભાવનો અભ્યાસ કરી, તે મુજબ મનોવિજ્ઞાનના સિદ્ધાંતોનો ઉપયોગ વેચાણ અને પ્રતિષ્ઠા જેવી બાબતો ઉપર અસર થાય છે.

**અર્થશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્ર**

ભૌતિક વિજ્ઞાનના અવિષ્કારો દ્વારા આર્થિક ક્ષેત્રમાં બહુ જ ઉન્નતી થઈ છે. જેમ કે રેડિયો, ટેલીફોન - રેલવે, મોટર વગેરે દ્વારા આર્થિક વિકાસમાં બહુજ સગવડતા મળે છે. યંત્રના પ્રયોગ દ્વારા મોટાપાયા ઉપરના ઉત્પાદન શક્ય બન્યું છે. આથી સ્પષ્ટ થાય છે કે અર્થશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્રમાં ઉંડો સંબંધ છે.

**અર્થશાસ્ત્ર અને રસાયણશાસ્ત્ર**

રસાયણશાસ્ત્રના નિયમો અર્થશાસ્ત્રના અનેક સિદ્ધાંતો ઉપર આધારિત છે. ઉદાહરણ તરીકે રસાયણશાસ્ત્રનો નિયમ છે કે મનુષ્ય ભૌતિક પદાર્થોનું ન તો ઉત્પાદન કરી શકે છે ન તો તેનો નાશ કરી શકે છે. તે આધાર ઉપર અર્થશાસ્ત્રમાં ઉત્પાદનનો અર્થ કોઈ નવી વસ્તુનું ઉત્પાદન કરાવનો નહી, પરંતુ વસ્તુના તૃષ્ટિગુણમાં (ઉપયોગિતામાં) વધારો કરવાનું માનવામાં આવે છે અને વપરાશનો અર્થ કોઈ વસ્તુનો સંપૂર્ણ નાશ નહીં. પરંતુ તેની ઉપયોગિતાનો નાશ કરવાનું માનવામાં આવે છે. જેમ કે જમીનમાં પાક ઉગાડવામાં આવે છે ત્યારે જમીનનો નાશ થતો નથી તેની ફળદ્રુપતામાં ઘટાડો થાય છે.

**અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર**

આંકડાશાસ્ત્ર જે એવું વિજ્ઞાન છે જેમાં કોઈ સમસ્યાના સંબંધમાં રાખવામાં આવતા આંકડાનો સંગ્રહ કરીને તેનું વર્ગીકરણ કરવામાં આવે છે. આ કામ માટે કોષ્ટક આકૃતિઓનો પ્રયોગ કરવામાં આવે છે. જીવન ધોરણના અનુમાન કરવા માટે જીવન જરૂરિયાતની વસ્તુઓનો આંકનો સંગ્રહ કરવો જરૂરી હોય છે. અંતે સ્પષ્ટ છે કે આંકડાશાસ્ત્ર સાથે પણ અર્થશાસ્ત્રને ઊંડો સંબંધ છે. આંકડાશાસ્ત્ર વિના આધુનિક અર્થશાસ્ત્રનો અભ્યાસ અશક્ય છે.

**અર્થશાસ્ત્ર અને ગણીતશાસ્ત્ર**

ગણિત અને અર્થશાસ્ત્રનો સંબંધ અતિ જુનો છે. જ્યારે નિયમને પ્રણાલી દ્વારા બનેલા નિયમો દ્વારા પ્રણાલિના અર્થશાસ્ત્રની મર્યાદાને ગણિતના ઉપયોગ દ્વારા દુર કરી શકાય છે. વસ્તીના સિદ્ધાંતને સમજવા માટે વધુ પ્રમાણમાં ગણિતશાસ્ત્રના ઉપયોગથી અર્થશાસ્ત્રનાં નિયમોમાં નિશ્ચિતતા મેળવી શકાય છે. આ સંબંધમાં નિશ્ચિતતા મેળવી શકાય છે. આ સંબંધમાં જેવોત્સે લખ્યું છે કે "જો અર્થશાસ્ત્રને વિજ્ઞાન બનાવવું છે તો તે એક ગણિતાત્મક વિજ્ઞાન થઈ શકે છે, કેમ કે તેનો સંબંધ પરિણામોથી છે."

**અર્થશાસ્ત્ર અને ભૂગોળ**

ભૂગોળથી અર્થશાસ્ત્રનો કેટલાય પાસાઓથી સંબંધ છે. આ બંને શાસ્ત્રોના અભ્યાસના પાયામાં મનુષ્ય છે. ભૂગોળ મનુષ્યના કુદરતી વાતાવરણનો અભ્યાસ કરે છે. જેના ઉપર મનુષ્યની આર્થિક પ્રગતિ આધારિત છે. આ ઉપરાંત એવા ઘણા વિભાગો છે કે જેમાં અર્થશાસ્ત્ર અને ભૂગોળ બંનેનો અભ્યાસ સાથે કરી શકાય છે. યાતાયાત, સંવાદ વાહન વસ્તી વગેરે એટલું જ નહીં ભૂગોળ પોતે અર્થશાસ્ત્ર ઉપર આધારિત છે. ભૌગોલિક પરિસ્થિતિને આર્થિક કારણોસર બદલી શકાય છે. જેવી રીતે સ્વેજ નહેરનું નિર્માણ વગેરે આ રીતે અર્થસાસ્ત્ર એક વિજ્ઞાન હોવાથી અર્થશાસ્ત્રને અનેક શાસ્ત્રો સાથે સંબંધ જોવા મળે છે.

● ● ●

## આપ જાણો છો ?

# ભારત - અમેરિકા પરમાણુ કરાર : તથ્યપત્ર

**ભા**રત અને અમેરિકા વચ્ચે ઓકટોબર, ૨૦૦૮માં થયેલા ઐતિહાસિક પરમાણુ કરારને પગલે હવે ભારતને પરમાણુ ઈંધણ તથા ટેકનોલોજીના અખૂટ પુરવઠાનું અભય વચન પ્રાપ્ત થયું છે. શાંતિપ્રદ કહેતા બિન લશ્કરી હેતુ માટે પરમાણુ સહકાર સાકાર કરતી આ સંધિમાં એવું શું ખાસ છે ? ભારતને કરારથી કેટલો ફાયદો થવાનો છે ?અહીં કેટલાક ઉત્તર રજૂ કરવાનો પ્રયત્ન કરીએ છીએ.

### ભારત-અમેરિકા નાગરિક પરમાણુ સરકાર કરાર શું છે ?

પરમાણુ ઈંધણનો અવિરત પુરવઠો તથા ટેકનોલોજી પ્રાપ્ત કરવા માટે ભારતે નાગરિક પરમાણુ સહકાર કરાર દ્વારા અમેરિકાનો સાથ પ્રાપ્ત કરી પરમાણુ સમર્થતા હોવા છતાં વેઠવી પડતી 'અસ્પૃશ્યતા' સમાપ્ત કરી તે કરારને ખુબ પ્રસિદ્ધિ મળી હતી. આ કરાર અન્વયે ભારતે તમામ અણુમથકોનું લશ્કરીતથા બિનલશ્કરી હેતુ પ્રમાણે વર્ગીકરણ કરી બિનલશ્કરી અણુ સવલતોને ઈન્ટરનેશનલ એટમિક એનર્જી એશોસિયેશનની તપાસ હેઠળ મુકવા ફરજિયાત છે. ત્રણ વર્ષ સુધી વાટાઘાટ ચાલ્યા બાદ જેના ઉપર સહી સિક્કા થઈ શક્યા તે કરારને સાકાર કરવા માટે ભારત અને અમેરિકામાં ખાસ્સો વિરોધ તથા ચર્ચા થતી રહી હતી. અમેરિકાએ પોતાનો એક મહત્ત્વનો કાયદો સુધારવો પડ્યો, તો ભારતે તમામ અણુ ઉર્જામથકોને વર્ગીકરણ દ્વારા છુટા પાડવા પડ્યાં ત્યારબાદ ઈન્ટરનેશનલ એટમિક એનર્જી એસોશિયેશન સાથે ભારતે સેફગાર્ડ એગ્રીમેન્ટ કરી અણુમથકોની તપાસ રાખવાની છુટ આપી અને અંતે પરમાણુ ઈંધણના વૈશ્વિક પુરવઠા ઉપર નિયંત્રણ રાખતા દેશોના જૂથ "ન્યૂક્લિયર સપ્લાયર્સ ગ્રુપ" તરફથી ભારતની "અસ્પૃશ્યતા" ખતમ કરવામાં આવી.

### હાઈડ એક્ટ અને ૧૨૩ કરારઃ શું છે ?

'૧૨૩ એગ્રીમેન્ટ' જેવા શબ્દોથી જાણીતો બનેલો આ કરાર છે, પરંતુ અમેરિકામાં અમલી એટમિક એનર્જી એક્ટની કલમ ૧૨૩ની જોગવાઈની તેમાં વાત છે. આ કાયદાની કલમ ૧૨૩ની જોગવાઈ એવું કહે છે કે અમેરિકા ફક્ત એવા દેશોને પરમાણુ મદદ આપી શકશે જેમણે એન.પી.ટી અથવા સી.ટી.બી.ટી. ઉપર સહી કરી હોય. એન.પી.ટી.એટલે 'ન્યૂક્લિયર પ્રોલિફરેશન ટ્રીટી' અને સી.ટી.બી.ટી. એટલે 'કોમ્પ્રીહેન્સીવ ટેસ્ટ બાન ટ્રીટી' બંને સંધિનો મૂળ હેતુ પરમાણુ વિજ્ઞાન નો ફેલાવો અન્ય દેશોના હાથમાં જતો રોકવાનો છે. ભારત અત્યાર સુધી સખત દબાણ હોવા છતાં આ બંને સંધિ ઉપર હસ્તાક્ષર કરવામાંથી બચતું રહ્યું છે અને પોતાના બાવડાના બળ ઉપર પરમાણુ સમર્થતા હાંસલ કરી છે.

૧૯૭૪માં ભારતે પ્રથમ અણુવિસ્ફોટ પરિક્ષણ કર્યું ત્યારથી અમેરિકાએ પરમાણુ ઈંધણ અને ટેકનોલોજી ભારતને આપવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો હતો. હવે ૧૨૩ કરાર કરવા માટે અમેરિકાએ પોતાનો કાયદો સુધારવો પડે તેમ હોવાથી હાઈડ એક્ટ,૨૦૦૬ તરીકે ઓળખાતો સુધારા ખરડો લાવવામાં આવ્યો અને કોઈપણ સંધિ હેઠળ બંધાયા વગરના ભારત દેશ સાથે પરમાણુ સહકારનું કાનુની માળખું નક્કી કરવામાં આવ્યું અને અંતે '૧૨૩ કરાર' મૂર્તિમંત બન્યો. પરમાણુ શક્તિના ઉપયોગની ગુરૂચાવી અમેરિકા પાસેથી મેળવનાર ભારત એકમાત્ર દેશ બન્યો છે જેણે સી.ટી.બી.ટી. કે એન.પી.ટી.ઉપર સહી સિક્કા કર્યા નથી.

### ન્યુક્લિયર સપ્લાયર્સ ગ્રુપમાં કોણ કોણ છે ?

પરમાણુ શક્તિનુ વિધ્વંશક સ્વરૂપ માનવજાતનું પૃથ્વી ઉપરથી નિકંદન કાઢી નાખે એટલી પ્રચંડ સમર્થતા ધરાવતું હોવાથી વિશ્વના ડાહ્યાં રાષ્ટ્રો આ વિજ્ઞાનનો ફેલાવો થતો રોકવા માટે ભેગા થયા છે. પરમાણુ સામગ્રીનો કાચો માલ તથા ટેકનોલોજીના પુરવઠા ઉપર નિયંત્રણ ભોગવતા ૪૫ દેશોએ "ન્યૂક્લિયર સપ્લાયર્સ ગ્રુપ" (એન.એસ.જી.)ની

રચના કરી છે, જેના તરફથી સી.ટી.બી.ટી. તથા એન.પી.ટી. ઉપર હસ્તાક્ષર નથી કર્યા તેવા ભારતને મદદ અપાતી નહોતી, ઉલ્ટા આર્થિક પ્રતિબંધોની સજા વિવિધ દેશો દ્વારા સંભળાવવામાં આવી હતી. કારણકે પરમાણુ બહિષ્કાર વચ્ચે પણ ભારતના વૈજ્ઞાનિકો પોખરણમાં બીજો ધડાકો કરવામાં સફળ રહ્યા હતા. ભારત શાંતિ સિવાયના કોઈપણ હેતુ માટે પરમાણુ વિદ્યાનો ઉપયોગ કરશે નહીં, કોઈપણ દેશ ઉપર પરમાણુ શસ્ત્ર વડે પહેલો હુમલો કરશે નહીં, તેવી સ્વૈચ્છીક ખાત્રી વારંવાર આપવા છતાં એન.એસ.જીને ગળે વાત ઉતરતી નહોતી. અંતે, અમેરિકાની પહેલ આગળ બધા ઝૂકી ગયા અને ભારત માટે અખૂટ વીજળી ઉત્પન્ન કરવા માટેની શક્તિ પ્રાપ્ત કરતો સંયોગ બન્યો.

**ભારતને કરારથી શો ફાયદો થશે. ?**

પરમાણુ ટેકનોલોજી વડે વીજળી ઉત્પન્ન કરવા માટે ભારતને ઈંધણનો પર્યાપ્ત પુરવઠો મળવાની ખાત્રી આ કરાર વડે પ્રાપ્ત થઈ છે. ભારતની ધરતીમાં યુરેનિયમનો ખાસ જથ્થો પડેલો નથી, માટે આયાતી યુરેનિયમ ઉપર આધાર રાખ્યાવગર છૂટકો નથી. ભારતમાં અણુઉર્જા ઉત્પન્ન કરવાની સ્થાપિત ઉત્પાદન ક્ષમતા ૪૧૨૦ મેગાવોટની છે, પરંતુ યુરેનિયમના અભાવે માત્ર ૧૮૦૦ મેગાવોટ વીજળી પેદા થઈ શકતી હતી. ૪૦ વર્ષ માટે થયેલા આ કરાર હેઠળ યુરેનિયમનો પુરવઠા મેળવનાર ભારતને અનામત જથ્થો ઉભો કરવાની પણ છૂટ હોવાથી ભારતે ૧૦ વર્ષમાં એટલો જથ્થો અનામતમાં ખસેડી લેવાની તૈયારી કરી લીધી છે જેથી ભવિષ્યમાં યુરેનિયમની અછત પડે નહીં. યુરેનિયમ એવું ઈંધણ છે જેનું રીસાઈકલીંગ થઈ શકે, માટે ભારત ઈંધણમાં આત્મનિર્ભર બનવા માટે આ રસ્તો અપનાવશે. તો બીજી બાજુ અમેરિકાએ પરમાણુ ઈંધણના અખૂટ પુરવઠાનું અભય વચન ભારતને આપ્યું છે. કરારનો ૪૦ વર્ષનો સમયગાળો પુરો થાય તે પહેલાં તેનો અંત લાવી દેવો હોય તો બંને પક્ષકાર દેશો કેવી રીતે, કેટલા મુદ્દા ઉપર વાતાધાટ કરશે તેની જોગવાઈ પણ કરારમાં છે. ભારતના પરમાણુ સંશોધન કાર્યક્રમમાં બિલકુલ હસ્તક્ષેપ નહીં કરવાની ખાત્રી પણ કરાર હેઠળ અમેરિકાએ આપી છે. વિકાસ માટે વીજળીની તંગી હટાવવા મથતા ભારતને આ કરારનાં તમામ પાસાં ફાયદાકારક જ છે, અને ભારતને સાર્વભોમત્વ સાથે કશી બાંધછોડ કરવી પડી નથી.

**ભારતે શું કરવું પડશે ?**

ભારત પાસે હાલ ૨૨ અણુ ઉર્જા મથકો (૧૭ કાર્યરત, ૫ બાંધકામ હેઠળ) છે. તેમાંથી ૧૪ મથકોને આઈ.એ.ઈ.એ. ની તપાસ સત્તા હેઠળ મુકવા પડશે. કારણ કે બિન લશકરી હેતુ માટે ભારતે મેળવેલી ઈંધણ તથા ટેકનોલોજીનો ઉપયોગ લશ્કરી ઉદ્દેશ માટે હરગીઝ નહીં કરીએ તેવું વચન આ કરાર હેઠળ ભારતે આપવું પડ્યું છે. વચન પાલન માટેની પ્રતિબદ્ધતા ભારતે વિશ્વ સમુદાય સમક્ષ દાખવવી રહી.

● ● ●

# ઓળખો આપણા સહવાસી દુશ્મનને

# રેડોન વાયુ

✍ ડો. સી. જી. જોષી

**આ**પણા જ ઘરમાં ચોવીસે કલાક આપણી સાથે સહવાસ કરે તેને પરમ મિત્રથી પણ વિશેષ ગણવાની ભૂલ સ્વાભાવિક રીતે જ કરી બેસીએ, પરંતુ મિત્રના વેશમાં રહેલ આ સહવાસી જો આપણા ફેફસાં ક્યારે કેન્સર ગ્રસ્ત બને તેની જ પેરવીમાં હોય તો ! તો તે મિત્રના વેશમાં કટ્ટર દુશ્મન હોવાનો અહેસાસ થાય !

હા, આવો અદ્રશ્ય (રંગવિહિન) દુશ્મન એ વાયુમય તત્વ 'રેડોન' છે જેણે અમેરિકાવાસીઓની ઊંઘ હડપ કરી દીધેલી છે. માટી, ખડકો અને પાણીમાં રહેલા યુરોનિયમમાંથી મુક્ત થતો આ કિરણોત્સર્ગી વાયુ અદ્રશ્ય વાસ વગરનો છે. તે બહારની હવામાં ફેલાઈ જાય ત્યારે ખાસ નુકશાનકારક નથી. પરંતુ મકાનના અંદરના ભાગની હવામાં વધુ માત્રામાં ભળેલો હોય ત્યારે નુકશાનકારક સાબિત થાય છે. જમીનમાં યુરેનિયમ અને રેડિયમની હાજરી સામાન્ય છે. કિરણોત્સર્ગી પ્રક્રિયાથી યુરેનિયમમાંથી રેડિયમ બને છે અને રેડિયમના ક્ષયથી રેડોન મુક્ત થાય છે.

રેડોન આપણી આસપાસની અને ખાસ કરીને કરીને મકાનના નીચેના ભાગની જમીનમાંથી આવે છે. અમેરિકાની એન્વાયરોનમેન્ટ પ્રોટેક્શન એજન્સીના સર્વે મુજબ ત્યાંના સરેરાશ ૧૫ મકાનમાંથી એક મકાનમાં રેડોનની ઊંચી માત્રા હોય છે.

મકાનના અંદરના ભાગે રહેલી હવા ગરમ થતાં હલકી બની ઉપરના ભાગે જાય છે પરિણામે સર્જાતા શૂન્યાવકાશની જગ્યા લેવા માટે ભોંયતળીયેથી અથવા આજુબાજુની જમીનમાંથી બારી-બારણા અને તિરાડો મારફત રેડોન આપણા ઘરમાં પ્રવેશે છે. ભોંયતળીયામાં તિરાડો, પોલાણવાળા દિવાલના બ્લોક, ગટરો, પાઈપ, સમ્પ વગેરે રેડોનના પ્રવેશદ્વાર છે.

અમેરિકામાં રેડોનના સંસર્ગને 'કેન્સર' નિપજાવતાં મુખ્ય કારણોમાં દ્વિતિય સ્થાને મૂકવામાં આવે છે. શ્વાસ મારફતે રેડોન આપણા ફેફસામાં પ્રવેશે છે, જયાં તેના કિરણોત્સર્ગી ક્ષયથી શક્તિસાળી કણો મુકત થાય છે. જે ફેફસાંની સંવેદનશીલ પેશીઓના કોષોમાં રહેલા ડીએનએ ને નુકશાન પહોંચાડે છે. આવા અસર પામેલા ડીએનએના કારણે ફેફસાંનું કેન્સર થાય છે.

રેડોનની માત્રા પાઈકો ક્યૂરી પ્રતિ લિટરમાં માપવામાં આવે છે જે કિરણોત્સર્ગના માપનનો એકમ છે. યુ.એસ.એ.ની એન્વાયરોન્મેન્ટ પ્રોટેક્શન એજન્સી અને સેન્ટર ફોર ડીસીઝ કન્ટ્રોલ એન્ડ પ્રોટેક્શનની ભલામણ મુજબ ૪ પાઈકો ક્યૂરી પ્રતિ લિટર કે તેના કરતાં વધુ પ્રમાણમાં રેડોનની હાજરી ધરાવતાં ઘરોની યાદી બનાવી નિવારણ માટે ઉપાયો કરવામાં આવે છે.

રેડોનની હાજરીના પરીક્ષણ માટે કીટ ઉપલબ્ધ હોય છે. આ કીટમાંના પેકેટને ખોલી નક્કી કરેલી જગ્યાએ રાખવામાં આવે છે. પેકેટમાં ચારકોલ ઉપર રેડોનનું અધિશોષણ થાય છે. ભલામણ મુજબના દિવસો સુધી રાખી મુક્યા પછી તેને બંધ કરી લેબોરેટરીમાં મોકલવામાં આવે છે. લેબોરેટરીનો રીપોર્ટ રેડોનની માત્રા દર્શાવે છે.

ઘરોમાં રેડોનનું પ્રમાણ ઘટાડવા માટે વિવિધ પદ્ધતિઓ છે. આ બધામાં ભોંયતળીયામાં રહેલી તિરાડો, છિદ્રોને બંધ કરી દેવાની ક્રિયા મૂળભૂત છે. આમ છતાં એન્વાયરોન્મેન્ટ પ્રોટેક્શન એજન્સીના મત અનુસાર માત્ર સિલિંગ એ પૂરતો ઉપાય નથી. મોટા ભાગે પાઈપ અને પંખાઓની પ્રણાલી દ્વારા રેડોનનું પ્રમાણ ઘટાડવામાં આવે છે. આ પ્રણાલીને Asub- Slab પ્રણાલી કહેવામાં આવે છે. આવી પ્રણાલી ભોયતળીયાના ફાઉન્ડેશનમાંથી રેડોનનો પ્રવેશ અટકાવે છે. કોન્ટ્રાક્ટરો મકાનની ડીઝાઈન અને અન્ય બાબતોના આધારે રેડોન ઘટાડા માટે યોગ્ય પદ્ધતિની પસંદગી કરતાહોય છે.

રેડોનનું પ્રમાણ આપણા મકાનના નીચેના ખડકોના ભૂસ્તરશાસ્ત્ર પર આધારિત હોય છે. તેથી નજીક નજીકના એકથી બીજા મકાનમાં રેડોનનું પ્રમાણ બદલાતું રહે છે. આ કારણે પડોશીના મકાનમાં ટેસ્ટ દ્વારા ઓછી માત્રા સાબિત થયેલી હોયતો આપણા મકાનમાં પણ ઓછી માત્રા જ હશે તેમ સ્વિકારી શકાય નહીં. આપણે પણ ટેસ્ટ કરાવવો સલાહ ભરેલ છે. ● ● ●

(લેખક પોરબંદરની એમ.ડી. સાયન્સ કોલેજમાં પ્રિન્સિપાલ છે.)